પૂ. અભયદેવ સૂરિરચિત—

સંસ્કૃત-ગુર્જર અનુવાદ સહિત—

# પંચ નિર્ગ્રન્થી પ્રકરણ.

પરમપૂજ્ય શાંતમૂર્તિ ચારિત્ર ચુડામણી તપોનિષ્ઠ—

**આચાર્યશ્રીમદ્ વિજય સિદ્ધિસુરીશ્વરજીની આજ્ઞાવર્તી**
**સાધ્વીશ્રી હીરશ્રીજીના ઉપદેશથી આર્થિક સહાયક**
**શા. નગીનદાસ ગરબડદાસ.**

પ્રકાશક અને અનુવાદક

**ગાંધી મફતલાલ ઝવેરચંદ**

ભઠ્ઠીની બારી અમદાવાદ.

પૂ. અભયદેવ સૂરિરચિત—

સંસ્કૃત-ગુર્જર અનુવાદ સહિત—

# પંચ નિર્ગ્રન્થી પ્રકરણ.

પરમ પૂજ્ય શાંતમૂર્તિ ચારિત્ર ચુડામણી તપોનિષ્ઠ—

**આચાર્ય શ્રીમદ્ વિજય સિદ્ધિસુરીશ્વરજીની આજ્ઞાવર્તી**

**સાધ્વીશ્રી હીરશ્રીજીના ઉપદેશથી આર્થિક સહાયક**

**શા. નગીનદાસ ગરબડદાસ.**


પ્રકાશક અને અનુવાદક

**ગાંધી મફતલાલ ઝવેરચંદ**

ભઠ્ઠીની બારી અમદાવાદ.



મુદ્રણસ્થાન : જૈન અભ્યુદય પ્રિન્ટીંગ પ્રેસ

રતનપોળ, ગોલવાડ—અમદાવાદ.

મુદ્રક : મફતલાલ ઝવેરચંદ ગાંધી.

## શ્રીમદ્ અભયદેવસૂરિવિરચિત પંચનિર્ગ્રન્થી પ્રકરણ
## ગુર્જર અનુવાદસહિત

# વિષયાનુક્રમણિકા


| વિષયાનુક્રમ | પૃષ્ઠ |
|---|---|
| અભિધેય તેમજ દ્વારોનું ટુંક સ્વરૂપ ... ... | ૧—૭ |
| પ્રજ્ઞાપનાદ્વાર ... ... ... ... ... | ૭–૪૫ |
| વેદદ્વાર ... ... ... ... ... | ૪૬–૪૯ |
| રાગદ્વાર ... ... ... ... ... | ૫૦ |
| કલ્પદ્વાર ... ... ... ... ... | ૫૧–૫૬ |
| સંયમ–ચારિત્રદ્વાર ... ... ... ... | ૫૭–૬૧ |
| પ્રતિસેવનાદ્વાર ... ... ... ... ... | ૬૧–૬૨ |
| જ્ઞાનદ્વાર ... ... ... ... ... | ૬૩–૬૯ |
| તીર્થદ્વાર ... ... ... ... ... | ૭૦–૭૧ |
| લિંગદ્વાર ... ... ... ... ... | ૭૨–૭૩ |
| શરીરદ્વાર ... ... ... ... ... | ૭૪–૭૭ |
| ક્ષેત્રદ્વાર ... ... ... ... ... | ૭૮–૭૯ |
| કાળદ્વાર ... ... ... ... ... | ૮૦–૮૮ |
| ગતિદ્વાર ... ... ... ... ... | ૮૯–૯૨ |
| સંયમદ્વાર ... ... ... ... ... | ૯૩–૯૪ |
| સંનિકર્ષદ્વાર ... ... ... ... ... | ૯૫–૧૦૪ |
| યોગદ્વાર ... ... ... ... ... | ૧૦૫–૧૦૬ |
| ઉપયોગદ્વાર ... ... ... ... ... | ૧૦૭ |

કષાયદ્વાર ... ... ... ... ...૧૦૮–૧૦૯

લેશ્યાદ્વાર ... ... ... ... ...૧૧૦–૧૧૧

પરિણામદ્વાર ... ... ... ... ...૧૧૨–૧૧૬

બંધદ્વાર ... ... ... ... ...૧૧૭–૧૧૯

વેદદ્વાર ... ... ... ... ...૧૧૯–૧૨૦

કર્મોદીરણદ્વાર ... ... ... ... ...૧૨૦–૧૨૨

ઉપસંપજ્જહનદ્વાર ... ... ... ...૧૨૩–૧૨૫

સંજ્ઞાદ્વાર ... ... ... ... ...૧૨૫–૧૨૬

આહારદ્વાર ... ... ... ... ...૧૨૭—

ભવદ્વાર ... ... ... ... ...૧૨૮

આકર્ષદ્વાર ... ... ... ... ...૧૨૯–૧૩૧

કાળદ્વાર ... ... ... ... ...૧૩૧–૧૩૩

અંતરદ્વાર ... ... ... ... ...૧૩૪–૧૩૬

સમુદ્ઘાતદ્વાર ... ... ... ... ...૧૩૬–૧૩૯

અવગાહનાદ્વાર ... ... ... ... ...૧૩૯–૧૪૦

સ્પર્શનાદ્વાર ... ... ... ... ...૧૪૧—

ભાવદ્વાર ... ... ... ... ...૧૪૨

પરિમાણદ્વાર ... ... ... ... ...૧૪૩–૧૪૬

અલ્પબહુત્વદ્વાર... ... ... ... ...૧૪૬–૧૪૮

## શ્રી સંક્રમકરણ—બન્ને ભાગ !

**તૈયાર છે !** **તાકીદે મંગાવો ! !**

કર્મસાહિત્યના અખંડ અભ્યાસી, પૂ. સિદ્ધાંત મહોદધિ મહામહોપાધ્યાય શ્રી પ્રેમવિજયજી ગણિવર વિરચિત—બન્ને ભાગો નિર્ણયસાગરી ટાઈપમાં પાકા ટકાઉ બાઇન્ડીંગ સાથે તૈયાર છે.

ભાગ ૧ લો કીં. ૧—૪—૦ પોસ્ટેજ ૦—૯—૬

ભાગ ૨ જો કીં. ૧—૪—૦ પોસ્ટેજ ૦—૮—૦

મળવાનું ઠેકાણું—

**જૈન પ્રવચન કાર્યાલય**

રતનપોળ : **અમદાવાદ,**

ઉપરના બન્ને ભાગ ખરીદનારને કર્મસિદ્ધિ નામનો ગ્રંથ ભેટ મળશે.

---

## જ્યાં જ્યાં જૈન વસે
## ત્યાં ત્યાં 'જૈન પ્રવચન' હોવુંજ જોઇએ
## — કારણ કે —
## તે ધર્મ સેવાના શુભાશયથીજ છે

—: લવાજમ :—

| | | | |
|---|---|---|---|
| હિન્દમાં | ... | ... | રૂા. ૩—૧૨—૦ |
| હિન્દ બહાર | ... | ... | રૂા. ૫—૮—૦ |

**આજેજ ગ્રાહક થાઓ**

:: નમૂનો તદ્દન મફત ::

લખો:—

**જૈન પ્રવચન કાર્યાલય**

રતનપોળ : : **અમદાવાદ.**

## કર્મસાહિત્યના અલભ્ય ગ્રન્થો !

તૈયાર થાય છે ! તાકીદે મંગાવો ! !

## શ્રી કર્મપ્રકૃતિ-(૧)

પૂ. શ્રીમલયગિરિજી, તેમજ પૂ. ઉપાધ્યાયજી કૃત ટીકા અને ચિરંતનાચાર્ય વિરચિત ચૂર્ણિ યુક્ત કે જેના સંશોધન કર્તા કર્મસાહિત્યના સમર્થવેત્તા, પૂ. સિ. મ. ઉપાધ્યાયદેવશ્રી પ્રેમવિજયજી મહારાજા છે.

## શ્રી પંચસંગ્રહ-(૨)

સ્વોપજ્ઞ ટીકા અને શ્રી મલયગિરીયા ટીકા અને કર્મ-પ્રકૃતિના અધિકારથી સંપૂર્ણ યંત્રોપૂર્વક પ્રકાશિત થશે.

**—ધ્યાનમાં રાખજો—**

આ બન્ને મોટા ગ્રંથો સારા નિર્ણયસાગરી ટાઇપમાં ઉંચા ટકાઉ કાગળ પર પાંચ છ ભાગમાં બહાર પડશે.

**દરેક ભાગની કિં. ૭-૦-૦ (અગાઉથી)**

લખો: **જૈન પ્રવચન કાર્યાલય**

રતનપોળ : **અમદાવાદ,**

---

## : : વાર્ષિક લવાજમ : :

**અમદાવાદ......રૂા. ૫—૦—૦**

**બહારગામ......રૂા. ૫—૯—૦**

**હિંદબહાર......રૂા. ૭—૮—૦**

**: : ટપાલ ખર્ચ સાથે : :**

દર વર્ષે ગ્રાહકોને એક દળદાર પુસ્તક ભેટ અપાય છે. જ્યાં જ્યાં જૈન વસે, ત્યાં ત્યાં વીરશાસન હોયજ, કારણ કે—ઘેર બેઠાં આખા સમાજની પ્રવૃત્તિથી વાકેફ થવાય છે !

વધુ જાણવા માટે લખો:—

શ્રી **વીરશાસન કાર્યાલય**

રતનપોળ, **અમદાવાદ.**

# પ્રસ્તાવના.

અનેક પ્રલોભનોથી ભરપુર આ સંસારમાં પ્રાયઃ માણસમાત્રની પ્રવૃત્તિ કોઇ ને કોઇ સંસારી સ્વાર્થ ને અનુલક્ષીનેજ થયા કરતી હોય છે. જગતમાં ગણાતા વ્હાલામાં વ્હાલા માતા પિતા પુત્ર સ્ત્રી વિગેરે સર્વ કુટુંબી જનોના રાગની પાછળ સ્વાર્થ હોયજ છે. તેમજ માનવો પ્રત્યે ઉત્પન્ન થતા શત્રુઓમાં પણ મુખ્ય ભાગે આ સ્વાર્થજ કારણ હોય છે. આ દૂન્યવી સ્વાર્થ અનેકવિધ પ્રપંચોથી પુષ્ટબની પ્રાણીને ગુણાભિમૂખ થતો પણ અટકાવે છે. અને અનેક પાપમય વ્યાપારોમાં રકત બનાવે છે. આ સ્વાર્થને પોષવા ખાતર પ્રાણી હિંસા કરેછે, જુઠું બોલેછે, ચોરી કરેછે. મૈથુન સેવે છે, અને અમાપપરિગ્રહને એકઠો કરેછે. ને તે આ પંચવિધ પાપપ્રવૃત્તિમાંથી સંસારી માત્ર છૂટી શકતો નથી તેમજ છૂટવા માટે પ્રયત્ન પણ કરતો નથી. આ ઉન્માર્ગગામિ પાંચે પ્રવૃત્તિઓને છોડનારા તે નિર્ગ્રન્થ છે તેમજ કોઈપણ પ્રાણી અનાભોગથી, દુઃખથી, જ્ઞાનથી કે બીજા કોઇપણ કારણદ્વારા સંસારથી ઉદ્વિગ્ન બને. અને તેને પોતાનું હિત કે ગુણોત્કર્ષ પ્રાપ્ત કરવો હોયતો તે આ પાંચ પ્રવૃત્તિ છોડયા સિવાય નજ કરી શકે.

આ પાંચ પાપ પ્રવૃત્તિને છોડનારા મહાત્માઓ તે પાપ પ્રવૃત્તિવાળા જગતની દ્રષ્ટિમાં ગણાતા ગમે તેવા સાધુ, સંત, દેશોદ્ધારક, દેશસેવક કે માહત્મા કરતાં સેંકડો ગુણઅત્યુત્તમ છે. તે નિસંશય છે.

આ નિર્ગ્રન્થના પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક એ પાંચ પ્રકાર છે. પુલાક પાંચ પાપપ્રવૃત્તિના નિષેધરૂપ મહાવ્રતોને સંપૂર્ણપણે સેવનાર હોયજ છે. છતાં પણ સંઘાદિકના પ્રબળ કાર્ય માટે તે કદાચ દૂષણ પણ લગાડી બેસે છે. બકુશ સંપૂર્ણપણે

વ્રતો પાળવામાં તત્પર હોયજ છે છતાં પણ પ્રમાદાદિકથી કોઇક્વાર ઉપકરણોને પણ વિભૂષાનિમિત્તે કરી મૂકે છે. કુશીલ ગૃહકુટુંબ વિગેરે સર્વ છોડી પૂર્ણપણે વ્રત પાળે છે, છતાં પ્રમાદાદિકથી જ્ઞાનાદિકનો ઉપયોગ પોતાના બાહ્ય ઉત્કર્ષમાટે કરી મુકવાથી પોતાના ચારિત્રને દૂષિત કરી મૂકે છે. નિર્ગ્રન્થ શત્રુ અને મિત્ર ઉપર સમદ્રષ્ટિવાળો હોવાથી રાગદ્વેષ રહિત હોય છે. સ્નાતક કેવળજ્ઞાનાદિ પ્રાપ્ત કરી કૃતકૃત્ય હોય છે. આ પાંચે પોત પોતાના આત્મગુણની પ્રાપ્તિ માટે ઉત્તરોત્તર વધુને વધુ પ્રયત્નશીલ હોય છે.

આ ગ્રંથમાં આ પાંચેનિર્ગ્રન્થને મૂળકેન્દ્રમાં રાખી તેના ઉપર વેદ-રાગ કષાય વિગેરે અનેકદ્વારોની ઘટના કરવામાં આવી છે અને અનેક પ્રકારે સંપૂર્ણ નિર્ગ્રન્થના સ્વરૂપનું વર્ણન બતાવવામાં આવેલ છે. આ નિર્ગ્રન્થ ઓછામાં ઓછા ગર્ભ અને જન્મથી આઠ વર્ષ પૂર્ણ થયા પછી દીક્ષા લેનારા હોય છે. અને તે ઉત્તરોત્તર ઉત્કૃષ્ટચારિત્ર પાળી જગતને પૂજનીય બને છે.

આ ગ્રંથના રચયિતા શ્રીમદ્ અભયદેવસૂરિ છે. અને જેમણે ભગવતીજીના પચીસમા શતકના છઠ્ઠા ઉદ્દેશાના સંગ્રહરૂપે એકસો છ ગાથા પ્રમાણ આ નિર્ગ્રન્થીપ્રકરણ બનાવેલ છે. તેઓ વિક્રમ સંવત અગિઆરસોના ઉત્તરાર્દ્ધમાં અને બારસોના પૂર્વાર્દ્ધમાં થયેલા છે તેઓની અનેક ગ્રંથ ઉપર બનાવેલી અનેક ટીકાઓ આજે મોજુદ છે. છતાં તેઓના જીવનસંબંધી વધુ જાણનારાઓએ પ્રભાવક ચરિત્ર આદિ ગ્રંથો જોઇ લેવા. એજ તાઃ ૧૧-૯-૩૪

ગાંધી મફતલાલ ઝવેરચંદ. અમદાવાદ.

# બે બોલ.

શ્રીમદ્ અભયદેવસૂરિરચિત પંચનિર્ગ્રન્થી પ્રકરણનું સરલ અને સ્પષ્ટ વિવેચન તૈયાર કરાવવાની ઇચ્છા **તપોનિષ્ઠ શાંતમૂર્તિ પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય સિદ્ધિસુરીશ્વરજીની આજ્ઞાવર્તી સાધ્વી શ્રી હીરશ્રીજીની** ઘણા વર્ષોથી હતી. પરંતુ કેટલાક સાધનોની પ્રતિકુળતાને લઇને તે કાર્ય કરાવવાની ઇચ્છા પાર પડી શકી ન હોતી. તેજપ્રમાણે આ વર્ષે પણ તેમણે તેનું સરળ અને સ્પષ્ટ વિવેચન તૈયાર કરાવી આપવાનું **શાંતમૂર્તિ આચાર્યવર્યશ્રીમદ્ દાનસુરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પં. જંબુવિજયજી મહારાજને** વિનંતિ કરી, ને તેમણે તે ઉપયોગી કાર્ય જલદી સરસ અને સારીરીતે પારપડે તે આશયથી તેમણે મને સોંપ્યું. પણ કાર્યની બહુ-લતાને લઇને ઘણા અચોક્કસ વખતમાં તેઓશ્રીની વારંવાર પ્રેરણાથી આ પુસ્તક આટલા વિલંબે પણ આ ગ્રન્થના ભાવને અનુસરનારા નિર્ગ્રન્થોના ચરણકમળમાં મુકી શકવા ભાગ્યશાળી થયો છું.

તેમજ આ ગ્રન્થમાં દાખલા કરવામાં આવેલ મૂળગાથાઓ, તેનો સંસ્કૃત અનુવાદ ગુજરાતી અનુવાદ અને વિવેચન વિગેરે સર્વ તૈયારી કરી **શાંતમૂર્તિ આચાર્ય વર્ય શ્રીમદ્ વિજય દાનસૂરી-શ્વરજીના શિષ્ય શાંતમૂર્તિ ચારિત્ર ચૂડામણી ઉપાધ્યાય પ્રેમવિજયજી મહારાજને** બતાવવામાં આવેલ છે. આથી આ ગ્રન્થમાં જે કાંઇ સુંદરતા આવી હોય તે તેઓને આભારી છે.

તદુપરાંત આ ગ્રંથનું પ્રકાશન કાર્ય કરવામાં **સાધ્વી શ્રી હીર-શ્રીજીના ઉપદેશથી આર્થીક સહાય કરનાર છાણીના શેઠ નગીનદાસ ગરબડદાસ** છે આથી તે સર્વનો હું આભાર માનું છું.

આ પુસ્તકને જેટલી બની તેટલી સાવચેતીથી સરસ બનાવવા યથાશક્તિ પ્રયત્ન કર્યો છે, છતાં પ્રમાદ, અજ્ઞાનતા, પ્રેસદોષ કે દ્રષ્ટિ દોષને લઇને અશુદ્ધિઓ, પિષ્ટપેષણ કે અસ્પષ્ટતા વિગેરે દોષો રહેવા પામ્યા હોય તે સર્વની સજ્જનો જરૂર ક્ષમા આપશે.

એજ તા. ૧૧-૯-૩૪

**ગાંધી મફતલાલ ઝવેરચંદ.** ભઠ્ઠીની બારી—**અમદાવાદ.**

# ॐ अर्हम्

ગુર્જર અનુવાદ સહિત.

## શ્રીમદ્ અભયદેવસૂરિ રચિત

# પંચ નિર્ગ્રન્થી પ્રકરણ

**पन्नवण-वेय-रागे, कप्प-चरित्त-पडिसेवणा-नाणे**
**तित्थे-लिंग-शरीरे-खित्ते काल-गइ-संजम-निगासे**
**॥ १ ॥**

**जोगु-वओग-कसाए, लेसा-परिणाम-बंधणे-वेए**
**कम्मोदीरण उवसंपजहण सन्ना य आहारे ॥२॥**

**भव-आगरिसे-कालं-तरेय-समुग्घाय खित्त फुसणा य**
**भावे परिमाणं खलु-अप्पाबहुयं नियंठाणं ॥ ३ ॥**

---

૧. આ ગ્રંથ ભગવતી સૂત્રના પચીસમા શતકના છઠ્ઠા ઉદ્દેસાના સંગ્રહરૂપે છે. દ્વારોને સૂચવનારી શરૂઆતની આ ત્રણ ગાથાઓ ભગવતીસૂત્ર પ્રમાણેજ છે. પરંતુ પછીની ગાથાઓ ભગવતીના છઠ્ઠા ઉદ્દેશાના અર્થને અનુસરીને રચાયેલ છે.

## સંસ્કૃત અનુવાદ.

प्रज्ञपन वेदराग–कल्प–प्रतिसेवना ज्ञानं
तीर्थं लिङ्गशरीरे क्षेत्रं कालं च गति–संयम–निकर्षं ॥१॥
योगोपयोगकषाय–लेश्या–परिणाम--बन्ध–वेदं च
कर्मोदीरणमुपसंपज्जहण संज्ञा च आहारं ॥ २ ॥
भव--आकर्षः कालान्तरं च समुद्‌घात क्षेत्रस्पर्शनं च
भावे परिमाणं खलु अल्पबहुत्वं निर्ग्रन्थानां ॥ ३ ॥

**અર્થ**–પ્રજ્ઞાપનાદ્વાર ૧ વેદદ્વાર ૨ કલ્પદ્વાર ૩ ચારિત્ર-દ્વાર ૪ પ્રતિસેવનાદ્વાર ૫ જ્ઞાનદ્વાર ૬ તીર્થદ્વાર ૭ લિંગદ્વાર ૮ શરીરદ્વાર ૯ ક્ષેત્રદ્વાર ૧૦ કાળદ્વાર ૧૧ ગતિદ્વાર ૧૨ સંયમદ્વાર ૧૩ નિકર્ષદ્વાર ૧૪ યોગદ્વાર ૧૫ ઉપયોગદ્વાર ૧૬ કષાયદ્વાર ૧૭ લેશ્યાદ્વાર ૧૮ પરિણામદ્વાર ૧૯ બન્ધ-દ્વાર ૨૦ વેદદ્વાર ૨૧ કર્મોદીરણદ્વાર ૨૨ ઉપસંપદ્ધાન–અંગીકાર ને ત્યાગદ્વાર ૨૩ સંજ્ઞાદ્વાર ૨૪ આહારદ્વાર ૨૫ ભવદ્વાર ૨૬ આંકર્ષદ્વાર ૨૭ કાળદ્વાર ૨૮ અન્તરદ્વાર ૨૯ સમુદ્‌ઘાત-દ્વાર ૩૦ ક્ષેત્રદ્વાર ૩૧ સ્પર્શનાદ્વાર ૩૨ ભાવદ્વાર ૩૩ પરિમાણદ્વાર ૩૪ અલ્પબહુત્વદ્વાર ૩૫ આ પ્રમાણેના છત્રીસદ્વારોની નિર્ગંથોને અનુસરીને ઘટના કરશે.

**પ્રજ્ઞાપના**–સંશય, અજ્ઞાન કે અપૂર્ણતા ન રહે તેવી રીતે પદાર્થનું લક્ષણ અને ભેદદ્વારા સ્વરૂપ બતાવવામાં આવે તેને પ્રજ્ઞાપના કહે છે. અહિં આ પ્રજ્ઞાપના દ્વારથી પાંચ નિર્ગન્થોનું સ્વરૂપ અને તેના ભેદો બતાવવાના છે.

**વેદ**-એટલે અભિલાષા ઇચ્છા કામભોગની વાંછા વિગેરે. અને તે પુરૂષવેદ, સ્ત્રીવેદ નપુંસકવેદ ત્રિગેરે ભેદે કરીને ત્રણ પ્રકારે છે.

**રાગ**-ચેતન યા જડ વસ્તુમાં થનારી આસક્તિ તેને રાગ કહેવામાં આવે છે. અને તે કામરાગ સ્નેહુરાગ અને દૃષ્ટિરાગ વિગેરે છે.

**કલ્પ**-સાધુજીવનને પુષ્ટ કરે તેવી રીતે દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવને અનુસરતો આચાર તેને કલ્પ કહે છે. અને તે જિનકલ્પ સ્થવિરકલ્પ એ રીતે બે ભેદે છે.

**ચરિત્ર**-ઇન્દ્રિયોને કાબુમાં રાખી ઉત્તરોત્તર ગુણ પ્રાપ્ત કરાવે તે સંયમ. અને તે પાંચ પ્રકારે છે.

**પ્રતિસેવના**-સંયમ જીવનને દૂષિત કરે તેવા આચારને પ્રતિસેવના કહે છે. તેનું બીજું નામ વિરાધના છે. અને તે સહસાકાર અનાભોગ વિગેરે ભેદે કરીને દશપ્રકારે છે.

**જ્ઞાન**-પદાર્થ માત્ર સામાન્ય અને વિશેષસ્વરૂપ છે. તેમાં પદાર્થના વિશેષનો મૂખ્યપણે જેમાં બોધ થાય તેને જ્ઞાન કહે છે. ને તે મતિજ્ઞાન વિગેરે છે.

**તીર્થ**-સંસારમાંથી તારે તે તીર્થ છે. અને તે તીર્થ તીર્થંકર મહારાજો પ્રવર્તાવે છે. એટલે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘ અને દ્વાદશાંગી તે તીર્થ ગણાય છે.

**લિંગ**-જેનાથી વસ્તુ ઓળખાય તેને તે વસ્તુનું લિંગ કહેવામાં આવે છે. ને તે સાધુવેષ વિગેરે છે.

**શરીર**-નાશ પામે તે શરીર, દેહ વિગેરે અને તે ઔદારિક વૈક્રિય આહારક તૈજસ કાર્મણ વિગેરે ભેદે કરીને પાંચ પ્રકારે છે.

**ક્ષેત્ર**-ક્ષેત્ર એટલે સ્થાન. અને તે કર્મભૂમિ અકર્મભૂમિ એ રીતે બે ભેદે છે.

**કાળ**-બાળ, યુવાન, વૃદ્ધ, ઋતુ વિગેરે પરિણામોને ઉત્પન્ન કરનાર દ્રવ્ય તે કાળદ્રવ્ય છે. અર્થાત્ વર્તના પરિણામ ક્રિયા પરત્વાપરત્વ તે કાળ દ્રવ્યનો ઉપકાર છે, અને તે માસ વર્ષ પલ્યોપમ ઉત્સર્પિણી અવસર્પિણી વિગેરે ભેદોવાળું છે.

**ગતિ**-જે કર્મના ઉદયથી દેવ નારક મનુષ્ય તિર્યંચ વિગેરે અવસ્થા પ્રાપ્ત થાય તેને ગતિ કહે છે, અને તે દેવ-ગતિ નરકગતિ વિગેરે ભેદે છે.

**સ્થિતિ**-પુલાક વિગેરે ચારિત્રોમાં પલ્યોપમ પૃથકત્વ વિગેરે કાળ માનનું નિયમન કરવું તેને સ્થિતિ કહે છે.

**નિકર્ષ**-પાંચે નિર્ગ્રંથોનો પોતપોતાના સ્થાનની અપેક્ષાએ અને પરસ્થાનની અપેક્ષાએ ઓછા વધારે કે તુલ્ય-પણાનો વિચાર કરવામાં આવે તેને નિકર્ષ કહે છે.

**યોગ**-યોગ વીર્ય પરાક્રમ બળ વિગેરે યોગના પર્યાય વાચક શબ્દો છે. જેની દ્વારા જીવ હલન ચલન વિગેરે કાર્ય કરી શકે તેને યોગ કહે છે. અને તે યોગ મૂલભેદની અપેક્ષાઓ ત્રણ ભેદે અને ઉત્તરભેદની અપેક્ષાએ પંદર પ્રકારનો છે.

**ઉપયોગ**-જ્ઞાન અને દર્શનને આત્મા પદાર્થના સ્વરૂપ જાણવા માટે જોડે તેને ઉપયોગ કહે છે અને તે સાકાર અને નિરાકાર એ રીતે બે પ્રકારે છે.

**કષાય**-કષ-સંસાર આય-લાભ જેનાથી સંસાર વધે તેને કષાય કહેવામાં આવે છે. અને તે સંજ્વલન વિગેરે છે.

**પરિણામ**-પરિણામ એટલે અધ્યવસાય વિચાર પરિણુતિ. પદાર્થ પ્રત્યેની સદ્અસદ્ વિચાર પરિણુતિ તેને અધ્યવસાય કહેવામાં આવે છે. આ અધ્યવસાય પણ વર્દ્ધમાન હીયમાન અને અવસ્થિત ભેદે કરીને ત્રણ પ્રકારે છે.

**કર્મબન્ધ**-જીવની સાથે કર્મોનો ક્ષીરનીરની પેઠે સંબંધ થવો તેને બંધ કહે છે.

**ઉદય**-જીવની સાથે બંધાયેલા કર્મોનો સ્થિતિનો પરિપાક થયે અનુભવ થવો તેને ઉદય કહે છે.

**ઉદીરણા**-બંધાયેલ કર્મોની સ્થિતિનો પરીપાક થયા પહેલાં કર્મોનો અનુભવ કરવામાં આવે તેને ઉદીરણા કહેવામાં આવે છે.

**ઉપસંપજ્જહણ**-પુલાકાદિક ચારિત્રની પ્રાપ્તિ તને ઉપસંપત કહેવામાં આવે છે. અને તેનો ત્યાગ કરવો તેને હાન કહે છે. એટલે પુલાકને છોડીને કષાયકુશીલાદિને પામે તે.

**સંજ્ઞા**-વારંવાર ભવોભવના અભ્યાસથી જે ક્રિયા જીવમાં સ્હેજે ઉત્પન્ન થાય તેને સંજ્ઞા કહે છે. અને તે આહાર-ભય-પરિગ્રહ-મૈથુન-ક્રોધ-માન-માયા- લોભ -લોક-અને ઓઘ સંજ્ઞા એ રીતે દશ પ્રકારે છે.

**આહાર**-જેને જીવ ગ્રહણ કરે તે આહાર.

**ભવ**–ભવ એટલે સંસાર. એટલે નિર્ગ્રંથ કેટલા ભવ કરે તે.

**આકર્ષણદ્વાર**–કયો નિર્ગ્રંથ એક ભવમાં તથા ઘણા ભવમાં તે તે અવસ્થાને ત્યાંથી પડીને કેટલી વખત પામે.

**કાળદ્વાર**–તે તે નિર્ગ્રંથપણામાં કેટલો કાળ તે.

**અંતરદ્વાર**–આંતરૂં. એકવાર નિર્ગ્રંથપણું પામ્યા પછી ફરીવાર નિર્ગ્રંથપણું પામે તેમાં જે વ્યવધાન રહે તેને અંતર કહે છે, આ અંતર એક જીવ આશ્રયીને અને ઘણા જીવ આશ્રયીને એ રીતે બે પ્રકારે છે.

**સમુદ્ઘાત**–જે અવસ્થામાં આત્મા વેદનાદિકની સાથે એક-મેક થઇને ઘણા કર્મોનો નાશ કરે તેને સમુદ્ઘાત કહે છે. અને તે વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવળી એમ સાત પ્રકારે છે.

**ક્ષેત્રદ્વાર**–નિર્ગ્રંથો પૈકી કયા કયા નિર્ગ્રંથ ભેદને કેટલી કેટલી અવગાહના હોય તેને ક્ષેત્રાવગાહના કહે છે.

**સ્પર્શનાદ્વાર**–કયા કયા નિર્ગ્રન્થોને કેટલી કેટલી સ્પર્શના હોય છે તે સ્પર્શના.

**ભવદ્વાર**–ભાવ એટલે પરિણામ, તદરૂપ થવું વિગેરે. ને તે ભાવ પાંચ પ્રકારે છે. ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપ-શમિક, ઔદયિક અને પરિણામિક.

**પરિમાણદ્વાર**–પરિમાણ એટલે સંખ્યા, માપ, ગણતરી, વિગેરે. ને આ નિર્ગ્રન્થોની ગણત્રી પણ બે પ્રકારે થઇ શકે છે. ૧ નિર્ગ્રન્થપણાને પામેલા જીવોની ગણત્રી ૨ અને નિર્ગ્રંથપણાને સમયે સમયે પામતા જીવોની ગણત્રી.

**અલ્પબહુત્વ**-પરસ્પર ન્યુનાધિકપણું. નિર્ગ્રંથના ભેદો પૈકી કયો ભેદ કોનાથી ન્યુનાધિક છે તે જણાવવું તેને અલ્પબહુત્વ કહે છે.

# ૧ પ્રરૂપણા દ્વાર

## નિર્ગ્રન્થોના પ્રકાર :

**पंच नियंठा भणिया, पुलाय बउसा कुसील निग्गंथा।**
**होइ सिणाओ य तहा, इक्किको सो भवे दुविहो ॥४॥**

### સંસ્કૃત અનુવાદ.

**पञ्च निर्ग्रन्थाः भणिताः, पुलाकबकुसकुशीलनिर्ग्रन्थाः**
**भवति स्नातकश्च तथा, एकैको सः भवेत् द्विविधः ॥४॥**

**અર્થ**-નિર્ગ્રન્થો પાંચ પ્રકારે કહ્યા છે. ૧ પુલાક ૨ બકુશ ૩ કુશીલ ૪ નિર્ગ્રન્થ અને ૫ સ્નાતક, અને તે દરેકના બે બે ભેદ છે.

**વિશેષાર્થ**-નિર્ગ્રન્થ, સાધુ, મુનિ, યતિ, સંયમી વિગેરે સર્વ શબ્દો એક અર્થવાળા છે. અને તે દરેક શબ્દ સંયમવાળા મુનિઓને માટે યોજાય છે.

ગ્રન્થ એટલે ગુંથાવું, ગુંચાવું. પ્રાણીમાત્રને સંસારમાં ગુંથનાર જો કોઇ અભ્યંતર કારણ હોય તો તે મિથ્યાત્વ ને રાગદ્વેષ વિગેરે છે, કે જે મિથ્યાત્વ શુદ્ધદેવ, શુદ્ધગુરૂ અને શુદ્ધધર્મનો સંયોગ પ્રાપ્ત થયા છતાં તેની પ્રત્યે શ્રદ્ધા પરિણુતિ કે આદર

ઉત્પન્ન નથી કરાવી શકતું. અને જે રાગદ્વેષો અનેક જાતના મિત્ર શત્રુઓ પ્રત્યે આર્દ્ર રૌદ્ર ધ્યાન ઉત્પન્ન કરાવી પ્રાણીને સંસારમાં ગુંચવે છે. તેમજ પ્રાણીને સંસારમાં ગુંચવનારા સ્ત્રી પુત્ર ધન વિગેરે પદાર્થો પણ કારણરૂપે છે. કે જેનાથી ભાવગ્રન્થ ઉત્પન્ન થઈ પ્રાણીને સંસારમાં રઝળવું પડે છે.

આ મિથ્યાત્વને રાગદ્વેષરૂપ ભાવ ગ્રન્થ અને ધન સ્ત્રી સ્વજન વિગેરે દ્રવ્યગ્રન્થને છોડી કેવળ આત્મોન્નતિ પ્રત્યે કટીબદ્ધ થનાર તે નિર્ગ્રન્થ છે. આ નિર્ગ્રન્થપણામાં જ્ઞાન દર્શન અને ચારિત્ર પરિણામ મુખ્ય હોય છે. તે પરિણામની તરતમતાના સદ્‌ભાવેજ નિર્ગ્રન્થના પેટા ભેદો પણ નિર્ગ્રન્થ કહી શકાય છે. જે નિર્ગ્રન્થમુનિ પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને અસ્ખલિત જીવનમાં ઓતપ્રોત કરનાર હોય છે ને જેમના દર્શન માત્રથી સામાન્ય જનસમાજ બોધિબીજ પામી સંસારમાંથી ગુંચવાતો અટકે છે.

## પુલાકનું સ્વરૂપ અને ભેદ.

**धन्नमसारं भन्नइ पुलाय सद्देण तेण जस्स समं**
**चरणं सो उ पुलाओ लद्धीसेवाहिं सो य दुहा।**

### સંસ્કૃત અનુવાદ.

धान्यमसारं भण्यते, पुलाकशब्देन तेन यस्य समं
चरणं स तु पुलाकः, लब्धिसेवाभ्यां स च द्विधा।

અર્થ-પૂલાક શબ્દવડે અસાર ધાન્ય પૂળો વિગેરે કહેવાય છે. તેથી તે અસાર ધાન્ય સરખું જે ચારિત્ર તે પુલાક ચારિત્ર, અને તે લબ્ધિ અને પ્રતિસેવનાવડે કરીને બે પ્રકારે છે.

વિશેષાર્થ-પુલાક શબ્દનો અર્થ અસારધાન્ય પૂળો વગેરે કહેવાય છે. જેમ અસાર ધાન્યમાં નહિ જેવું સત્ત્વ હોય તેમ જે ચારિત્રીનું ચારિત્ર દોષે કરી મલિન હોય તે પુલાક કહેવાય છે. તેમજ જે પ્રાણીની વિશુદ્ધ અધ્યવસાય પરિણુતિ અને અશુભ અધ્યવસાય પરિણુતિ કોઇને કોઇ આલંબન કે સંસર્ગદ્વારા થઈ હોય પરંતુ રીતસર જ્ઞાનદર્શનચારિત્રના પરિણામ પુર્વક ન હોય તો તે ચિરસ્થાયી બની શકતી નથી. તેવીજ રીતે નિર્ગ્રન્થ બાહ્ય અને આભ્યન્તર ગ્રન્થને છોડવા માટે તૈયાર થયેલ હોવા છતાં જ્ઞાનદર્શન અને ચારિત્રના પરિણામમાં મંદ ઉત્સાહવાળો થવાથી ચમત્કારિક વસ્તુઓ પ્રત્યે આકર્ષાઇ અપુર્વલબ્ધિ-વિગેરે ધર્મોન્નતિસાથે લોકમાં બહુમાન વધારવા જતાં પોતાના ચારિત્રને મલીન કરી નિઃસાર બનાવે છે ને તેજ આ પુલાકચારિત્ર છે. છતાં એટલું ધ્યાન રાખવુ જોઇએ કે આ ચારિત્રી પોતાનું ચારિત્ર મલિન કરે છતાં તે સંઘોન્નતિ અને ધર્મપ્રભાવના માટે હંમેશાં ઉદ્યત હોયછે. આ પુલાક ચારિત્રના લબ્ધિપુલાક અને પ્રતિસેવનાપુલાક એ રીતે બે ભેદ છે.

## લબ્ધિપુલાકનું સ્વરૂપ.

संघाइयाण कज्जे, चुन्निज्जा चक्कवट्टिमवि जीए
तीए लद्धिए जुओ, लद्धिपुलाओ मुणेयव्वो ॥७॥

### સંસ્કૃત અનુવાદ.

सङ्घादिकानां कार्ये, चुर्णयति चक्रवर्तिनमपि यया
तया लब्ध्या युक्तो, लब्धिपुलाको ज्ञातव्यः ॥७॥

**અર્થ:**–સંઘાદિકના કાર્યમાટે ચક્રવર્તીને પણ જે લબ્ધિવડે ચુરી નાંખે તે લબ્ધિવડે યુક્ત તે લબ્ધિપુલાક જાણવો.

**વિશેષાર્થ**–જે પુલાક ચારિત્રી અનેકવિધ તપશ્ચર્યાઓ કરી અનેક લબ્ધિ મેળવે તે લબ્ધિ પુલાક જાણવો. અને તે લબ્ધિનો ઉપયોગ સંઘાદિકનું કાર્ય હોય તો સામાન્ય રાજા આમાત્ય નહિં પરંતુ ચક્રવર્તિ જેવા પણ જો સંઘનું વિરૂપ કરવા તૈયાર થયા હોય તો તેને પણ ચુરી નાંખે છે. પરંતુ આ ચારત્રીને સંયમ સ્થાનોમાં જ આગળને આગળ વધવાની અને પોતાના આત્મવિકાસ સાધવા જેટલી તીવ્રતા નથી હોતી. કારણકે લબ્ધિ વિગેરેની પ્રાપ્તિનો ઉપયોગ તે પણ સંયમ સ્થાનોમાં રહેલો તે ચારિત્રનો પ્રમાદ સૂચવે છે.

આસેવના પુલાકના ભેદો.

**आसेवणा पुलाओ, पंचविहो नाणदंसणचरित्ते**
**लिंगंमि अहासुहूमे य, होइ आसेवणा निरओ ॥८॥**

સંસ્કૃત અનુવાદ.

आसेवना पुलाकः, पंचविधः ज्ञानदर्शनचारित्रे
लिङ्गे यथासूक्ष्मे च, भवति आसेवनानिरतः ॥ ९ ॥

**અર્થ**-આસેવના પુલાક પાંચ પ્રકારે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિંગ અને યથાસૂક્ષ્મ તે આસેવનામાં રક્ત છે.

**વિશેષાર્થ**-આસેવનાપુલાકના પાંચ ભેદ છે જ્ઞાન આસેવના, દર્શનઆસેવના, ચારિત્ર આસેવના, લિંગ આસેવના અને યથાસૂક્ષ્મઆસેવના. અહિં કેટલાક આચાર્યોના મત પ્રમાણે લબ્ધિ પુલાક એ જ્ઞાનપુલાકમાં અન્તર્ગત થઇ જાય છે, કારણકે લબ્ધિ આદિ શક્તિઓની પ્રાપ્તિઓનો પણ જ્ઞાનમાં સમાવેશ થાય છે. ત્યારે ગ્રંથકારના મતે જ્ઞાનવિરાધનામાં અકાળે ભણવું, ત્રુટિતરીતે ભણવું, સ્વપરદર્શનનું શંકર કરવું વિગેરે છે. તે લબ્ધિપુલાકમાં ન હોવાથી લબ્ધિ-પુલાક તે જ્ઞાનપુલાક કરતાં અતિરિક્ત માનવો જોઇએ. તેથી અહિં લબ્ધિપુલાક અને જ્ઞાન આસેવના પુલાક જુદા જુદા સ્વીકાર્યા છે.

જ્ઞાનાદિ વિરાધનાનું સ્વરૂપ—

**नाणदंसणचरणे, इसीसि विराहियं असारो जो**
**सो नाणाइ पुलाओ, भन्नइ नाणाइ जं सारो.**

## સંસ્કૃત અનુવાદ.

**ज्ञानदर्शनचरणे इषदीषद्विराधयन् असारो यः**
**सो ज्ञानादिपुलाकः भण्यते ज्ञानादि यं सारं ।**

**અર્થ**–જ્ઞાનદર્શન અને ચારિત્રનેવિષે થોડી થોડી વિરાધના થવાથી જે અસર થાય તે જ્ઞાનાદિપુલાક. કારણકે જ્ઞાનાદિ એ સાર કહેવાય છે.

**વિશેષાર્થ**–આરાધના એ તે તે વસ્તુને દીપાવી તેના સેવનારને યથાયોગ્ય ફળ આપે છે અને વિરાધના તે તે વસ્તુને મલીન કરી તેના સેવનારને દુઃખી બનાવે છે. જેમકે જ્ઞાન દર્શન અને ચારિત્રાદિકની રીતસરની આરાધના પ્રાણીને જ્યાંસુધી મોક્ષપ્રાપ્તિ થાય ત્યાંસુધી ભવોભવ તે પ્રાપ્ત થઈ માણસના જીવનવિકાસ પ્રત્યે આગળને આગળ વધારે છે. અને જ્ઞાનાદિકની કરેલી વિરાધના તેને ભવોભવ પુષ્ટકારણ ન મળે ત્યાં સુધી જ્ઞાનાદિકથી દૂરને દૂર વધુ રાખે છે. એટલે આ ભવમાં કરેલી જ્ઞાનની આરાધના પરભવમાં જ્ઞાનપ્રત્યે બહુમાન તેની પ્રાપ્તિ અને તેનું ફળ રીતસર પરભવમાં વિશેષને વિશેષ બતાવે છે. જ્યારે આ ભવમાં કરેલી તેની વિરાધના તે પરભવમાં બોબડા, બહેરા, જ્ઞાનપ્રત્યે અણગમો, તેની પ્રાપ્તિના સંયોગોનો અભાવ વિગેરે પ્રકારોવડે જ્ઞાનથી પ્રાણીને દૂરજ રાખેછે.

જ્ઞાનને વિષે લગારેક વિરાધના કરે તે જ્ઞાન પુલાક, દર્શને વિષે સહેજ વિરાધના કરે તે દર્શનપુલાક, ચારિત્રને વિષે સહેજ વિરાધના કરે

તે ચારિત્રપુલાક, લિંગમાં સહેજ વિરાધના કરે તે લિંગપુલાક અને યથાસૂક્ષ્મમાં સહેજ વિરાધના કરે તે યથાસૂક્ષ્મપુલાક.

આ પુલાકચારિત્રી જ્ઞાનાદિકની સહેજ જે વિરાધના કરે છે તે પ્રમાદાદિ દોષોને લઈને છે માટે કરીને જ દરેક જગ્યાએ 'થોડી વિરાધના' એ શબ્દ જણાવેલ છે. પરંતુ જો વિરાધનાબુદ્ધિએ વિરાધના હોય કે તેની આરાધના પ્રત્યે દુર્લક્ષ્ય હોવાથી થતી વિરાધના હોત તો સહેજ વિરાધના ન કહેવાત. પરંતુ આ ચારિત્રી તો હંમેશાં ઉપયોગવંત હોવાં છતાં થઈ જતી વિરાધના તે તેની સહેજ વિરાધના છે.

### હવે જ્ઞાનાદિકને વિષે થતી ઈષદ્ વિરાધનાનો નિર્દેશ કરે છે.

**खलियाइदूषणेहिं नाणं, संकाइएहिं सम्मत्तं**
**मुलुत्तरगुणपडिसेवणाइ, चरणं विराहइ ॥ १० ॥**
**लिंगपुलाओ अन्नं, निक्कारणओ करेइ जो लिङ्गं**
**मणसा अकप्पिआणं, निसेवओ होइ अहसुहुमो ॥ ११**

### સંસ્કૃત અનુવાદ.

स्खलितादिदूषणैर्ज्ञानं, शङ्कादिभिः सम्यक्त्वं
मुलोत्तरगुणप्रतिसेवनया, चरणं विराधयति ॥ १० ॥
लिङ्गपुलाको अन्यं, निष्कारणतः करोति यः लिङ्गं
मनसा अकल्प्यानां निषेवको भवति यथासूक्ष्मः ॥ ११ ॥

**અર્થ**-સ્ખલિતાદિ દૂષણોવડે કરીને જ્ઞાન, શંકાદિવડે કરીને સમ્યકૃત્વ, મૂલ અને ઉત્તરગુણની પ્રતિસેવનાવડે કરીને ચારિત્ર વિરાધે છે. ૯

કારણ વિના જે અન્યલિંગને ધારણ કરે તે લિંગપુલાક. મનથી જે અકલ્પ્ય વસ્તુઓનો સેવનાર તે યથાસૂક્ષ્મ જાણવો. ૧૦

**વિશેષાર્થ**-અસ્ખલિત, અમીલિત, વ્યત્યાસ્રોડિત, પ્રતિપુર્ણ ને પ્રતિપૂર્ણઘોષપુર્વક તૈયાર થયેલ એ રીતસરનું જ્ઞાન છે. તેમાં જે કાંઇ ન્યુનતા રહે તે વિરાધના જાણવી. આવી સહેજ વિરાધના જે ચારિત્રમાં રહે તે ચરિત્ર ચારિત્રપુલાક જાણવું.

**દર્શન**-શુદ્ધદેવ, શુદ્ધગુરૂ અને શુદ્ધધર્મ તે ઉપર અચળ-શ્રદ્ધા તે સમકત્વદર્શન. તેમાં શંકા, આકાંક્ષા વિતિગિચ્છા, મિથ્યાત્વીની પ્રશંસા અને મિથ્યાત્વીનો પરિચય તે દર્શનના પાંચ દૂષણો છે.

**શંકા**-અરિહંત પરમાત્માના પ્રરૂપેલા ધર્મને વિષે સદેહ બુદ્ધિ રાખવી તે શંકા તેના પણ બે ભેદ છે. એક દેશથકી શંકા અને બીજી સર્વથી શંકા, દેશશંકા એને કહેવામાં આવે છે કે જિનેશ્વર પ્રરૂપિત સર્વ પદાર્થોની અવિચળ શ્રદ્ધા રાખે, પરંતુ કોઇ કોઇ સ્થળે શંકા ઉત્પન્ન થઈ આવે, જેમકે જીવ છે એ તો સત્ય, પરંતુ સપ્રદેશી કે અપ્રદેશી? સર્વગત કે અસર્વગત? વિગેરે એકાદ અંશમાં શંકા રાખવી તે દેશશંકા. સર્વવસ્તુની શંકા તેતો આ ચારિત્રીને મજ હોય.

**આકાંક્ષા**-પરદર્શનીની કોઇક આકર્ષે તેવી વસ્તુ દેખી તેની પ્રત્યે ઇચ્છા થાય તે આકાંક્ષા, તેના પણ દેશઆ-કાંક્ષા અને સર્વઆકાંક્ષા એ બે ભેદ છે. કોઈ એકાદ દર્શન સંબંધી કોઇએક વસ્તુ દેખી સ્હેજ આકાંક્ષા થાય તે દેશઆકાંક્ષા, પણ સર્વ પાંખડી-ધર્મોમાં આકાંક્ષા તે સર્વઆકાંક્ષા. જેમકે બૌદ્ધધર્મ સારો છે કારણકે તેમાં કષ્ટ કરવાનું કહ્યું નથી આ દેશઆકાંક્ષા જાણવી. અન્ય ધર્મોમાં 'વિષયસુખ ભોગવનાર પરભવમાં પણ સુખ ભોગવે છે માટે એ ધર્મો પણ કેવા સારા છે.' આ સર્વઆકાંક્ષા. આમાં પુલાકને દેશઆકાંક્ષા સ્હેજ થાય પણ સર્વ આકાંક્ષા તો તેને નજ હોય.

**વિચિકિત્સા**-કરેલી ક્રિયા પ્રત્યે દેશથી અને સર્વથી સંદેહ રાખવો તેથી તે બન્ને પ્રકારની વિચિકત્સા દૂષણરૂપે સમ્યકત્વમાં છે.

**મિથ્યાત્વીની પ્રશંસા**-અતીત અનાગત અને ભાવિ અન્યલિંગીઓની પ્રશંસા કરવી તે પ્રશંસાદોષ તેના પણ દેશ અને સર્વથકી એ રીતે બે ભેદ છે. તેમાં સર્વ દર્શનોને સત્યમાની તે સર્વની પ્રશંસા કરવી તે સર્વ પ્રશંસા. અને કોઇ એકાદ દર્શનમાંથી કોઇ એકાદ વચન સારૂં દેખી સહેજ પ્રશંસા કરે તે દેશપ્રશંસા. પુલાકને દેશપ્રશંસા હોય સર્વપ્રશંસા નજ હોય.

**મિથ્યાદૃષ્ટિનો પરિચય**-મિથ્યાત્વીની સાથે વાતચિત, પરિચય વિગેરે કરવાથી મંદવૃદ્ધિ બીજા જીવોને અનર્થ થવા સંભવ છે.

આ પાંચે સમ્યકત્વના દૂષણોમાં કોઇક દૂષણ દ્વારા સ્હેજ વિરાધના થાય તો તે દર્શનપુલાક ચારિત્રી કહેવાય છે.

મૂળગુણ અને ઉતરગુણ પૈકી કોઇપણ ગુણની વિરાધના થાય તો તે ચારિત્રપુલાક કહેવાય છે, પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ, પરિગ્રહ વિરમણ, રાત્રિભોજન વિરમણ, આ છ મૂળગુણ જાણવા અને પિંડવિશુદ્ધિ આદિક ઉત્તરગુણ જાણવા. તેમાં જે કાંઇ સહેજ વિરાધના થઇ જાય તે ચારિત્રપુલાક જાણવો.

જે સાધુ નિષ્કારણ અન્ય અન્ય લિંગ કરે એટલે ગૃહસ્થના તથા કુતીર્થિઓના વેષને ધારણ કરે તે લિંગ પુલાક જાણવો.

જે સાધુ આચારને ન કલ્પે તેવી મને કરી અકલ્પ્ય વસ્તુને સેવનાર છે તે યથાસૂક્ષ્મ પુલાક જાણવો. જો કે વચન અને કાયાદ્વારા સેવાતી અકલ્પ્ય વસ્તુઓ કરતાં મનથીથતી વિરાધના ઘણીજ સૂક્ષ્મ છે.

હવે બકુશ ચારિત્રનું સ્વરૂપ બતાવે છે.—

**बउसं सबलं कब्बुरमेगट्ठं तमिह जस्स चारित्तं**
**अइयारपंकभावा, सो बउसो होइ निग्गंथो ॥१२॥**

સંસ્કૃત અનુવાદ.

बकुशं शबलं कर्बुरम्, एकार्थं तदिति यस्य चारित्रं
अतिचारपंकभावात्, स बकुशो भवति निर्ग्रन्थः ॥१२॥

**અર્થ**—બકુસ, શબલ, કર્બુર એ એકાર્થવાચી છે. અતિચાર-રૂપી કાદવના ભાવથી તે બકુશ નિર્ગ્રન્થ કહેવાય છે.

**વિશેષાર્થ**—અત્યારસુધી નિર્ગ્રન્થના પાંચભેદો પૈકી પ્રથમ ભેદ પુલાકનિર્ગ્રન્થનું વર્ણન કર્યું. હવે નિર્ગ્રન્થના ભેદપૈકી બીજોભેદ બકુશ તેનું સ્વરૂપ અને ભેદો-દ્વારા સ્પષ્ટીકરણ કરે છે.

બકુશ સબલ કર્બુર વિગેરે શબ્દો એકાર્થવાચી છે અને તે શબ્દોનો અર્થ મેલું ગંદુ એવો થાય છે. શુદ્ધમાં શુદ્ધ વસ્તુ પણ જેમ મેલથી મેલી બને છે. તેવી રીતે જે ચારિત્ર અતિચારરૂપી દોષથી મલિન બને તે બકુશ કહેવાય છે. ચારિત્રીના ચારિત્ર-પોષણમાટે જિનેશ્વર ભગવાનોએ કલ્પ્ય ફરમાવેલા ઉપકરણો પણ જે વિભૂષા નિમિતે બનાવી મુકે. જે જ્ઞાન અને તપ કર્મની નિર્જરાના હેતુભૂત છે છતાં તેનો ઉપયોગ પોતાનો યશ વધારવામાં કરી મુકે તે બકુશ. આરીતે અનેક અતિચારોથી પોતાનું ચારિત્ર મલિન કરે તે બકુશ નિર્ગ્રન્થ છે.

**બકુશના ભેદોપભેદ—**

**उवगरणशरीरेसु स दुहा दुविहो वि होई पंचविहो**
**आभोगअणाभोगे अस्संवुडसंवुडे सुहुमे ॥१३॥**

**સંસ્કૃત અનુવાદ.**

**उपकरण–शरीरायोः स द्वेधा, द्विविधोऽपि भवति पञ्चविधः**
**आभोगानाभोगयोः असंवृतासंवृतयोः सूक्ष्मे ॥ १३ ॥**

**અર્થ**:-તે બકુશ ચારિત્ર ઉપકરણ અને શરીરના ભેદથી બે પ્રકારે છે. વળી તે બન્ને પ્રકારોના પાંચ પાંચ પ્રકાર છે. આભોગ-અનાભોગ-સંવૃત્ત-અસંવૃત્ત અને યથાસૂક્ષ્મ.

**વિશેષાર્થ**:-તે બકુશ નિર્ગ્રન્થ શરીર અને ઉપકરણ એ બે પ્રકારે છે. વળી તે બન્ને પ્રકારોના પાંચ પાંચ ભેદ છે ૧ આભોગબકુશ, ૨ અનાભોગબકુશ ૩ અસંવૃત્તબકુશ ૪ સંવૃત્ત બકુશ ૫ યથાસુક્ષ્મબકુશ.

વસ્ત્ર, પાત્ર, દંડ વિગેરે સાધુપણાને નિર્વાહ કરનારી ઉપધિઓને પણ જે વિભૂષારૂપે કરી મુકે તે ઉપકરણબકુશ. એટલે ઉપકરણોથી કરાતુ મલિન ચારિત્ર તે ઉપકરણ બકુશ ચારિત્ર છે.

હાથ-પગ-નખ-મૂખ-વાળ વિગેરે અવયવોને ધોવા સાફસુફ કરવા અને તેને શોભાવવા નિરંતર પ્રયત્ન કરનાર તે શરીર બકુશનિર્ગ્રન્થ જાણવો. એટલે જે શરીરદ્વારા નિર્મલચારિત્રને મલિન કરે તે શરીર બકુશનિર્ગ્રન્થ જાણવો.

સાધુઓને આ અકૃત્ય છે એમ જાણ્યા છતાં જે કરે તે આભોગબકુશ. સાધુઓને આ અકૃત્ય છે એમ ખ્યાલ ન હોય અને સ્હેજે દોષ લાગી જાય તે અનાભોગબકુશ. જે ચારિત્રીના મૂળગુણ અને ઉત્તરગુણમાં લાગેલા દોષો લોકમાં પ્રસિધ્ધ ન હોય તે સંવૃત્તબકુશ. અને જે ચારિત્રીના દોષો લોકમાં પ્રસિદ્ધ હોય તે અસંવૃત્તબકુશ. આંખ મૂખ નાક વિગેરેના મેલને સાફકરનાર તે સૂક્ષ્મબકુશ જાણવો.

ઉપકરણ બકુશનું સામાન્ય સ્વરૂપ—

**जो उवकरणे बउसो, सो धुवइ अपाउसेऽवि वत्थाइं**
**इच्छइ य लण्हयाइं, किंचि विभूषाइ भुंजइ य ॥१४॥**

**સંસ્કૃત અનુવાદ.**

उपकरणे यः बकुशो, सो धुवति अप्रावृष्यपि वस्त्राणि
इच्छति च श्लक्ष्णानि, किञ्चिद् विभूषायै भुङ्क्ते च

**અર્થ**—જે ઉપકરણબકુશ છે તે વર્ષાઋતુ વિના પણ વસ્ત્રો ધુવે છે. ને સુંવાળાં વસ્ત્રોને ઇચ્છે છે. ને કાંઇક શોભા અર્થે વાપરે છે.

**વિશેષાર્થ**—સાધુને ઉપકરણો સંયમના નિર્વાહ અર્થે છે. વસ્ત્રાદિકને સાધુએ એટલામાટે પહેરવાના છે કે જેથી તેના શરીરની રક્ષા થાય અને તે શરીરદ્વારા સંયમમાં દૃઢ રહી ક્લિષ્ટકર્મોનો નાશ કરી શકે. પણ ઉપકરણ-બકુશ ચારિત્રી ચોમાસા વિનાં પણ દરરોજ કપડાં ધુવે છે. ને તે વસ્ત્રો પણ સુંવાળાં બારીક ને સારી રીતે સમારી વાપરે છે. કે જેથી શરીરની શોભામાં વધારો થાય; ને આરીતે કરવાથી તે પોતાનું ચારિત્ર વિશુદ્ધ બનાવવાને બદલે અતિચારોથી મલિન કરે છે.

**तह पत्तदंडयाई, घट्टं मट्टं सिणेहकयतेयं**
**धारेइ विभूसाए बहुं, च पत्थेइ उपगरणं ॥ १५ ॥**

## સંસ્કૃત અનુવાદ.

तथा पात्रदण्डकादि, घृष्टं मृष्टं स्नेहकृततैजस्कं
धारयति विभूषायै, बहु च प्रार्थयते उपकरणं ॥ १५ ॥

**અર્થ**—તેમજ પાત્ર અને દંડાદિકને ઘૃષ્ટ—કઠિન પત્થર વડે મૃષ્ટ—સુંવાળા પત્થર વડે અને તેલ વડે તેજવાળાં કરે અને તેને શોભાને અર્થે ધારણ કરે. તેમજ ઘણાં ઉપકરણોની પ્રાર્થના કરે.

**વિશેષાર્થ**:—જીવાદિકની વિરાધના ન થાય તેવીરીતે નિર્દોષ આહારથી જીવન ટકાવનાર મુનિઓ માટે પાત્રાદિક ઉપકરણો પણ સંયમની રક્ષામાટે વાપરવાનું શાસ્ત્રકારોનું વિધાન છે. તે છતાં પાત્ર અને દંડને પણ સુંવાળા અને કઠીનપત્થર વડે ઘસી સુંવાળા બનાવવા, તેલ વિગેરે ચોપડી ચકચકીત કરવા, અને તેનો સંગ્રહ પણ પોતાની શોભામાટે કરવો તે પોતાના શુદ્ધસંયમને મલિન કરનાર છે. કારણકે પાત્રાદિકને રાખવાનો હેતુ સંયમનિર્વાહ માટે છે નહિ કે પોતાની શોભા વધારવાનો. તેમજ આ ઉપકરણો પણ જરૂરી પુરતાંજ હોવાં જોઇએ કારણકે નિષ્પરિગ્રહી મુનિને પાત્રાદિક વસ્તુઓ પણ સંયમનિર્વાહથી અધિક હોય તો તે પરિગ્રહી બનાવી મુકે છે. અને તેને તે ચારિત્રમાં દૂષિત કરે છે. તેથી આવા ચારિત્રને ઉપકરણ બકુશ ચારિત્ર કહેવામાં આવે છે.

દેહ બકુશનું સ્વરૂપ—

**देहबउसो अकज्जे, करचरणनहाइयं विभूसेइ**
**दुविहो वि इमो इड्ढिं, इच्छइ परिवारपभिईयं॥१६॥**

**સંસ્કૃત અનુવાદ.**

**देहब शः अकार्ये, करचरणनखादिकं विभूषयति**
**द्विविधोऽप्ययं ऋद्धिं, इच्छति परिवारप्रभृतिकं ॥ १६ ॥**

**અર્થ**-દેહબકુશ નિર્ગ્રંથ કાર્યવિના પણ હાથ, પગ. નખ વિગેરેને શણગારે. આરીતે બન્ને પ્રકારના બકુશ કહ્યા. અને તે પરિવાર વિગેરે ઋદ્ધિને ઇચ્છે છે.

**વિશેષાર્થ**-ઉપકરણબકુશનું સ્વરૂપ કહ્યા બાદ હવે દેહબકુશનું સ્વરૂપ કહે છે. જે ચારિત્રી પોતાના શરીરના નિમિત્તદ્વારા ચારિત્રને મલિન કરે તે ચારિત્રી દેહબકુશ કહેવાય છે.

વડીનીતિ આદિ અશુચિના પ્રસંગે તો દરેક મુનિ હાથ પગ ધુએ તે બરાબર છે. પરંતુ તેવા પ્રસંગવિના પણ હાથ પગ નખ વિગેરે અવયવોને ધુવે રંગે શણગારે તે શરીર બકુશ છે.

મળમૂત્રાદિથી ભરેલો આ દેહ અંતે જરૂર નાશ પામનાર છે. ને આ શરીરની સ્થિતિનો પણ ચોક્કસ ભરૂસો નથી. કારણકે બાલ્યાવસ્થા યુવાવસ્થા ને વૃદ્ધાવસ્થા તે દરેકમાં હમેશાં પ્રાણીને મરણનો ભય નિરંતર હોય છે. આ શરીરને ગમે તેવા સુંદર ખોરાકોથી પોષીએ, ગમે તેવા સુગંધી દ્રવ્યોથી

સુવાસિત કરીએ, ગમે તેવા વસ્ત્રોથી આચ્છાદિત કરી રક્ષણ કરીએ છતાં તે અંતે વિરૂપ છે. એમ માની મુનિ તે શરીરદ્વારા તપશ્ચર્યા ઉગ્રવિહાર વિગેરે કરી વિરૂપ એવા પણ શરીરને સંયમ પોષક બનાવે છે. ત્યારે આ ચારિત્રી શરીરની સુશ્રુષા આદિમાં પડી ચારિત્રને મલિન કરી મુકે છે.

તેમજ આ બન્ને પ્રકારના બકુશચારિત્રીઓ ઘર કુટુંબ ધન વિગેરે છોડી પ્રવજ્યા અંગીકાર કર્યા છતાં તેઓને માનાપમાન અને વૈભવની ઇચ્છા મટી નથી હોતી. તેને શ્રાવક શ્રાવિકાદિકને પોતાના ભક્ત બનાવવાની, ઘણા શિષ્યો વધારવાની, પોતાનો યશ વિસ્તારવાની હોંશ હોય છે. આ રીતે તે પોતાના ચારિત્રને મલિન કરી મુકતો હોવાથી તે બકુશચારિત્રી છે.

**पंडिच्च तवाइकयं, जसं च पत्थेइ तम्मि तुस्सइ य**
**सुहशीलो न य बाढं, जयइ अहोरत्तकिरियासु १७**

**સંસ્કૃત અનુવાદ.**

पाण्डित्य–तपआदिकृतं, यशश्च प्रार्थयते तस्मिन् तुष्यति च
सुखशीलः न च बाढं, यतते अहोरात्रं क्रियासु ॥ १७ ॥

અર્થ–પાંડિત્ય અને તપવિગેરેવડે થયેલા યશની ઇચ્છા રાખે તેમાં સંતોષ પામે, સુખશીલ હોય અને અહોરાત્ર ક્રિયાઓને વિષે અત્યંત યતના ન રાખે.

**વિશેષાર્થ**–જે જ્ઞાન વસ્તુતત્ત્વને જાણી ઇષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટમાંથી નિવૃત્તિ કરવામાટે છે અને જે તપ કિલષ્ટ કર્મોના નાશ માટે છે. આ રીતે તે બન્ને નિર્જ-રાના હેતુભૂત હોવાછતાં તે દ્વારા પણ જે પોતાનો યશ વધારવાની વાંછા રાખે. તેમજ કોઈને પોતાનો યશ બોલતો સાંભળી પોતે અત્યંત હર્ષ પામે. તદુ-પરાંત શરીરની સુંદરઆહાર વિગેરે વડે કરીને લાલના કરે, સ્નાન વિલેપન કરી શરીરને શોભાવે, રાત દિવસની ક્રિયાયોમાં યતના રાખવી જોઈએ તે ન રાખે ને તે ન રાખવાથી પોતાના ચારિત્રને મલિન કરે છે. ને આવીરીતે મલિનકરનાર ચારિત્રી તે બકુશ છે.

**परिवारो य असंजम, अविवित्तो होइ किंचि एयस्स**
**घासयपाओ तिल्लाइ,मसिणिओ कत्तरियकेसो॥१८॥**

**સંસ્કૃત અનુવાદ.**

**परिवारश्चासंयमोऽविविक्तो भवति किञ्चित् एतस्य**
**घाषतपादः तैलादिना, मसृणितः कर्त्तितकेशः ॥ १८ ॥**

**અર્થ**–એ બકુશ ચારિત્રીનો પરિવાર કાંઇક અસંયમવંત અને અવિવિક્ત હોય છે. અને તે પરિવાર ઘસેલા પગવાળો, તૈલાદિકે સુવાળા કરેલ ને કાતરેલા વાળવાળો હોય છે.

**વિશેષાર્થ**:–આ બકુશચારિત્રીનો પરિવાર પણ અસંયમવંત, વસ્ત્ર પાત્રાદિકના મોહવાળો, તેમજ પગ વિગેરેને સાફ કરાવનારો અને કાતરથી કતરાવેલ વાળવાળો હોય છે.

**तह देससव्वछेयारिहेहिं, सबलेहिं संजुओ बउसो**
**मोहक्खयट्ठमब्भुट्ठिओ अ, सुत्तम्मि भणिअं च॥१९॥**

**સંસ્કૃત અનુવાદ.**

**तथा देशच्छेदसर्वच्छेदार्हैः, शबलैः संयुतो बकुशः**
**मोहक्षयार्थमभ्युत्थितश्च, सूत्रे भणितं च ॥ १९ ॥**

**અર્થ**–તે બકુશચારિત્રી દેશચ્છેદ અને સર્વચ્છેદ યોગ્ય શબલ ચારિત્રીયાવડે સહિત હોય છતાં મોહના ક્ષયમાટે ઉજમાળ હોય છે. એ પ્રમાણે સૂત્રોમાં પણ કહ્યું છે.

**વિશેષાર્થ**–જે ચારિત્રીનો એવો અપરાધ હોય કે જે અપરાધ દીક્ષાપર્યાય ઘટાડવાથી નભી શકે તે દેશચ્છેદ પ્રાયશ્ચિત. જે ચારિત્રીનો એવો અપરાધ હોય કે જેને ફરીથી દીક્ષા આપ્યા સિવાય છુટકો જ ન હોય તે સર્વચ્છેદ પ્રાયશ્ચિત જાણવું. આવા બન્ને પ્રકારના પ્રાયશ્ચિતને યોગ્ય સબળ ચારિત્રીયાથી યુક્ત બકુશ હોય છે.

હવે અહિં એવી શંકા કરવામાં આવે છે કે પાસત્થા અને બકુશ ચારિત્રીમાં શો ફેર છે? તો તેનો ઉત્તર આપતાં જણાવે છે કે પાસત્થા

અને બકુશમાં દેખીતી રીતે સરખાં લક્ષણ જણાય છે. છતાં પણ પાસત્થો નિર્ધ્વંસ પરિણામી હોય છે. જ્યારે બકુશ નિર્ગ્રન્થ પ્રાયશ્ચિત વિગેરેથી પણ શુદ્ધ થઇ શકે છે. કારણકે તેવી મલિનતા છતાં બકુશ ચારિત્રી હમેશાં મોહક્ષય માટે નિરંતર ઉદ્યમવંત હોય છે.

**उवगरणदेहचुक्खा, रिद्धीरसगारवासिया निच्चं**
**बहुसबलछेयजुत्ता, निग्गंथा बउसा भणिया ॥२०॥**

**સંસ્કૃત અનુવાદ.**

**उपकरणदेहशुद्धा, ऋद्धिरसगारवाश्रिता नित्यं**
**बहुशबलछेदयुक्ता, निर्ग्रन्था बकुशा भणिताः ॥ २० ॥**

**અર્થ**-ઉપકરણ અને શરીરને શુધ્ધ રાખનારા, નિત્ય ઋદ્ધિગારવ અને રસગારવને આશ્રયી રહેનારા, છેદને યોગ્ય એવા ઘણા શબલચારિત્રીયોના પરિવારવાળા નિર્ગ્રન્થો બકુશ કહેલા છે.

**વિશેષાર્થ**-બકુશ નિર્ગ્રન્થો વસ્ત્ર પાત્ર દંડ વિગેરેને ચોખ્ખા રાખનારા, હમેશાં ઋદ્ધિગારવ રસગારવ અને શાતાગારવને આશ્રયી રહેનારા, તેમજ દેશચ્છેદ અને સર્વચ્છેદ પ્રાયશ્ચિતને યોગ્ય એવા ઘણા શબલ ચારિત્રીયોના પરિવારવાળા બકુશ ચારિત્રી હોય છે.

છતાં તે ચારિત્રીઓ શુદ્ધપ્રરૂપક, ભવભીરૂ, સંઘ પ્રભાવનામાટે ઉદ્યત અને મોક્ષને અર્થે ચારિત્રને ધારણકરનાર હોય છે. પરંતુ પ્રમાદાદિ દોષોને

લઈને ઉત્કૃષ્ટચારિત્ર નથી પાળીશકતા અને આહાર વસતિ વિગેરેમાં દોષો લગાડી ચારિત્ર મલિન કરે છે.

## આત્મભોગાદિ બકુશનું સ્વરૂપ—

**आभोगे जाणंतो, करेइ दोसं अजाणमणभोगे**
**मुलुत्तरेहिं संवुड, विवरिय असंवुडो होइ ॥२१॥**

### સંસ્કૃત અનુવાદ.

**आभोगे जानन् करोति दोषं अजानन् अनाभोगे**
**मुलोत्तरैः संवृत्तः, विपरीतः असंवृत्तः भवति ॥ २१ ॥**

**અર્થ**–જાણવા છતા જે દોષ કરે તે આભોગ બકુશ, અજાણતાં કરે તે અનાભોગ, મૂલોત્તર ગુણવડે સંવૃત્ત અને તેથી વિપરીત તે અસંવૃત્ત.

**વિશેષાર્થ**–જે ચારિત્રી પોતે જે કાર્ય કરે છે તેમાં પોતાને ખ્યાલ હોય કે આ કાર્યમાં અમુક દોષ લાગે છે અને મારે તે ન કરી શકાય. છતાં તે કરે તો તે આભોગ બકુશ જાણવો.

જે ચારિત્રી પોતાના સંયમમાં રીતસર પ્રવર્તે છે. છતાં તેને જે અજાણતાં દોષ લાગે તે અનાભોગબકુશ જાણવો.

જે ચારિત્રીના મૂળ અને ઉત્તરગુણમાં દોષો હોય છતાં તે લોકમાં પ્રસિધ્ધ ન હોય તો તે સંવૃત્તબકુશ કહેવાય છે.

જે ચારિત્રના મૂળગુણ અને ઉત્તરગુણમાં લાગતા દોષો લોકોમાં પ્રસિધ્ધ હોય તો તે અસંવૃત્ત બકુશ કહેવાય છે.

કુશીલનું સ્વરૂપ—

**अच्छिमुहमज्जमाणो, होइ अहासुहुमओ तहा बउसो**
**सीलं चरणं तं जस्स, कुच्छियं सो इह कुशीलो ॥२२॥**

**સંસ્કૃત અનુવાદ.**

**अक्षिमुखं मार्जयन्, भवति यथासूक्ष्मकः तथा बकुशः**
**शीलं चरणं तद्यस्य, कुत्सितं सः इह कुशीलः ॥ २२ ॥**

**અર્થ**:–આંખ અને મૂખ વિગેરેને પ્રમાર્જનાર યથાસુક્ષ્મબકુશ નિર્ગ્રન્થ ચારિત્રી જાણવો. એટલે જેનું શીયલ અને ચારિત્ર કુત્સિત હોય તેને કુશીલ જાણવો.

**વિશેષાર્થ**–જે આંખ મૂખ વિગેરેના મેલને દૂર કરે તેને યથાસુક્ષ્મબકુશ નિર્ગ્રન્થ કહે છે. હવે ત્રીજા કુશીલ નિર્ગ્રંથનું સ્વરૂપ કહે છે. જે ચારિત્રનું શીલ એટલે ચારિત્ર મલીન હોય તેને કુશીલ કહે છે.

કુશીલના બે ભેદ—

**पडिसेवणा कसाए, दुहा कुशीलो दुहावि पंचविहो**
**नाणे दंसणचरणे तवे य अहसुहुमए चेव ॥२३॥**

### સંસ્કૃત અનુવાદ.

प्रतिसेवना कषायैः, द्विधा कुशीलो द्विधाऽपि पंचविधः
ज्ञाने दर्शनचारित्रे, तपसि च यथासूक्ष्मे च ॥ २३ ॥

અર્થ-પ્રતિસેવના અને કષાય એ બેવડે કુશીલ નિર્ગ્રન્થ છે. તે બન્નેના પણ પાંચ પાંચ ભેદ છે. ૧ જ્ઞાનકુશીલ ૨ દર્શનકુશીલ, ૩ ચારિત્રકુશીલ ૪ તપકુશીલ ૫ યથાસુક્ષ્મકુશીલ.

વિશેષાર્થ-હવે ત્રીજો નિર્ગ્રન્થ કુશીલ તેના બે ભેદ છે. ૧ પ્રતિસેવના કુશીલ, ૨ કષાય કુશીલ, તેમજ આ બન્ને કુશીલના પણ પાંચ પાંચ ભેદ છે. ૧ જ્ઞાનકુશીલ, ૨ દર્શનકુશીલ, ૩ ચારિત્રકુશીલ ૪ તપકુશીલ ૫ યથાસુક્ષ્મકુશીલ.

જે ચારિત્રી પોતાના ચારિત્રને જ્ઞાન દર્શન ચારિત્રાદિક વડે વિરાધે છે અને પોતાના ચારિત્રને કુત્સિત બનાવે તે કુશીલ છે.

જ્ઞાનાદિ પ્રતિસેવના કુશીલનું સ્વરૂપ-

इह नाणाइ कुसीलो, उवजीवं होइ नाणपभिईए
अहसुहुमो पुण तस्सं, एस तवस्सि त्ति संसाए॥२४॥

### સંસ્કૃત અનુવાદ.

इह ज्ञानादिकुशीलः, उपजीवन् भवति ज्ञानप्रभृतिभिः
यथासूक्ष्मः पुनस्तस्य, एषः तपस्वी इति शंसया ॥२४॥

**અર્થ**-જે જ્ઞાનાદિવડે ઉપજીવિકા કરે તે જ્ઞાનકુશીલ. હવે આ તપસ્વી છે એવી પ્રશંસા સાંભળી સંતોષ પામે તે યથાસુક્ષ્મકુશીલ જાણવો.

**વીશેષાર્થ**:-કુશીલ નિર્ગ્રન્થના બે ભેદો છે. તેમાં જે પ્રથમ પ્રતિસેવના કુશીલ છે તેના પાંચ ભેદ છે, તે આ પ્રમાણે.

**જ્ઞાનપ્રતિસેવના કુશીલ**-જે જ્ઞાન ઇષ્ટની પ્રવૃત્તિ અને અનિષ્ટ નિવૃત્તિના ફળવાળું છે, તે જ્ઞાનનો ઉપદેશ વસ્ત્રાદિક લાભને અર્થે કરે તે જ્ઞાનપ્રતિસેવનાકુશીલ છે.

**દર્શન પ્રતિસેવના કુશીલ**—જે દર્શન શિવતરૂના બીજભૂત છે. તે દર્શનને વસ્ત્રાદિકની પ્રાપ્તિ અર્થે ઉપયોગ કરે તે દર્શનપ્રતિસેવનાકુશીલ છે.

**ચારિત્ર પ્રતિસેવના કુશીલ**-શુદ્ધ ક્રિયાકાંડ અને દૈનિક અનુષ્ઠાનો જે કર્મનિર્જરા અર્થે છે તેને વસ્ત્રાદિકની પ્રાપ્તિ અર્થે ઉપયોગ કરી ચારિત્ર વિરાધે તે ચારિત્ર પ્રતિસેવના કુશીલ છે.

**તપ પ્રતિસેવના કુશીલ**-દુષ્પ્રાપ્ય વસ્તુને પણ જલદી પ્રાપ્ત કરાવનાર, દેવોને પણ કંપિત કરનાર અને કઠિન કર્મોને પણ શીથિલ કરનાર એવા તપદ્વારા વસ્ત્રાદિકને મેળવવા ઉપયોગ કરે તે તપ પ્રતિસેવના કુશીલ છે.

**યથાસૂક્ષ્મ પ્રતિસેવના કુશીલ**-' અહો આ મહા તપ-

સ્વી છે, ત્યાગી છે. ઇત્યાદિક પ્રશંસા સાંભળી જે અત્યંત આનંદ પામે તેને યથાસૂક્ષ્મ પ્રતિસેવના કુશીલ કહે છે.

## જ્ઞાનાદિ કષાય કુશીલનું સ્વરૂપ–

**जो नाणदंसणतवे, अणुंजुंजइ कोहमाणमायाहिं**
**सो नाणाइकुसीलो, कसायओ होइ नायव्वो ॥२५॥**

### સંસ્કૃત અનુવાદ.

**यः ज्ञानदर्शनतपांसि, अनुयुङ्क्ते क्रोधमानमायाभिः**
**सः ज्ञानादिकुशीलः, कषायतः भवति ज्ञातव्यः ॥२५॥**

**અર્થ**–જે જ્ઞાન, દર્શન, અને તપને ક્રોધ, માન અને માયાને વિષે જોડે તે કષાયથી જ્ઞાનાદિ કુશીલ જાણવા.

**વિશેષાર્થ**–સંજ્વલન કષાયના ઉદયવાળો જે જીવ પોતાના ક્રોધ માન માયાનેવિષે જ્ઞાનનો ઉપયોગ કરે તે જ્ઞાનકષાયકુશીલ.

જે ચારિત્રી સંજ્વલન કષાયના ઉદયવાળો પોતાના ક્રોધાદિકને વિષે દર્શનનો ઉપયોગ કરે તે દર્શન કષાય કુશીલ જાણવો.

જે ચારિત્રી સંજ્વલન કષાયના ઉદયવાળો પોતાના ઉત્કટતપને ક્રોધાદિકને વિષે ઉપયોગ કરે તે તપ કષાય કુશીલ જાણવો.

**चारित्तंमि कुशीलो, कसायओ जो पयच्छइ सावं**
**मणसा कोहाईए निषेवयं होइ अहासुहुमो ॥२६॥**

**સંસ્કૃત અનુવાદ.**

चारित्रे कुशीलः, कषायतः यः प्रयच्छति श्रापं ।
मनसा क्रोधादीन् निषेवयन् भवति यथासूक्ष्मः ॥२६॥

**અર્થ**-જે કષાયોદ્વારા શ્રાપ આપે. તે ચારિત્રને વિષે કુશીલકષાયનિર્ગ્રંથ મનવડે ક્રોધાદિકને સેવે તે યથાસૂક્ષ્મ કષાયકુશીલ નિર્ગ્રંથ જાણવો.

**વિશેષાર્થ**-જે મુનિ મિત્ર ઉપર રાગ અને શત્રુ ઉપર દ્વેષ રાખ્યા વિના. પ્રાણી માત્ર ઉપર સમાન દૃષ્ટિ રાખનાર છે. તે જો સંજવલન કષાયને લઇને શ્રાપ આપે તો તે ચારિત્ર કષાય કુશીલ જાણવો.

જે ચારિત્રી મનથી કષાયને સેવે પણ વચનાદિથી વિષયથી કષાય ન સેવે તે યથાસૂક્ષ્મ કષાય કુશીલ જાણવા.

મતાન્તરે કષાય કુશીલ—

**अहवावि कसाएहिं, नाणाईणं विराहओ जो य**
**सो नाणाइकुसीलो, नेओ वक्खाणभेएण ॥२७॥**

સંસ્કૃત અનુવાદ.

अथवाऽपि कषायैः, ज्ञानादीनां विराधको यश्च
सः ज्ञानादिकुशीलः, ज्ञेयः व्याख्यानभेदेन ॥२७॥

**અર્થ**—અથવા જે કષાયો વડે જ્ઞાનાદિકના વિરાધક હોય તે જ્ઞાનાદિ કષાય કુશીલ જાણવો. એ વ્યાખ્યાન ભેદ છે.

**વિશેષાર્થ**—પચીસમી ગાથામાં 'જે ચારિત્રી જ્ઞાનદર્શન અને તપને કષાય વિષે ઉપયોગ કરે તેને જ્ઞાનાદિ કુશીલ કહ્યો હતો. અહિં કષાયો વડે જ્ઞાનાદિનો વિરાધક હોય એમ અર્થ ઘટાવ્યો છે. તેમાં વસ્તુતઃ કાંઈ અર્થભેદ નથી. પરંતુ માત્ર વ્યાખ્યાનભેદ છે.

**अन्ने लिंगकुसीलं तु, तवकुशीलस्स ठाणए बिंति**
**निग्गंथो पुण गंथाओ, मोहओ निग्गओ जो सो ।२८।**

સંસ્કૃત અનુવાદ.

अन्ये लिङ्गकुशीलं तु, तपकुशीलस्य स्थानके ब्रुवन्ति
निर्ग्रन्थो पुनः ग्रन्थात्, मोहतो निर्गतो यः सः ॥२८॥

**અર્થ**—અન્ય આચાર્ય તપકુશીલના સ્થાનકે લિંગકુશીલ ને કહે છે. જે મોહરૂપ ગ્રન્થથી નીકળ્યો તેને નિર્ગ્રંથ કહીએ.

**વિશેષાર્થ**—કેટલાક આચાર્યો કુશીલનિર્ગ્રંથના ભેદ પૈકી આવતા તપકુશીલના સ્થાનકે લિંગકુશીલ માને છે.

પરંતુ તે વાસ્તવિક અર્થ લાગતો નથી. કારણકે લિંગ કુશીલનો અર્થ જે ચારિત્રી લિંગનો આહારાદિ અર્થે ઉપયોગ કરે તે લિંગ પ્રતિસેવના કુશીલ જાણવો. અને જે ચારિત્રી સંજવલન કષાયવંત ક્રોધ માન માયાને વિષે લિંગનો ઉપયોગ કરે તો લિંગ કષાય કુશીલ જાણવો તે છે તેથી તે અર્થ ઘટી શકે નહિં.

## નિર્ગ્રન્થ ચારિત્રના ભેદોપભેદ—

**उवसामओ य खवओ, दुहा निग्गंथो दुहावि पंचविहो**
**पढमसमओ अपढमो, चरमाचरमो अहासुहुमो।२९।**

### સંસ્કૃત અનુવાદ.

**उपशामकश्च क्षपकः, द्विधा निर्ग्रंथो द्विधापि पंचविधः**
**पढमसमयः अप्रथमः, चरमाचरमः यथासुक्ष्मः ॥२९॥**

**અર્થ**-ઉપશામક અને ક્ષપક એમ બે પ્રકારે નિર્ગ્રંથ છે, અને તે બન્નેભેદના પણ પાછા પાંચ પાંચ ભેદ છે. પ્રથમ સમય, અપ્રથમ સમય, ચરમ સમય, અચરમ સમય અને યથાસૂક્ષ્મ.

**વિશેષાર્થ**-નિર્ગ્રન્થના ભેદો પૈકી ચોથો ભેદ જે નિર્ગ્રન્થ છે તેના બે ભેદ છે. એક ઉપશામક નિર્ગ્રન્થ અને બીજો ક્ષપક નિર્ગ્રન્થ.

**ઉપશામક નિર્ગ્રન્થ**-મોહનીય કર્મનો સર્વથા ઉપશમ

કરનાર ઉપશાન્તમોહ ગુણઠાણાવાળા તે ઉપશામક નિર્ગ્રન્થ જાણવા.

**ક્ષપક નિર્ગ્રન્થ**-મોહનીય કર્મનો સર્વથા ક્ષયકરનાર ક્ષીણમોહ ગુણઠાણે વર્તનાર જીવો તે ક્ષપક નિર્ગ્રંથ કહેવાય છે.

આ ઉપશામક નિર્ગ્રન્થ અને ક્ષપક નિર્ગ્રન્થ તે બન્નેના પાંચ પાંચ ભેદ છે. ૧ પ્રથમ સમય નિર્ગ્રન્થ, ૨ અપ્રથમ સમય નિર્ગ્રન્થ, ૩ ચરમ સમય નિર્ગ્રન્થ ૪ અચરમ સમય નિર્ગ્રન્થ ૫ યથાસૂક્ષ્મ નિર્ગ્રન્થ.

## નિર્ગ્રન્થના ઉપભેદોનું સ્વરૂપ—

**अंतमुहुत्तपमाणय–निग्गंथद्धाइ पढमसमयम्मि,**
**पढमसमओ नियंठो, अन्नेसु अपढमसमओ सो ।३०।**
**एमेव तयद्धाए, चरमे समयंमि चरमसमओ सो**
**सेसेसु पुण अचरमो, सामन्नेणं तु अहसुहुमो ॥३१॥**

### સંસ્કૃત અનુવાદ.

अन्तर्मुहूर्तप्रमाणक–निर्ग्रन्थाद्धायां प्रथमसमये ।
प्रथमसमयनिर्ग्रंथः अन्येषु अप्रथमसमयः सः ॥३०॥
एवमेव तदद्धायां चरमे समये चरमसमयः सः
शेषेषु पुनः अचरमः, सामन्येन तु यथासूक्ष्मः ॥३१॥

**અર્થ**—અન્તર્મૂહૂર્ત પ્રમાણવાળા નિર્ગ્રંથકાળમાં પ્રથમ સમયે વર્તનારા નિર્ગ્રંથ તે પ્રથમસમય નિર્ગ્રંથ. ને તે સિવાય અન્ય સમયમાં વર્તનારા નિર્ગ્રન્થ તે અપ્રથમસમય નિર્ગ્રન્થ. ૩૦

એજ પ્રમાણે તે નિર્ગ્રંથકાળમાં છેલ્લા સમયે વર્તનારો નિર્ગ્રંથ તે ચરમસમયનિર્ગ્રંથ જાણવા. ને બાકીના સમયમાં વર્તનારા અચરમ સમય નિર્ગ્રન્થ અને કોઇપણ સમયની વિવક્ષા વિના સામાન્યપણે વર્તનારા તે યથાસૂક્ષ્મનિર્ગ્રન્થ જાણવા. ૩૧

**વિશેષાર્થ**—સર્વથા મોહનીયકર્મરૂપ ગ્રન્થ જેનામાં ન હોય તેને નિર્ગ્રન્થ કહે છે. આ મોહનીય કર્મનો અભાવ નિર્ગ્રન્થમાં બે પ્રકારે હોય છે. એક મોહનીય કર્મના ઉપશમદ્વારા અને બીજો મોહનીયકર્મના ક્ષયદ્વારા.

**મોહોપશમ નિર્ગ્રન્થ અને તેના ભેદો**—મોહનીયકર્મની અઠ્યાવીસ પ્રકૃતિઓ છે. અને તેને ઉપશમાવવાનો ક્રમ આ પ્રમાણે છે—ઉપશમ શ્રેણિના પ્રારંભમાં અવિરતિ દેશવિરતિ પ્રમત્તસંયત કે અપ્રમતસંયત અનંતાનુબંધી કષાયોને ઉપશમાવીને દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓને ઉપશમાવે છે. ત્યારપછી પ્રમત્ત અને અપ્રમત્તગુણસ્થાનકે સેંકડો વાર પરિવર્ત્તન કરી અપૂર્વકરણ ગુણસ્થાનકે થઇ અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકે ચારિત્ર મોહનીય કર્મની ઉપશમના કરે છે. તેમાં પ્રથમ નપુંસકવેદ ઉપશમાવે છે. ત્યારપછી સ્રીવેદ અને ત્યારબાદ

હાસ્યાદિષટ્ક એક સાથે ઉપશમાવે છે. તે પછી પુરૂષ-વેદ અને ત્યારપછી સાથે પ્રત્યાખ્યાનાવરણ અને અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ અને પછી સંજ્વલન ક્રોધ ઉપશમાવે છે. પછી સાથે પ્રત્યાખ્યાનાવરણ અને અ-પ્રત્યાખ્યાનાવરણ માન અને પછી સંજ્વલનમાન ઉપશ-માવે છે. ત્યારપછી સાથે પ્રત્યાખ્યાનાવરણ અને અપ્રત્યા-ખ્યાનાવરણ માયાને ઉપશમાવે છે. ત્યારપછી સંજ્વલન માયાનો બન્ધ ઉદય ને ઉદીરણા વિચ્છેદ થાય છે. પછી સમય ન્યૂન બે આવલિકામાં સંજ્વલનમાયાને ઉપશમાવે છે. ત્યારપછી પ્રત્યાખ્યાનાવરણ અને અપ્રત્યા-ખ્યાનાવરણ લોભને ઉપશમાવી સૂક્ષ્મસંપરાય ગુણસ્થા-નકે જઈ સૂક્ષ્મકિટ્ટીરૂપ સંજ્વલનલોભને ઉપશમા-વે છે. આરીતે મોહનીયની અઠ્ઠાવીસ પ્રકૃતિ ઉપશ-માવી ઉપશાન્તમોહ ગુણસ્થાનકે આવે છે.

આ ઉપશાન્તમોહ ગુણઠાણાનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મૂહૂર્ત કાળ છે. આ રીતે આ ગુણસ્થાનકે વર્તનારો જીવ તે ઉપશામક નિર્ગ્રન્થ કહેવાય છે.

હવે આ ઉપશાન્તમોહ ગુણઠાણાનો કાળ જે ઉત્કૃષ્ટ અંતર્મૂહૂર્તનો છે તેમાં જે જીવો ઉપશાન્તમોહના પ્રથમ સમયમાં વર્તતા હોય તે પ્રથમ સમય ઉપશા-મક નિર્ગ્રન્થ કહેવાય. અને જે જીવો ઉપશાંતમોહ ગુણઠાણાના પ્રથમ સમય સિવાયના સમયમાં વર્તતા હોય તે અપ્રથમસમય ઉપશામક નિર્ગ્રંથ કહેવાય છે.

ઉપશાંતમોહનો જે અંતમુહૂર્ત કાળ છે તેમાં છેલ્લા સમયે વર્તનારા જે જીવો હોય તે ચરમસમય ઉપશામક નિર્ગ્રંથ કહેવાય છે. તેમજ જે જીવો ઉપ-શાંતમોહના છેલ્લા સમય સિવાયના સમયમાં વર્ત-નારા હોય તે અચરમસમયઉપશામકનિર્ગ્રંથ જાણવા. ઉપશાન્તમોહ ગુણઠાણાના સર્વ સમયમાં સામાન્ય-પણે વિવક્ષા વિના વર્તનારા હોય તે યથાસૂક્ષ્મ ઉપશામક નિર્ગ્રન્થ જાણવા.

## મોહક્ષપક નિર્ગ્રન્થ અને તેના ભેદો–

મોહનીય કર્મની અઠ્યાવીસ પ્રકૃતિઓનો ક્ષય કરવાનો ક્રમ પણ આ પ્રમાણે છે–આ ક્ષપક શ્રેણિ-નો પ્રારંભ કરનાર પ્રથમસંઘયણવાળો; શુદ્ધધ્યાનયુક્ત અવિરતિસમ્યગદૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત કે અપ્રમત્ત હોય છે. હવે જો અપ્રમત્તસંયત પૂર્વવિદ્ હોય તો તે શુકલધ્યાનયુક્ત શ્રેણી આરંભે છે. અને જો બીજા જીવો શ્રેણિ માંડનારા હોય તો તે ધર્મધ્યાન સહિત આરંભે છે. હવે તે બન્ને શ્રેણિ માંડનાર પ્રથમ અનંતાનુબન્ધિ કષાયોનો ક્ષય કરે છે. ત્યારપછી મિથ્યાત્વ મોહનીય મિશ્ર મોહનીય અને સમ્યકત્વ મોહનીયનો ક્ષય કરે છે. જો બદ્ધાયુષ્ક ક્ષપકશ્રેણિ આરંભે તો તે અનન્તા-બન્ધીનો ક્ષય કર્યા પછી તેને મરણનો સંભવ હોવાથી તે અટકે છે. અને પછી મિથ્યાદર્શન મોહનીયના ઉદય-થી પુનઃ અનન્તાનુબન્ધી કષાયોનો બન્ધ કરે છે.

કેમકે તેનું બીજ મિથ્યાત્વ મોહનીય નષ્ટ થયું નથી. પરન્તુ જેણે મિથ્યાદર્શન મોહનીયનો ક્ષય કર્યો છે તે ફરી અનંતાનુબન્ધિ બાંધતો નથી. કારણકે તેણે તેના બીજનો નાશ કર્યો છે. હવે જેણે અનન્તાનુબન્ધીઆદિ સાત પ્રકૃતિઓનો ક્ષય કર્યો છે તે અપતિત પરિણામવડે અવશ્ય દેવલોકમાં ઉત્પન્ન થાય છે. અને પતિતપરિણામી હોય તો ભિન્નભિન્ન ગતિમાં જાય છે. બદ્ધાયુષ્ક જો દર્શનસપ્તકનો ક્ષય કર્યા પછી કાલ ન કરે તો તે અવશ્ય વિરમે છે. પણ ચારિત્ર મોહનીય ક્ષય કરવાનો પ્રયત્ન કરતો નથી. જો અબદ્ધાયુષ્ક ક્ષપકશ્રેણિ કરે તો અનન્તાનુબન્ધ્યાદિ સાત પ્રકૃતિઓનો ક્ષય કર્યા પછી તે અવશ્ય વિશુદ્ધપરિણામવડે ચારિત્રમોહનીયનો ક્ષય કરવા માટે પ્રયત્ન કરે છે. તેમાં પ્રથમ યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરે છે. અહિં એટલો વિશેષ છે કે અપ્રમત્ત ગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ ગુણસ્થાનકે અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકે અનિવૃત્તિકરણ કરે છે. તેમાં અપૂર્વકરણ ગુણસ્થાનકે સ્થિતિઘાતાદિવડે અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો તે પ્રમાણે ક્ષય કરે છે કે અનિવૃત્તિબાદર ગુણસ્થાનકને પ્રથમસમયે તેની પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિ બાકી રહે છે. જ્યારે અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ જાય ત્યારે સ્ત્યાનર્દ્ધિત્રિક, નરકગતિ, તિર્યંચગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપુર્વી, એકેન્દ્રિય જાતિ, બે-

ઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરેન્દ્રિયજાતિ, સ્થાવર, આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ અને સાધારણ એ સોળ પ્રકૃતિઓને ઉદ્ધલના સંક્રમવડે ઉદ્ધલિત કરી સ્વપર પ્રકૃતિમાં સંક્રમાવી તેની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ બાકી રાખે છે, ત્યારપછી ગુણસંક્રમવડે બંધાતી પ્રકૃતિઓમાં એ સોળ પ્રકૃતિઓને નાંખી સર્વથા તેનો ક્ષય કરે છે. અહિં પ્રત્યાખ્યાનાવરણ અને અપ્રત્યાખ્યાનાવરણ એ આઠ કષાયોનો પ્રથમ ક્ષય કરવાનો પ્રારંભ કર્યો હતો. પરન્તુ હજુ સુધી તેનો સર્વથા ક્ષય કર્યો નથી તે દરમિયાન ઉપરની સોળ પ્રકૃતિઓનો ક્ષય કરે છે. ત્યારપછી ક્ષય કરતાં બાકી રહેલા આઠ કષાયોનો સંપૂર્ણ ક્ષય કરે છે ત્યારપછી અન્તર્મૂહૂર્તમાં અનુક્રમે નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિષટ્ક, પુરૂષવેદ, સંજ્વલનક્રોધ સંજ્વલનમાન સંજ્વલનમાયા અને સંજ્વલન બાદર લોભનો ક્ષય કરે છે. આ બધી પ્રકૃતિઓનો અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકે ક્ષય થાય છે. અને સૂક્ષ્મ સંજ્વલન લોભનો સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ક્ષય થાય છે. એ પ્રમાણે સર્વથા મોહનીય કર્મનો ક્ષય કરી ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનકને પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનકનો કાળ અંતર્મૂહૂર્ત છે. ને આ ગુણસ્થાનક જેને હોય તે ક્ષપકનિર્ગ્રંથ કહેવાય છે.

ક્ષીણ કષાય વીતરાગ ગુણઠાણાના અંતર્મૂહૂર્ત કાળના સમયો પૈકી પહેલા સમયમાં વર્તનાર ચારિત્રી

તે પ્રથમ સમય ક્ષપક નિર્ગ્રન્થ જાણવો. ક્ષીણમોહ ગુણઠાણાના કાળના પ્રથમ સમય સિવાયના બીજા સમયમાં વર્તનાર ચારિત્રી તે અપ્રથમસમયક્ષપકનિર્ગ્રંથ જાણવો.

ક્ષીણમોહ ગુણઠાણાના કાળના છેલ્લા સમયે વર્તનારા નિર્ગ્રન્થને ચરમસમયક્ષપકનિર્ગ્રન્થ જાણવા. ક્ષીણમોહ ગુણઠાણાના કાળના છેલ્લા સમય સિવાય બીજા સમયમાં વર્તનારા ચારિત્રીને અચરમ સમય ક્ષપકનિર્ગ્રન્થ જાણવા.

ક્ષીણમોહ ગુણઠાણાના સર્વ સમયોમાં વિશેષ વિવક્ષા વિનાના વર્તનારા ચારિત્રીઓ તે યથાસૂક્ષ્મ ક્ષપક નિર્ગ્રન્થ જાણવા.

**સ્નાતક નિર્ગ્રન્થનું સ્વરૂપ અને મુખ્ય ભેદો—**

**सुहझाणजलविशुद्धो, कम्ममलाविक्खया सिणाओ त्ति**
**दुविहो य सो सजोगी, तहा अजोगी विणिदिट्ठो ॥३२**

**સંસ્કૃત અનુવાદ.**

**शुभध्यानजलविशुद्धः, कर्ममलापेक्षया स्नातः इति**
**द्विविधश्च सः सयोगी, तथा अयोगीं विनिर्दिष्टः ॥३२॥**

**અર્થ**—કર્મમલની અપેક્ષાએ શુભધ્યાનરૂપ પાણીવડે કરીને વિશુદ્ધ થયેલો તે સ્નાતક છે, તે સ્નાતક સયોગી તથા અયોગી એ રીતે બે પ્રકારે જણાવેલ છે.

**વિશેષાર્થ**-હવે નિર્ગ્રન્થનો પાંચમો ભેદ સ્નાતક તેનું લક્ષણ અને ભેદદ્વારા સ્વરૂપ સમજાવે છે-જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ શુદ્ધ આત્મસ્વરૂપ છે. તે આત્મસ્વરૂપને ઘાતીકર્મરૂપ મેલ લાગેલ હોવાથી મલિન બને છે. હવે આ ઘાતીકર્મરૂપ મેલને દૂર કરવાને ધર્મધ્યાન અને શુકલ-ધ્યાનરૂપ પાણીની જરૂર રહે છે. હવે તે ધર્મધ્યાન શુકલ-ધ્યાનરૂપ પાણીવડે કર્મરૂપ મેલને દૂર કરવાથી જીવ સ્નાતકચારિત્રી બને છે, એટલે ઘાતી કર્મરહિત થાય છે. અને કેવળજ્ઞાનાદિ ગુણોયુક્ત બને છે. આ સ્નાતકના પણ તેરમે ગુણઠાણે વર્તતા સયોગી, અને ચૌદમે ગુણઠાણે વર્તતા અયોગી એ રીતે બે ભેદ છે. સ્નાતક ચારિત્રીને ઘાતિકર્મક્ષય થવાથી અનંતુ જ્ઞાન, અનંતુ દર્શન, અનંતુ ચારિત્ર, ને અનંતુ વીર્ય પ્રગટ થાય છે.

સ્નાતકનિર્ગ્રન્થના ઉપભેદો-

**सो पुण पंचवियप्पो, अच्छविओ असबलो अकम्मंसो**
**अप्परिसावी संसुद्ध–नाणदंसणधरो तहय ॥३३॥**

**સંસ્કૃત અનુવાદ.**

**स पुनः पंचविकल्पः, अच्छविकः अशबलः अकर्मांशः**
**अपरिस्रावी संशुद्ध--ज्ञानदर्शधरः तथा च ॥ ३३ ॥**

**અર્થ**-વળી તે સ્નાતક પાંચ પ્રકારે જાણવો. ૧ અચ્છવી-સ્નાતક, ૨ અશબલ સ્નાતક ૩ અકર્માશ સ્નાતક ૪

અપરિસ્રાવી સ્નાતક તેમજ ૫ સંસુદ્ધ જ્ઞાન દર્શનધર સ્નાતક.

અચ્છવિસ્નાતકનું સ્વરૂપ—

**भण्णइ च्छवी शरीरं, जोगनिरोहेण तस्स य अभावे**
**अच्छवि त्ति होइ अहवा, खय अभावेण अछविओ॥३४**

સંસ્કૃત અનુવાદ.

**भण्यते छविः शरीरं, योगनिरोधेन तस्य च अभावे**
**अछविः इति भवति अथवा क्षयाभावेन अच्छविकः॥३४॥**

**અર્થ**—શરીરને ચ્છવિ કહે છે. યોગનિરોધવડે શરીરને અભાવ હોવાથી અચ્છવિસ્નાતક કહીએ. અથવા ક્ષય કે ખેદના અભાવથી અચ્છવી કહેવાય છે.

**વિશેષાર્થ**—છવિ શબ્દનો અર્થ શરીર કહે છે. તે શરીરનો વ્યાપાર યોગ છે. અને આ યોગ ન હોય તો તે શરીર હોવા છતાં શરીર ન કહેવાય ને આથી તે અછવિસ્નાતક કહેવાય છે. અથવા તો છવિ શબ્દનો અર્થ કેટલાક આચાર્યોના મતે ખેદ એવો કરવામાં આવે તો પણ ખેદ સહિત જીવ વ્યાપાર જે અવસ્થામાં ન હોય તેને અચ્છવી કહેવામાં આવે છે. અથવા તો ઘાતિકર્મનો ક્ષય કરેલો હોવાથી ને તેને ફરી નહિ કરવાનો હોવાથી પણ તે ચારિત્રી અચ્છવિસ્નાતક કહેવાય છે.

અશબલાદિ સ્નાતકોનું સ્વરૂપ–

अस्सबलोऽणइयारो, निट्ठियकम्मो य अकम्मंसो
निस्सेसजोगरोहे, अपरिस्सावी अकिरियत्ता ॥३५॥

### સંસ્કૃત અનુવાદ.

असबलोऽनतिचारो, निष्ठितकर्मा च अकर्मांशः
निःशेषयोगरोधे, अपरिस्रावी अ अक्रियत्वात् ॥ ३५ ॥

**અર્થ**–અતિચાર નહિં હોવાથી અશબલ સ્નાતક, કર્મો ન હોવાથી અકર્માશ સ્નાતક, અને સંપૂર્ણ યોગ રૂંધવાથી ને અક્રિયાપણા વડે કરીને અપરિસ્રાવી સ્નાતક કહેવાય છે.

**વિશેષાર્થ**–આ ચારિત્રમાં સર્વથા મોહનીયનો અભાવ હોવાથી અતિચારરૂપ મેલનો સર્વથા અભાવ હોય છે. તેથી તે ચારિત્રી અસબલ સ્નાતક કહેવાય છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, ને અન્તરાય આ ચાર ઘાતિકર્મનો જેમાં સર્વથા અભાવ થાય તેને અકર્માશ સ્નાતક કહે છે.

મન વચન અને કાયાના સમસ્ત યોગ રૂંધવાથી જેમાં અક્રિયપણું, કર્મબંધરહિતપણું પ્રાપ્ત થાય તેને અપરિશ્રાવી સ્નાતક કહે છે.

સંશુદ્ધજ્ઞાનદર્શન સ્નાતકનું સ્વરૂપ–

**असहाय असाहारण अणंतनाणाइधरणओ होइ**
**संसुद्धनाणदंसणधरो, सिणाओऽत्थ पंचविहो॥३६॥**

**સંસ્કૃત અનુવાદ.**

असहायासाधारणा–णंतज्ञानादिधरणतः भवति
संसुद्धज्ञानधर्शनधरः, स्नातोऽत्र पंचविधः ॥ ३६ ॥

**અર્થ**-અસહાય, અસાધારણ ને અનંતજ્ઞાનાદિ ધારણ કરવાથી સંશુદ્ધ જ્ઞાન દર્શનધર સ્નાતક કહેવાય છે. એમ સ્નાતક પાંચ પ્રકારે છે.

**વિશેષાર્થ**–હવે સ્નાતકનો પાંચમો ભેદ સંશુદ્ધ જ્ઞાન દર્શનધર છે. તેનું સ્વરૂપ કહે છે—

જ્યારે જીવને કેવળજ્ઞાન થાય ત્યારે મતિ શ્રુત વિગેરે જ્ઞાનની સહાયની જરૂર નહિ હોવાથી અને જ્યારે કેવળદર્શન થાય ત્યારે ચક્ષુદર્શન અચક્ષુદર્શન વિગેરેની સહાયની જરૂર ન હોવાથી અસહાય એ વિશેષણ કેવળજ્ઞાન કેવળદર્શનને આપવામાં આવેલ છે.

મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન ને મનઃપર્યવજ્ઞાન આ ચારે જ્ઞાનોમાં કેવળજ્ઞાન અસાધારણ હોવાથી અસાધારણ વિશેષણ મુકવામાં આવેલ છે. એજ

પ્રમાણે અનંત વિષયોને જાણનાર હોવાથી અનંત વિશેષણ મુકવામાં આવેલ છે તેથી અનંતજ્ઞાન ને અનંતદર્શનને ધરનાર હોવાથી તે સ્નાતકનો સંશુદ્ધ-જ્ઞાનદર્શનધર નામનો પાંચમો ભેદ છે. આ રીતે સ્નાતકના પાંચ ભેદ કહ્યા.

આ રીતે નિર્ગ્રન્થના ભેદો ઉપભેદો વિગેરેને વિસ્તૃત જણાવવાપૂર્વક પ્રથમદ્વાર સમાપ્ત થયું.

इति प्रज्ञापनाद्वार.

# ૨ વેદદ્વાર

**વેદ**-અભિલાષા, કામ, ઇચ્છા વિગેરે અને તેના ત્રણ પ્રકાર છે. પુરૂષવેદ, સ્ત્રીવેદ, અને નપુંસક વેદ.

**પુરૂષવેદ**-જે અવસ્થામાં સ્ત્રી પ્રત્યે મૈથુનની ઇચ્છા થાય તેને પુરૂષવેદ કહે છે. આ વેદને ઘાસના અગ્નિની સાથે સરખાવવામાં આવે છે. કારણકે ઘાસનો અગ્નિ સળગતાં એકદમ ઉગ્ર બને છે. અને પછી તરતજ શાંત થાય છે. તેવીજ રીતે માણસને આ વેદનો ઉદય થતાં સ્ત્રી પ્રત્યે અત્યંત ઉત્કટ ઇચ્છા થાય છે. પરંતુ તેના સેવન બાદ તરત શાંત થાય છે.

**સ્ત્રીવેદ**—જે અવસ્થામાં પુરૂષ પ્રત્યે મૈથુનની ઇચ્છા થાય તેને સ્ત્રીવેદ કહે છે. આ વેદને છાણાના અગ્નિની સાથે ઉપમા આપવામાં આવે છે. કારણ કે છાણાનો અગ્નિ જેમ જેમ ફેરવીએ તેમ તેમ ઉગ્ર તાપ આપે છે તેમ આ વેદમાં પુરૂષનો પરિચય કે સ્પર્શ થતાં સ્ત્રીને અધિક અભિલાષા થાય છે.

**નપુંસકવેદ**–જે અવસ્થામાં સ્ત્રી પુરૂષ બન્ને પ્રત્યે અભિલાષા થાય તેને નપુંસકવેદ કહે છે. આ વેદને નગરના દાહની સાથે ઘટાવવામાં આવે છે. કારણકે જેમ નગરમાં લાગેલી આગ લાંબો વખત ચાલ્યા કરે છે. તેમ આ વેદમાં પુરૂષ અને સ્ત્રી બન્ને પ્રત્યેની ઉત્કટ ઇચ્છા લાંબા કાળે પણ અટકતી નથી.

**આ ત્રણ વેદમાંથી કયા કયા વેદ, કયા કયા નિર્ગ્રન્થને હોય તે જણાવે છે.**

**थीवज्जो उ पुलाओ, बउस्स पडिसेवगा तिवेयाऽवि**
**सकसाओ य तिवेओ उवसंतक्खीणवेओ वा॥३७॥**
**उवसंतखीणवेओ, निग्गंथो ण्हायओ खविअवेओ**
**॥ दारं २ ॥**
**एवं च्चि य रागंमि वि आइम चउरो सराग त्ति**
**॥ दारं ३ ॥**

**સંસ્કૃત અનુવાદ.**

स्त्रीवर्जस्तु पुलाकः, बकुशप्रतिसेवकाः त्रिवेदा अपि
सकषायश्च त्रिवेदः उपशान्तक्षीणवेदो वा ॥ ३७ ॥
उपशान्तक्षीणवेदः निर्ग्रंथः स्नातकः क्षपितवेदः
एवं किल रागेऽपि, आदिमचत्वारः सरागाः इति ॥३८॥

**અર્થ**–સ્ત્રીવેદ વર્જીને પુલાક હોય. બકુશ પ્રતિસેવાક ત્રણ વેદી હોય. સકષાયકુશીલ ત્રણવેદી ઉપશાંતવેદી અને ક્ષીણવેદી હોય. ॥ ૩૭ ॥

નિર્ગ્રન્થ ઉપશાંતવેદી અને ક્ષીણવેદી હોય. સ્નાતક ક્ષપકવેદી હોય. એજ પ્રમાણે નિશ્ચે રાગદ્વારને વિષે પ્રથમના ચાર ચારિત્રી સરાગી જાણવા ૩૮

**વિશેષાર્થ**–પુલાક બકુશ, કુશીલ નિર્ગ્રન્થ અને સ્નાતક એમ પાંચ પ્રકારે નિર્ગ્રન્થ છે. તેમાં પુલાક નિર્ગ્રન્થને સ્રીવેદ વિના બે વેદ હોય છે, એક પુરૂષવેદી પુલાક અને બીજો નપુંસકવેદી પુલાક. તેમાં નપુંસકવેદ કૃત્રિમ હોય છે એટલે જન્મનપુંસક હોતો નથી પરંતુ જે પુરૂષ નપુંસક બન્યો હોય તે નપુંસક વેદવાળો હોય છે. સ્રી ને પુલાક લબ્ધિ નથી હોતી માટે પુલાકને સ્ત્રીવેદ નથી હોતો,

બકુશ નિર્ગ્રન્થ ત્રણ વેદવાળો હોય છે. પુરૂષવેદ બકુશ, સ્ત્રીવેદબકુશ પુરૂષનપુંસક બકુશ.

કુશીલના પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ એ રીતે બે ભેદ છે. તેમાં પ્રતિસેવના કુશીલને પુરૂષવેદ, સ્રીવેદ અને પુરૂષનપુંસકવેદ એમ ત્રણ વેદો હોય છે.

આ બકુશ અને પ્રતિસેવના કુશીલ અવેદક હોતા નથી કારણકે શ્રેણી માંડી શકે તેવી યોગ્યતા તેનામાં હોતી નથી.

કષાયકુશીલચારિત્રી જે છઠ્ઠા સાતમા અને આઠમા ગુણઠાણે વર્તતા હોય તેઓને પુરૂષવેદ, સ્રીવેદ અને નપુંસકવેદ એમ ત્રણ વેદ હોય છે. અને જેણે ઉપશમ શ્રેણીમાં અનિવૃત્તિબાદરગુણઠાણે વર્તતાં વેદને ઉપશમાવ્યા હોય તેને અને સૂક્ષ્મસંપરાય-ગુણઠાણાવાળાને ઉપશાંતવેદ હોય છે તેમજ ક્ષપકશ્રેણીમાં વર્તતાં અનિવૃત્તિબાદરગુણઠાણે વેદને ક્ષય કર્યો હોય તેઓને અને ક્ષપકશ્રેણીમાં સૂક્ષ્મસંપ-રાય ગુણઠાણે વર્તનારાઓને ક્ષીણવેદ હોય છે.

નિર્ગ્રન્થના બે ભેદ છે. એક ઉપશામક નિર્ગ્રન્થ અને બીજા ક્ષપક નિર્ગ્રન્થ. તેમાં જે ઉપશામક નિર્ગ્રન્થ છે તેને ઉપશાંત વેદ હોય છે, અને જે ક્ષપક નિર્ગ્રન્થ હોય છે. તે ક્ષીણવેદી હોય છે. જે ઉપશમશ્રેણીમાં વર્તતાં ઉપશાંત મોહે વર્તતા હોય તેને ઉપશાંત વેદ હોય છે અને જે ક્ષપક શ્રેણીમાં ક્ષીણમોહ ગુણઠાણે વર્તતા હોય તેને ક્ષીણવેદ હોય છે.

સ્નાતક નિર્ગ્રન્થના સર્વભેદોમાં સદંતર વેદનો અભાવ હોય છે. કારણકે સ્નાતકનિર્ગ્રન્થ તેરમા ચૌદમા ગુણઠાણે વર્તતો જીવ હોય છે.

## ૩ રાગદ્વાર

**રાગ**–રાગ એટલે આસક્તિ પ્રેમ વિગેરે.

પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ, અને કષાય કુશીલ એ ચાર સરાગી છે કારણકે રાગની વિદ્યમાનતા દસમા ગુણઠાણા સુધી માનવામાં આવી છે અને આ ચારે ચારિત્રો દસમા ગુણઠાણા સુધી હોય છે તેથી આગળના ગુણઠાણામાં તે નથી હોતા.

નિર્ગ્રન્થના બે ભેદો પૈકી ઉપશમનિર્ગ્રન્થ ઉપશાન્તરાગી હોય છે. કારણકે તે ચારિત્રીને ઉપશાંત મોહ વીતરાગ ગુણઠાણું હોય છે. અને ક્ષપકનિર્ગ્રન્થ ક્ષીણરાગી છે છે. કારણકે તેને ક્ષીણમોહવીતરાગ ગુણસ્થાક હોય છે.

સ્નાતકના સર્વભેદોમાં ક્ષીણરાગજ હોય છે. કારણકે ઘાતી કર્મનો ક્ષય થવાથી રાગ હોતો નથી. આ રીતે કયા નિર્ગ્રન્થોને રાગ હોય અને કોને ન હોય તે કહ્યું.

# ૪ કલ્પદ્વાર

કલ્પ એટલે આચાર, સમાચારી, અનુષ્ઠાન. આ કલ્પ સ્થવિરકલ્પ–જિનકલ્પ એ રીતે બે ભેદવાળો છે. તેમજ કલ્પ એટલે આચાર ને તે દશ પ્રકારે પણ છે. ૧ આચેલકય,૨ ઔદ્દેશિક, ૩શય્યાતર ૪ રાજપિંડ,૫ કૃતિકર્મ,૬ વ્રત, ૭ જયેષ્ઠ, ૮ પ્રતિક્રમણ, ૯ માસ, ૧૦ પર્યુષણા.

**આચેલકય**–જે આચારમાં વસ્ત્ર વિના રહેવામાં આવે તે આચેલકય, પરંતુ તે આચેલકપણું જીર્ણ અને ઉજવલ વસ્ત્રધારી મુનિઓને માનવામાં આવે છે, કારણકે અલ્પ અને નિસઃત્વ વસ્તુ નહિં જેવીજ ગણાય છે.

**ઔદ્દેશિક**–સાધુને ઉદ્દેશીને કરવામાં આવેલ વસ્તુ તે ઔદ્દેશિક. આ ઔદ્દેશિક વસ્તુ પ્રથમ અને છેલ્લા તીર્થંકરના વારામાં કોઇપણ સાધુને ઉદ્દેશીને કરાય તો તે સર્વને અકલ્પ્ય છે. પરંતુ બાકીના તીર્થંકરોના સાધુઓમાં તો જેને ઉદ્દેથીને કરાય તેનેજ અકલ્પ્ય છે.

**શય્યાતર**–સાધુઓ જે ઠેકાણે ઉતર્યા હોય તે વસતિ–રહેઠાણનો માલીક તે શય્યાતર કહેવાય છે. આ શય્યા-

તરનો આહાર વિગેરે બારે પ્રકારનો પિંડ સર્વજિને-શ્વરોના સાધુઓને અકલ્પ્ય છે.

**રાજપિંડ**-રાજાના અશન પાન વિગેરે પિંડને ગ્રહણ કરવો તેને રાજપિંડ કહે છે. આ રાજપિંડ પ્રથમ અને છેલ્લા તીર્થંકરના સાધુઓને અકલ્પ્ય છે અને બાકીના-ઓને કલ્પ્ય છે.

**કૃતિકર્મ**-વંદન કરવું તે કૃતિકર્મ. સર્વે તીર્થંકરના વખતમાં સાધુઓ પર્યાય પ્રમાણે પરસ્પર વંદન કરે છે. પરંતુ સાધ્વીઓએ તો નાનામાં નાના સાધુને પણ વંદન કરવાનું હોય છે.

**વ્રત**-વ્રત એટલે પ્રતિજ્ઞા નિયમ. પ્રથમ અને છેલ્લા તીર્થં-કરના સાધુઓમાં પાંચ મહાવ્રત અને બાકીના તિર્થં-કરોના સમયમાં ચાર મહાવ્રત છે. કારણકે તેઓ મૈથુનવિરમણવ્રતને પાંચમામાં અંતર્ગત કરી લે છે.

**જ્યેષ્ઠ**-પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં વડી દીક્ષા આપ્યા પછી જેનો વધુ સાધુપર્યાય હોય તે જ્યેષ્ઠ કહેવાય છે. અને બાકીના તીર્થંકરના તીર્થમાં નિરતિ-ચાર ચારિત્ર હોવાથી દીક્ષા લીધી ત્યારથીજ પર્યાય ગણાય છે.

**પ્રતિક્રમણ**-પાપથી પાછા ફરવું તે પ્રતિક્રમણ છે. ને તે છ આવશ્યકરૂપ છે. પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં અતિચાર લાગે કે ન લાગે તો પણ અવશ્ય બન્ને વખત પ્રતિક્રમણ કરવુંજ જોઇએ, અને બાકીના

તીર્થંકરના તીર્થમાં દોષ લાગે ત્યારેજ પ્રતિક્રમણ કરવાનું કહેલ છે.

**માસકલ્પ**-પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં સાધુઓ એ અવશ્ય માસકલ્પ કરવો જોઇએ કારણકે તેમ ન કરવામાં આવે તો પ્રતિબન્ધ વગેરે અનેક દોષો લાગે. બાકીના તીર્થંકરોના તીર્થમાં તે અનિયત છે.

**પર્યુષણાકલ્પ**-એકી જગ્યાએ સંપૂર્ણપણે રહેવું તેને પર્યુષણા કહે છે. અર્થાત ચોમાસું રહેવું તે, અથવા સંવચ્છરી પ્રતિક્રમણથી ઓળખાતું પર્વ તેને પર્યુષણા કહેવાય છે. તે પર્યુષણાકલ્પ સાલંબન અને નિરાલંબન એ રીતે બે પ્રકારે છે. નિરાલંબન જઘન્યથી સીત્તેર દીવસના માનવાળો અને ઉત્કૃષ્ટથી ચાર માસના માનવાળો છે, અને સાલંબન છ માસના માનવાળો સ્થવીરકલ્પીઓને હોય છે. પરંતુ બાવીશ તીર્થંકરોનો તીર્થમાં આ કલ્પ પણ અનિયત હોય છે. જો તેઓને દોષ લાગે તેવું જણાય તો માસ પણ ન રહે. અને દોષ ન લાગે તેમ જણાય તો પૂર્વક્રોડ વર્ષ સુધી પણ એક સ્થળે રહી શકે છે.

આ કલ્પોને યથાયોગ્ય સેવનારા, દશવૈકાલિક, આઓનિર્યુક્તિ પિંડનિર્યુક્તિ વિગેરે ગ્રંથોને અનુસરી અનુષ્ઠાન તપ યોગ વિગેરેમાં ઉદ્યત રહેનારા,ઉત્સર્ગ અને અપવાદમાર્ગોનો યથાયોગ્ય ઉપયોગ કરનારા, જરૂરી ઉપકરણો રાખનારા, પઠન, પાઠન, ઉપદેશ, શાસનોન્નતિના કાર્ય, વિહારકરવા ગ્રંથો લખવા, દીક્ષા

આપવી વિગેરે કાર્યોમાં ઉદ્યતરહેનારા સ્થવિરકલ્પી મુનિઓ છે.

**જિનકલ્પ**-જિન-તીર્થંકરના જેવો કલ્પ આચાર હોય તેને જિનકલ્પ કહેછે, અને તે જિનકલ્પના સ્વીકારનારા મુનિઓ જિનકલ્પી કહેવાયછે. તેના બે પ્રકાર છે. પાણિ-પાત્રભોજી અને પાત્રભોજી, તેમજ તે બન્નેના વળી વસ્ત્રરહિત અને વસ્ત્રસહિત એમ બેબે ભેદ છે તેમાં પાણિપાત્ર વસ્ત્રરહિત જિનકલ્પિકને મુહપત્તિ રજોહરણ એ બે ઉપકરણ હોયછે. ને જે પાણિપાત્ર વસ્ત્રસહિત જીનકલ્પિક હોય છે, તેને એક બે ત્રણ વસ્ત્રસહિત ત્રણ ચાર કે પાંચ ઉપકરણ હોય છે.

જે પાત્રભોજી વસ્ત્ર રહિત જિનકલ્પિક મુનિ છે. તેઓને મુહપત્તિ રજોહરણ અને પાત્રને લગતાં સાત ઉપકરણો મળી નવ ઉપકરણો હોય છે.

જે પાત્રભોજી વસ્ત્રસહિત જિનકલ્પિક મુનિ છે. તેઓને મુહપત્તિ રજોહરણ અને પાત્રને લગતાં સાત ઉપકરણો અને એક વસ્ત્ર મળીને દશ ઉપકરણો હોય છે. જો તેઓને બે વસ્ત્રો હોય તો અગિઆર ને ત્રણ વસ્ત્રો હોય તો બાર ઉપકરણો થાય છે.

તેમાં વસ્ત્રરહિત વિશુદ્ધ જિનકલ્પિક કહેવાય છે, અર્થાત પરિહારવિશુદ્ધના કલ્પ પ્રમાણે જીંદગી સુધી ચારિત્ર સેવનાર પણ જિનકલ્પિક કહેવાય છે. જિનક-લ્પને સ્વીકારનારા પ્રથમ તપ સૂત્ર સત્વ એકત્વ અને

બળવડે પોતાની તુલના-પરિક્ષા કરે છે. અને પછીથી જિનકલ્પ સ્વીકારે છે.

આ પ્રમાણે જિનકલ્પ અને સ્થવિરકલ્પને પ્રતિપાદન કરનારા બીજા ગ્રન્થોથી વિસ્તૃત સ્વરૂપ જાણી લેવું. આ સ્થવિરકલ્પ, જિનકલ્પ કે કલ્પાતીત, પાંચ નિર્ગ્રન્થો પૈકી કયા કયા નિર્ગ્રન્થને કયો કલ્પ છે કે કલ્પાતીતપણું છે તે જણાવે છે.

**पढमो य थेरकप्पो, कप्पाईय नियंठग सिणाया**
**सकसाओ तिविहो वि य, सेसाओ जिणथेरकप्पम्मि**

**સંસ્કૃત અનુવાદ.**

**प्रथमश्च स्थविरकल्पः, कल्पातीताः निर्ग्रन्थस्नातकाः ।**
**सकषायः त्रिविधोऽपि च, शेषौ जिनस्थविरकल्पौ ॥३९॥**

**અર્થ**-પ્રથમ નિર્ગ્રન્થને વિષે સ્થવિરકલ્પ, નિર્ગ્રન્થ તથા સ્નાતક કલ્પાતીત, સકષાયી ત્રણ કલ્પવાળા અને બાકીના જિનકલ્પી તથા સ્થવિરકલ્પી છે.

**વિશેષાર્થ**-પુલાક નિર્ગ્રન્થ સ્થવિરકલ્પી જ હોય છે. પણ તે ચારિત્રી જિનકલ્પી કે કલ્પાતીત હોતો નથી. કારણકે જિનકલ્પમાં લબ્ધિ વિગેરેનો ઉપયોગ હોતો નથી તેમજ કલ્પાતીતમાં જેવી નિર્મળશુદ્ધિ જોઇએ તેવી અહિ શુદ્ધિ હોતી નથી.

બકુશ અને પ્રતિસેવાકુશીલ ચારિત્રીને જિનકલ્પ અને સ્થવિરકલ્પ એમ બન્ને કલ્પ હોય છે. કષાય કુશીલ નિર્ગ્રન્થને જિનકલ્પ, સ્થવિરકલ્પ અને કલ્પ-

તીત એમ ત્રણે હોય છે. જ્યારે ઉપશશ્રેણીમાં છદ્મસ્થ સકષાયપણામાં હોય ત્યારે જીવને કલ્પાતીતપણું હોય છે.

નિર્ગ્ન્થ અને સ્નાતક કલ્પાતીતજ હોય છે. કારણકે તે અવસ્થામાં આત્મા આત્મરમણમાંજ લીન હોય છે. ને તે અવસ્થામાં કોઇપણ કલ્પથી તે પરજ હોય છે, ને કોઈપણ જાતની સમાચારીથી નિરપેક્ષ હોય છે.

આ રીતે પાંચે નિર્ગ્રન્થોમાં જિનકલ્પ સ્થવિરકલ્પ અને કલ્પાતીત આ રીતેજ ઘટી શકે છે.

॥ કલ્પદ્વાર ॥

# સંયમદ્વાર ૫

ચારિત્ર મહિનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમદ્વારા પ્રગટ થતો આત્માનો શુદ્ધ સ્વભાવ તે સંયમ છે, ને તેના પાંચ પ્રકાર પડે છે.

૧ **સામાયિક ચારિત્ર**–સમ–સમભાવને આય–લાભ હિંસાદિ સાવદ્ય યોગનો ત્યાગકરી અહિંસાદિ મહાવ્રતોનો સ્વીકાર કરવો તે સામાયિક ચારિત્ર છે. આ સામાયિક ચારિત્ર પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં થોડાકાળમાટે હોય છે, અને બાવીશ તીર્થંકરના તીર્થમાં યાવજ્જીવ સામાયિક ચારિત્ર હોય છે. તેથી બાવીશ તીર્થંકરના તીર્થમાં છેદોપસ્થાપનીય ચારિત્ર નથી હોતું.

૨ **છેદોપસ્થાપનીય ચારિત્ર**–પૂર્વના સામાયિક ચારિત્રના સદોષ કે નિર્દોષ પર્યાયને છેદ કરીને પુનઃ ઉપસ્થાપના કરવી દીક્ષા લેવી તેને છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે. આ છેદોપસ્થાયનીય ચારિત્રના બે પ્રકાર છે,–એક સાતિચાર છેદોપસ્થાપનીય અને બીજું નિરતિચાર છેદોપસ્થાપનીય. જેણે મહાવ્રતોના મૂળગુણોમાં ભંગ કર્યો હોય અને જે પ્રાયશ્ચિતાદિથી શુદ્ધ ન થઇ

શકે તેને ફરી મહાવ્રતો આપવામા આવે છે. તે સાતિચાર છેદોપસ્થાયનીય ચારિત્ર કહેવાય છે.

લઘુદીક્ષા આપવામાં આવેલ સાધુ શાસ્ત્રપરિજ્ઞાદિ અધ્યયન ભણ્યા પછી ફરી વડીદીક્ષા પામે તે નિરતિચાર છેદોપસ્થાપનીય છે. કારણ કે તે પ્રથમ દીક્ષા લીધા પછી બીજીવાર દીક્ષા લે છે ત્યાં સુધીમાં તેણે ચારિત્રને દૂષિત નથી કર્યું. તેજ પ્રમાણે પાર્શ્વનાથભગવાનના સાધુઓ મહાવીરપ્રભુના તીર્થમાં આવી ચાર મહાવ્રત ધર્મને છોડી પાંચ મહાવ્રતને અંગીકાર કરે ત્યારે તેના ચારિત્રને નિરતિચાર છેદોપસ્થાપનીય કહે છે.

૩ **પરિહારવિશુદ્ધિ ચારિત્ર**–જે ચારિત્રમાં તપવિશેષવડે શુદ્ધિ થાય તેને પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહે છે. પરિહારવિશુદ્ધિ ચારિત્રના અંગીકાર કરનારા નવ સાધુઓનો એક ગચ્છ હોય છે. તેમાં ચાર તપ કરનારા ચાર તપકરનારાની સેવા કરનારા અને એક વાચનાચાર્ય હોય છે. તપકરનારા સાધુઓ ઉનાળાને વિષે જઘન્યથી એક ઉપવાસ, મધ્યમથી બે ઉપવાસ, ને ઉત્કૃષ્ટથી ત્રણ ઉપવાસ કરે છે. શિયાળામાં જઘન્યથી બે ઉપવાસ, મધ્યમથી ત્રણ ઉપવાસ, અને ઉત્કૃષ્ટથી ચાર ઉપવાસ કરે છે ચોમાસામાં જઘન્યથી ત્રણ ઉપવાસ મધ્યમથી ચાર ઉપવાસને ઉત્કૃષ્ટથી પાંચ ઉપવાસ કરે છે. અને પારણાને વિષે આયંબિલ કરે છે. તેમજ વૈયાવૃત્ય કરનારા અને વાચનાચાર્ય હંમેશાં આયંબિલ કરે છે. એ પ્રમાણે છ માસ સુધી તપ

કરનારા તપશ્ચર્યાને કરે છે. ત્યારપછી જે વૈયાવૃત્ય કરનારા છે, તે પૂર્વની પેઠે છ માસ સુધી તપશ્ચર્યા કરે છે. અને પહેલાં જે તપ કરનારા હતા તે વૈયાવૃત્ય કરે છે; છેવટે વાચનાચાર્ય પણ સર્વની પેઠે છ માસ સુધી તપ કરે છે. આ વાચનાચાર્ય જ્યારે તપ કરે છે, ત્યારે બાકી રહેલા આઠ પૈકીમાંથી કોઇ એક વાચનાચાર્ય થાય છે, ને બીજા સાત વાચનાચાર્યની સેવા કરે છે. આ પ્રમાણે અઢાર માસનો કલ્પ પુર્ણ કરી કેટલા એક સાધુ ફરી તેજ પરિહારવિશુદ્ધિ ચારિત્રને સ્વીકારે છે. અને કેટલાએક જિનકલ્પને અંગીકાર કરે છે, ને કેટલાક પાછા સ્થવિરકલ્પમાં જોડાઈ જાય છે, તેમાં તુર્ત જિનકલ્પને સ્વીકારનારા યાવત્કથિક પરિહારવિશુદ્ધિ ચારિત્રી કહેવાય છે, અને બીજા ઇત્વરકથિક–થોડાકાળના પરિહારવિશુદ્ધિ કહેવાય છે, આ ચારિત્રને સ્વીકારનારા તીર્થંકર ભગવાનના હાથે દિક્ષા પામેલા અથવા તીર્થંકર ભગવાનની હાથે દિક્ષા પામેલાની પાસે દિક્ષા ગ્રહણ કરેલ હોય :છે. આ ચારિત્રીનો ગૃહસ્થથી પર્યાય ૨૯ વર્ષનો અને સાધુપર્યાય ૨૦ વર્ષનો હોય છે. તેમજ આ ચારિત્રને ગ્રહણ કરનારા સાધુઓ પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં હોય છે.

૪ **સૂક્ષ્મસંપરાય**—જે ચારિત્રમાં અત્યંત સૂક્ષ્મ અલ્પ સંપરાય–લોભ કષાય છે તેને સૂક્ષ્મસંપરાય કહે છે. આ ચારિત્રમાં વર્તનારને સૂક્ષ્મલોભ સિવાય સર્વ કષાયનો ઉપશમ અથવા ક્ષય થયેલ હોય છે. આ સૂક્ષ્મસંપરાય

ચારિત્રના સંકલિશ્યમાન અને વિશુદ્ધયમાન એ રીતે બે ભેદ છે. તેમાં ઉપશમશ્રેણીથી પડતાં સૂક્ષ્મસંપરાય ગુણઠાણું આવે તો તે સૂક્ષ્મસંપરાય સંકિલશ્યમાન કહેવાય છે કારણકે તે વખતે તેના અધ્યવસાયો ઉત્તરોત્તર મલિન થતા હોય છે. પરંતુ ઉપશમશ્રેણીએ અને ક્ષપકશ્રેણીએ ચડતાં જે સૂક્ષ્મસંપરાય ગુણઠાણે આવે તે વિશુદ્ધ્યમાન સૂક્ષ્મસંપરાય છે કારણકે તે વખતે તેના ઉત્તરોત્તર અધ્યવસાયો શુદ્ધતર થતા જાય છે.

૫ **યથાખ્યાત ચારિત્ર**—જે ચારિત્રમાં કષાયાનો સર્વથા ઉપશમ અથવા ક્ષય થવાથી વીતરાગપણાની પ્રાપ્તિ થાય તે યથાખ્યાત ચારિત્ર. અથવા ચારિત્ર જેવું જોઈએ તેવું નિર્મળ જેમાં હોય તે યથાખ્યાત ચારિત્ર. તે ચારિત્રના છાદ્મસ્થિક અને કૈવલિક એ રીતે બે ભેદ છે. ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ ગુણઠાણાવાળાને છાદ્મસ્થિક યથાખ્યાત. અને સયોગીકેવળી અને અયોગીકેવળી એ બે ગુણસ્થાકે કૈવલિક યથાખ્યાત ચારિત્ર હોય છે.

હવે આ નિર્ગ્રન્થના પાંચ ભેદોમાં કયા કયા નિર્ગ્રન્થોને કયું કયું સંયમ હોય તે જણાવે છે.

**आइमसंजमजुअलो, तिन्नि उ पढमा कसाय व चउसु**
**निग्गंथ सिणाया पुण, अहखाए संजमे हुंति॥४०॥**

## સંસ્કૃત અનુવાદ.

आदिम संयमयुगले त्रयस्तु प्रथमा कषायवान् चतुर्षु
निर्गन्थस्नातकाः पुनः यथाख्याते संयमे भवति ॥४०॥

**અર્થ**–પ્રથમના સંયમયુગલમાં ત્રણ નિર્ગ્રન્થ હોય, પ્રથમના ચાર સંયમમાં કષાયકુશીલ હોય. યથાખ્યાત સંયમમાં નિર્ગ્રંથ અને સ્નાતક હોય છે.

**વિષેષાર્થ**—સામાયિક ચારિત્ર છેદોપસ્થાપનીય ચારિત્ર, પરિહાર વિશુદ્ધિ ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચરિત્ર અને યથાખ્યાત ચારિત્રમાંથી સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપનીય ચારિત્રમાં પૂલાકનિર્ગ્રંથ, બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવનાકુશીલ નિર્ગ્રંથપણું હોય છે. અને સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ, સૂક્ષ્મ સંપરાય એ ચારમાં કષાય કુશીલ નિર્ગ્રંથપણું હોય છે, તેમજ યથાખ્યાતસંયમમાં નિર્ગ્રન્થ અને સ્નાતક-નિર્ગ્રન્થ હોઇ શકે છે,

मुलुत्तरगुणविषया पाडिसेवासेवए पुलाएअ
उत्तरगुणेसु बउसो, सेसा पडिसेवणा रहिआ॥४१॥

## સંસ્કૃત અનુવાદ.

मुलुत्तरगुणविषया प्रतिसेवासेवके पुलाके च
उत्तरगुणेवु बकुशः शेषा प्रतिसेवनारहिता ॥ ४१ ॥

**અર્થ**--પુલાક તથા પ્રતિસેવના કુશીલને વિષે મૂળગુણ તથા ઉત્તરગુણ સંબંધી પ્રતિસેવના-વિરાધના હોય. બકુશને ઉત્તરગુણની તથા બાકીના પ્રતિસેવના રહિત હોય. ૪૧

**વિશેષાર્થ**-પુલાકનિર્ગ્રન્થ અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રન્થને મૂળગુણની તથા ઉત્તરગુણની પ્રતિસેવના હોય છે. બકુશને ઉત્તરગુણની જ પ્રતિસેવના હોય છે, ને બાકી રહેલા કષાયકુશીલ નિર્ગ્રન્થ અને સ્નાતક એ ત્રણ પ્રતિસેવના રહિત હોય છે.

## ૨ જ્ઞાનદ્વાર

**જ્ઞાન**–સામાન્ય અને વિશેષરૂપ પદાર્થનું સ્વરૂપ છે. તેમાં વિશેષની મૂખ્યતાએ અને સામાન્યની ગૌણુતાએ જ્ઞાન થાય છે. આ જ્ઞાનના મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એમ પાંચ પ્રકાર છે.

**મતિજ્ઞાન**–મતિ–સંજ્ઞા–ચિન્તા–અભિનિબોધ એ પર્યાય વાચક શબ્દો છે. મન અને ઇંદ્રિયના .સંયોગથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તેને મતિજ્ઞાન કહે છે. તેના વ્યંજનાવગ્રહ વિગેરે પ્રકારોવડે અઠ્ઠાવીસ ને બહુવિધ અબહુવિધ વિગેરેની સંકલના વડે ૩૬૦ ભેદ પડે છે.

**શ્રુતિજ્ઞાન**–સાંભળવાદ્વારા જે જ્ઞાન તે શ્રુતજ્ઞાન અથવા મન અને ઇંદ્રિયોના સંયોગથી શ્રુતને અનુસરી અર્થની સંજ્ઞાવાળું જે યથાર્થજ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન. એટલે આચારાંગાદિશાસ્ત્રનું જે જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. તેના અક્ષરશ્રુત વિગેરે પ્રકારોવડે ચઉદ ભેદ, અને પર્યાયશ્રુત વિગેરે પ્રકારોવડે વીસ ભેદ પડે છે.

**અવધિજ્ઞાન**–રૂપીદ્રવ્યોને–જાણવાની મર્યાદા વડે થતું જ્ઞાન

તે અવધિજ્ઞાન, દેવ અને નારકીને આશ્રયીને ભવમાત્રના કારણથી ઉત્પન્ન થાય છે. અને મનુષ્ય તિર્યંચને ગુણને આશ્રયી થાય છે. આ જ્ઞાન આત્માને ઇંદ્રિય અને મનના સંયોગવિના આત્મસાક્ષીએ થાય છે.

વજ્ઞાન—મનના પર્યાયોને જાણનારૂ જ્ઞાન તે મનઃપર્યવ-

**મનઃપર્યવજ્ઞાન**—અઢીદ્વિપમાં રહેલા સંજ્ઞિ પંચેદ્રિયોના હૃદયગત ભાવોને જે જાણે તે મનઃપર્યવજ્ઞાન. આ જ્ઞાન સંયમની વિશુદ્ધથી થનારા જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી થાય છે. તેના પણ ઋજુમતિ અને વિપુલમતિ એમ બે ભેદ પડે છે.

**કેવળજ્ઞાન**—સંપુર્ણ પદાર્થનું ક્ષય ન પામે તેવું અદ્વિતીય એક જ્ઞાન તે કેવળ જ્ઞાન છે. આના કોઇ ભેદ નથી. આ જ્ઞાન સંપુર્ણ જ્ઞાનાવરણનો ક્ષય થાય છે ત્યારે જ થાય છે.

હવે આ પાંચ જ્ઞાનો પૈકી કયું જ્ઞાન કયા નિર્ગ્રન્થને હોય તે હવે જણાવે છે.

**बउसासेविपुलाया, आइमनाणेसु दोसु तिसु वा वि**
**ण्हाओ केवलनाणे, सेसा पुण चउसु भयणाए ।४२।**

**સંસ્કૃત અનુવાદ.**

**बकुशासेविपुलाकाः आदिमज्ञानयोः द्वयोः त्रिषु वा पि**
**स्नातः केवलज्ञाने, शेषाः पुनः चतुर्षु भजनया ॥४२॥**

**અર્થ**-બકુશનિર્ગ્રન્થ પ્રતિસેવાકુશીલનિર્ગ્રન્થ અને પુલાક નિર્ગ્રન્થ પ્રથમના બે અથવા ત્રણ જ્ઞાનમાં હોય, સ્નાતક કેવળજ્ઞાનમાં, ને બાકીના નિર્ગ્રન્થો ચારમાં ભજનાએ હોય.

**વિશેષાર્થ**-પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક એ પાંચ નિર્ગ્રન્થના ભેદ છે. તેમાં પુલાક બકુશ અને પ્રતિસેવનાકુશીલ એ ત્રણ નિર્ગ્રન્થને પ્રથમનાં બે મતિ અને શ્રુતજ્ઞાન હોય. અથવા પ્રથમના ત્રણ મતિજ્ઞાન, શ્રતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય, પરંતુ મનઃપર્યવ તથા કેવળજ્ઞાન નજ હોય, કારણકે મન:-પર્યવજ્ઞાન સંયમની અત્યંત વિશુદ્ધિના કારણથી થાય છે, અને કેવળજ્ઞાન તેરમા ચૌદમા ગુણસ્થાનકવાળા જીવોને હોય છે. માટે આ ત્રણ નિર્ગ્રન્થને બે અથવા ત્રણ જ્ઞાન જ હોય છે.

કષાયકુશીલનિર્ગ્રંથ, અને નિર્ગ્રન્થને ચાર રીતે જ્ઞાન ઘટી શકે છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન હોય ત્યારે બે જ્ઞાન. મતિજ્ઞાન શ્રુતજ્ઞાન ને અવધિજ્ઞાન આ પ્રમાણે અથવા મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન હોય ત્યારે ત્રણ જ્ઞાન. તેમજ મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન એમ ચાર જ્ઞાન હોય છે.

સ્નાતકનિર્ગ્રન્થને કેવળજ્ઞાનજ હોય છે. કારણકે સ્નાતક નિર્ગ્રન્થ તેરમા ચૌદમે ગુણઠાણે વર્તતા હોય છે. તેમજ જ્યારે કેવળજ્ઞાન હોય ત્યારે બીજા જ્ઞાનો

તેમાં અન્તર્ગત કરી લેવામાં આવે છે પણ તેને જુદાં પૃથક્ સ્વીકારવામાં નથી આવતાં.

**નિગ્રંથોને અનુસરીને શ્રુતજ્ઞાન સંબંધી વિચાર:—**

## पढमस्स जहण्णेणं होइ सुअं जाव नवमपुव्वस्स
## आयारतइयवत्थुं, उक्कोसेणं तु नवपुव्वा ॥४३॥

**સંસ્કૃત અનુવાદ.**

**प्रथमस्य जघन्येन भवति श्रुतं यावत् नवमपूर्वस्य ।**
**आचारतृतीयवस्तु, उत्कृष्टेन तु नवपूर्वाणि ॥ ४३ ॥**

**અર્થ**-પ્રથમને જઘન્યથી શ્રુત નવમા પૂર્વના આચાર નામના ત્રીજા વસ્તુ સુધીનું હોય. ઉત્કૃષ્ટથી નવે પૂર્વ પુરેપુરાં હોય.

**વિષેષાર્થ**—શ્રુતજ્ઞાનના બે પ્રકાર છે. એક અંગબાહ્યને બીજું અંગપ્રવિષ્ટ તેમાં અંગ પ્રવિષ્ટમાં બાર અંગનો સમાવેશ કરવામાં આવેલ છે. તે અંગો આ પ્રમાણે છે.–૧ આચારાંગ, ૨ સુયગડાંગ, ૩ ઠાણાંગ, ૪ સમવાયાંગ, ૫ ભગવતિ, ૬ જ્ઞાતાધર્મ, ૭ ઉપાસકદશાંગ ૧૦ પ્રશ્નવ્યાકરણ, ૧૧ વિપાક, ૧૨ દૃષ્ટિવાદ, તેમાં બારમા દૃષ્ટિવાદના પરિકર્મ સૂત્ર પૂર્વાનુયોગ પૂર્વગત અને ચુલિકા એમ પાંચ ભેદ પડે છે. તેમજ દૃષ્ટિવાદમાં આવેલ પૂર્વગતના ચૌદપૂર્વને લઇને ચૌદ ભેદો પડે છે ને તે આ પ્રમાણે–૧ ઉત્પાદપૂર્વ, આગ્રાયણીપૂર્વ, વીર્યપ્રવાદપૂર્વ, અસ્તિપ્રવાદપૂર્વ, જ્ઞાનપ્રવાદપૂર્વ સત્યપ્રવાદપૂર્વ, આત્મપ્રવાદપૂર્વ, કર્મપ્રવાદપૂર્વ, પ્રત્યા-

ખ્યાનપૂર્વ, વિદ્યાપ્રવાદપૂર્વ કલ્યાણપૂર્વ પ્રાણાયુપૂર્વ ક્રિયાવિશાલપૂર્વ, લોકબિન્દુસાર, આ પૂર્વની ગહનતા એટલી બધી છે કે પ્રથમનું પૂર્વ જો લખવામાં આવે તો એક હસ્તિપ્રમાણ સહી જોઈએ. અને પછી પછીના પૂર્વ બમણા બમણા હસ્તિપ્રમાણ સહીથી લખી શકાય તેવાં ગહન છે. જો કે તે પૂર્વો કોઈએ લખ્યાં નથી કે કોઇ લખવાનું નથી. છતાં પણ તેની ગહનના અત્યંત છે તે જણાવવા માટે છે.

આ રીતે પુલાકનિર્ગ્રન્થને જઘન્યથી નવમાપૂર્વના અચાર નામની ત્રીજી વસ્તુ સુધીનું જ્ઞાન હોવું જોઈએ અને ઉત્કૃષ્ટથી નવે પૂર્વ પુરેપુરાં જોઈએ.

**बउसकुशीलनियंठाणं, पवयणमायरो जहन्नसुअं**
**बउसपडिसेवगाणं, पुव्वाइँ दसेव उक्कोसं ॥४४॥**

## સંસ્કૃત અનુવાદ.

**बकुशकुशीलनिर्ग्रन्थानां, प्रवचनमातरः जघन्यश्रतं**
**बकुशप्रतिसेवकानां पूर्वाणि दशैव उत्कृष्टानि ॥ ४४ ॥**

**અર્થ**-બકુશનિર્ગ્રન્થ, પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલને જઘન્યથી આઠ પ્રવચન માતાનું શ્રુત હોય છે બકુશ અને પ્રતિસેવનાકુશીલને ઉત્કૃષ્ટ દર્શપુર્વ સુધીનુ શ્રુતજ્ઞાન હોય છે.

**વિશેષાર્થ**-બકુશનિર્ગ્રન્થ પ્રતિસેવનાકુશીલનિર્ગ્રન્થ અને કષાયકુશીલનિર્ગ્રન્થ આ ત્રણેને જઘન્ય-ઓછામાં ઓછું શ્રુતજ્ઞાન અષ્ટ પ્રવચન માતાનું ( પાંચ સામતિ

અને ત્રણ ગુપ્તિનું) હોય છે. પરંતુ તે ત્રણમાં પણ બકુશ નિર્ગ્રંથને અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રન્થને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન દસપુર્વનું હોય છે.

અષ્ટપ્રવચનમાતાના પાલનરૂપ ચારિત્ર હોવાથી દરેક ચારિત્ર સ્વીકારનારાઓને અવશ્ય અષ્ટપ્રવચનમાતાનુ જ્ઞાન હોવું જોઇએ, કારણકે જ્ઞાનપુર્વક જ ચારિત્ર શોભે છે. ને જો ચારિત્રીને જીવાજીવાદિ પદાર્થોનું જ્ઞાન ન હોય તો તે કઇ રીતે ઇષ્ટમાં પ્રવૃત્તિ અનિષ્ટમાં નિવૃત્તિ અને ઉપેક્ષણીયમાં ઉપેક્ષા કરી શકે. માટે અવશ્યમેવ **अण्हं 'पवयणमायाणं'** ઇત્યાદિસૂત્રનું જ્ઞાન જઘન્યથી હોવું જોઇએ.

પરંતુ આ અષ્ટવપ્રચમાતાનું જ્ઞાન પણ બહુલતાએ માનવું કારણકે ઉત્તરાધ્યયન સૂત્રમાં આવતું આ અષ્ટપ્રવચનઅધ્યયન મોટું હોવાથી અને વિશિષ્ટ બુદ્ધિશાળી જાણી શકે તેવું હોવાથી સર્વને તેટલું જ્ઞાન હોય જ તેમ ન સંભવી શકે, અને જો તેમ માનીએ તો માષતુષ વિગેરે મુનિઓને તે જ્ઞાન ન હોવા છતાં તેમને ચારિત્રનો સ્વીકાર કર્યો છે તેમાં વ્યભિચાર દોષ આવે.

**निग्गंथकसाईणं, चउदसउ सिणायओ सुयाईओ ॥ दारं७ ॥**

**आइतियं तित्थम्मि उ, तित्थातित्थेसु अंततियं ॥ दारं८ ॥ ४५ ॥**

## સંસ્કૃત અનુવાદ.

निर्ग्रन्थकषायाणां, चतुर्दशस्तु, स्नातकः श्रुतातीतः ।
आदित्रिकं तीर्थे तु, तीर्थातीर्थयोः अन्त्यत्रिकं ॥ ४५ ॥

**અર્થ**-નિર્ગ્રન્થ તથા કષાયકુશીલનિર્ગ્રન્થને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન ચૌદપૂર્વ સુધીનું હોય છે. સ્નાતકનિર્ગ્રન્થ શ્રુતાતીત હોય છે. પ્રથમના ત્રણ નિર્ગ્રન્થ તીર્થમાં હોય છે, અને છેલ્લા ત્રણ નિર્ગ્રન્થ તીર્થાતીર્થમાં હોય છે.

**વિશેષાર્થ**-હવે નિર્ગ્રન્થનો ચોથો ભેદ જે નિર્ગ્રન્થ નિર્ગ્રન્થ ચારિત્ર છે તે અને કષાયકુશીલનિર્ગ્રન્થને જઘન્ય શ્રુતજ્ઞાન અષ્ટપ્રવચનમાતાનું હોય છે, અને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન ચૌદે પૂર્વ સુધીનું હોઇ શકે છે.

# ૮—તીર્થદ્વાર

**તીર્થ**—સંસાર સાગરમાંથી તારે તે તીર્થ. અને તે તીર્થ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ છે. ને આ તીર્થને તીર્થંકર ભગવાનો પ્રવર્તાવે છે. ને આ તીર્થંકર ભગવાન તે એ છે કે જેઓને નવલોકાન્તિક દેવો ' તીર્થ પ્રવર્તાવો ' એવી વિનંતી કરે છે, ને જે કોડો સોનામહોરોનું વાર્ષિક દાન આપી જગતને દારિદ્ર મુક્ત બનાવે છે ને ત્યારપછી જે સ્વયંસંસાર ત્યાગી ઉત્કૃષ્ટ તપશ્ચર્યા અને ધ્યાનમાં મગ્ન રહી અનેક ઉપસર્ગ સહન કરી અન્તે ચાર ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામે છે. ને કેવળજ્ઞાન પામ્યા બાદ તે તીર્થંકરનામકર્મના ઉદયથી સમવસરણમાં દેશના આપી—ચતુર્વિધ સંઘ સ્થાપે છે. આ તીર્થંકર ભગવાનની દેશના સાંભળી અનેક સ્ત્રીપુરૂષો વૈરાગ્ય પામી સાધુ સાધ્વી બને છે. અને જે સ્ત્રીપુરૂષો ધર્મ રૂચિ થયા છતાં સંયમ પાળવામાં પોતે પોતાને અશક્ત માનતા હોય તે શ્રાવક શ્રાવિકા બને છે. આ રીતે ચતુર્વિધ સંઘ બને છે. આ ચતુર્વિધ સંઘરૂપ તીર્થની સ્થાપના થયે છતે જે નિર્ગ્રન્થ બને તે તીર્થમાં થયેલા નિર્ગ્રંથ કહેવાય છે, અને જે ખુદ તીર્થંકર મહારાજા પોતે અને બીજા પ્રત્યેક બુદ્ધો ચતુર્વિધસંઘ સ્થપાયા પહેલાં નિર્ગ્રંથ થાય તે અતીર્થમાં થયેલા નિર્ગ્રન્થ

કહેવાય છે. ઉપલક્ષણથી દ્વાદશાંગી વિગેરે પણ તીર્થ કહી શકાય છે.

પુલાક, બકુશ, પ્રતિસેવના અને કષાય-એરીતે બે પ્રકારનું કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક આ રીતે પાંચ નિર્ગ્રન્થો છે. તેમાં પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ આ ત્રણ નિર્ગ્રન્થો ચતુર્વિધ સંઘરૂપ તીર્થ પ્રવર્તાવે છતે જ હોઇ શકે છે, અને છેલ્લાં ત્રણ કષાયકુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક આ ત્રણ ચતુર્વિધ સંઘરૂપ તીર્થ પ્રવર્ત્યું હોય ત્યારે પણ હોય અને તે ન પ્રવર્ત્યું હોય તોપણ હોઇ શકે છે, છતાં પણ આ કષાયકુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક એ ત્રણ ચારિત્ર જે અતીર્થમાં હોય છે. તે પ્રત્યેક બુદ્ધ અથવા તીર્થંકરોને અનુલક્ષીને જ હોય છે, કારણકે તે પ્રત્યેકબુધ્ધ અને તીર્થંકર મહારાજાઓને છદ્મસ્થ અવસ્થામાં કષાયકુશીલ અને નિર્ગ્રન્થ ચારિત્ર હોય છે, અને ત્યાર પછીથી સ્નાતક હોય છે.

આ રીતે પાંચે નિર્ગ્રન્થોના તીર્થાતીર્થનું પૃથક્કરણ કર્યું.

# ૯—લિઙ્ગદ્વાર

લિંગ એટલે ઓળખવાનું સાધન, અને તે દ્રવ્યલિંગ અને ભાવલિંગ એ રીતે બે પ્રકારે છે, એમાં વળી દ્રવ્યલિંગના બે પ્રકાર છે એક સ્વલિંગ અને બીજું પરલિંગ તેમાં પરલિંગના પણ ગૃહસ્થલિંગ અને અન્યલિંગ એમ બે ભેદ છે. જે નિર્ગ્રન્થને જૈન સાધુનો વેષ હોય તે સ્વલિંગ કહેવાય છે. એટલે રજોહરણ મુહપત્તિ વિગેરે વેષવાળા નિર્ગ્રન્થ તે દ્રવ્ય સ્વલિંગ છે, કારણકે જે દ્રવ્યલિંગ ભાવલિંગને સુચવતું યા પોષક હોય તે તેનું સ્વલિંગ કહેવાય છે, કેમકે ભાવનિર્ગ્રન્થ તે યતનાસ્વરૂપ છે. ને આ યતનાસ્વરૂપ ભાવનિર્ગ્રન્થને રજોહરણ મૂહપત્તિ વિગેરે સ્વલિંગ પોષાક અને સૂચક છે, માટે સ્વલિંગ છે. જે લિંગ ભાવલિંગને પોષક કે સૂચક ન હોય તે પરલિંગ કહેવાય છે તેના બે ભેદો પૈકી જેમાં જે ગૃહસ્થને છાજે એવો વેષ રાખો તે ગૃહસ્થલિંગ કહેવાય છે. અને જે જૈનધર્મ સિવાયના બૌદ્ધ નૈયાયિક વિગેરે દર્શન પ્રસિદ્ધ તાપસાદિનો વેષ રાખવો તે અન્યલિંગ છે કારણકે આ બન્ને લિંગ યતનાસ્વરૂપભાવનિર્ગ્રંથને જરાપણ પોષક કે સૂચક નથી. આ પુલાકાદિનું ભાવલિંગ તો એક સ્વલિંગ જ છે. એટલે જ્ઞાન દર્શન અને ચારિત્રના પરિણામરૂપ સ્વલિંગે જ છે, દ્રવ્યલિંગમાં ગમે તે લિંગ હોય પરંતુ ભાવલિં-

ગમાં તો હમણાં બતાવી ગયા તે પ્રમાણે નિર્ગ્રંથનું જેવું સ્વરૂપ હોય તેવું સ્વરૂપ હોવું જોઈએ તોજ તે નિર્ગ્રંથ કહી શકાય. એટલે આ ભાવ લિંગ કોઈપણ જાતના બાહ્યલિંગ સાથે સંબંધ ધરાવતું નથી.પરંતુ હૃદયગત આત્મવિશુદ્ધિ સાથે સંબંધવાળું છે, માટે તેના બીજા કાંઇ ભેદો નથી.

**હવે લિંગદ્વાર નિર્ગ્રન્થમાં ઘટાવે છે—**

**नियलिंगे परलिंगे, गिहिलिंगे वाऽवि दव्वओ हुज्जा**
**नियलिंगे चिय भावेण, हुज्ज सव्वे पुलागाई**
**॥ दारं ॥९॥**

**સંસ્કૃત અનુવાદ.**

**निजलिङ्गे परलिङ्गे, गृहिलिङ्गे वाऽपि द्रव्यतः भवन्ति**
**निजलिङ्गे किल भावेन, भवन्ति सर्वे पुलाकादयः ॥४६॥**

**અર્થ**-નિર્ગ્રન્થ દ્રવ્યથી સ્વલિંગ; પરલિંગ; અને ગૃહસ્થલિંગે હોય. અને ભાવથી પુલાકાદિ સર્વે નિશ્ચે સ્વલિંગે જ હોય. પુલાક, બકુશ, પ્રતિસેવના અને કષાયના ભેદે બે પ્રકારનું કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક આ પાંચે નિર્ગ્રંથોનું દ્રવ્યલિંગથી સ્વલિંગ અન્યલિંગ અને ગૃહસ્થલિંગ એમ ત્રણે પ્રકારે લિંગ હોઇ શકે છે, એટલે તે પાંચે નિર્ગ્રન્થો જૈન સાધુના રજોહરણ વિગેરે વેષવાળા, તાપસાદિના વેષવાળા અને ગૃહસ્થના વેષવાળા પણ હોય છે, અને ભાવથી તો તે પાંચે નિર્ગ્રન્થ નક્કી સ્વલિંગે-જ્ઞાન દર્શન ચારિત્રરૂપ સાધુલિંગે જ હોય છે.

# ૧૦–શરીરદ્વાર

શરીર–શીર્યંતે તદ્ શરીરં જે નાશ પામે તે શરીર. અને તે ઔદારિક વૈક્રિય આહારક તૈજસ અને કાર્મણ એ રીતે પાંચ પ્રકારે છે.

ઔદારિક–તીર્થંકર અને ગણધરમહારાજાઓની અપેક્ષાએ ઉદાર–પ્રધાન શરીર તે ઔદારિક શરીર. અથવા વૈક્રિયની અપેક્ષાએ પરમાણુએ અલ્પ અને અવગાહુનાએ સ્થુલ–ઉદાર વર્ગણાનું બનેલ તે ઔદારિક. આ શરીર મનુષ્ય અને તિર્યંચોની અપેક્ષાએ સહજ હોય છે. પાંચે શરીરમાં આને એટલા માટે ઉત્તમ કહેવામાં આવે છે કે આ શરીરદ્વારા જીવ મોક્ષ સુધી પણ જઇ શકે છે.

૨ વૈક્રિયશરીર–વિવિધ પ્રકારની ક્રિયા કરવાના નિમિત્તે બનેલું શરીર તે વૈક્રિયશરીર, તે એક શરીરમાંથી અનેક થાય, અનેક થઇને પાછું એક થાય, સૂક્ષ્મ થઇને મોટું થાય, મોટું થઇને સૂક્ષ્મ થાય; આકાશગામી થઇને ભૂમિચર થાય, ભૂમિચર થઇને આકાશગામી થાય, દૃશ્ય થઇને અદૃશ્ય થાય, અને અદૃશ્ય થઇને દૃશ્ય થાય. તેમજ આ વૈક્રિયશરીરના ઔપપાતિક અને લબ્ધિ પ્રત્યય એ રીતે બે ભેદ છે. દેવ અને નારકીને ઔપપાતિક (ઉપપાત્ત જન્મ નિમિત્તક) ભવધારણીય વૈક્રિય શરીર હોય છે, મનુષ્ય અને તિર્યંચને લબ્ધિ

પ્રત્યય વૈક્રિયશરીર હોય છે. જે પોતાના મૂળશરીરથી વૈક્રિયશરીર કરે ત્યારે તેને ઉત્તરવૈક્રિય શરીર કહેવામાં આવે છે.

૩ **આહારકશરીર**–ચઉદપૂર્વધર તીર્થંકરની ઋદ્ધિ જોવા નિમિત્તે કે બીજા કોઇપણ કારણે આહારકલબ્ધિના સામર્થ્યથી હસ્તપ્રમાણ અત્યંત સ્વચ્છ પુદ્દગલોનું બનેલું, કોઇનો વ્યાઘાત ન કરે અને અન્યથી જેનો વ્યાઘાત ન થઇ શકે એવું જે શરીર બનાવે તે આહારક શરીર. ચઉદપૂર્વધરમહારાજા અત્યંત સૂક્ષ્મ અર્થનો સંદેહ દૂરકરવામાટે અન્યક્ષેત્રમાં રહેલા તીર્થંકર પાસે ઔદારિક શરીરથી જવું અશક્યધારી લબ્ધિના નિમિત્તદ્વારા આહારકશરીર કરે છે, અને ભગવાનને પુછી સંદેહ દૂર કરી પોતાને સ્થાને આવી અન્તર્મુહૂર્તમાં તે શરીરનો ત્યાગ કરે છે.

૪ **તૈજસશરીર**–ખાધેલા અહારાદિકના પાચનનું કારણભૂત તૈજસશરીર છે. અમુક વિશિષ્ટ તપોનુષ્ઠાનથી જીવને તૈજસલબ્ધિ પ્રાપ્ત થાય છે, તે તૈજસલબ્ધિદ્વારા તૈજસશરીરમાંથી શ્રાપ વિગેરે નિમિત્તવાળી તેજો લેશ્યા, અને ઉપકાર નિમિત્તે શીતલેશ્યા નીકળે છે. આ શરીર જીવને જ્યાંસુધી કર્મની વિદ્યમાનતા હોય ત્યાંસુધી અવશ્યમેવ હોય છે.

**કાર્મણશરીર**–કર્મપુદ્દગલોનું બનેલું કર્મમય તે કાર્મણ શરીર. અથવા કર્મપરમાણુઓ જે આત્મપ્રદેશ સાથે લાગેલા છે તે કાર્મણશરીર. કર્મ એ કાર્મણનું તેમજ

બીજા શરીરનું પણ કારણ છે, પણ એટલો વિશેષ છે કે કાર્મણ શરીરનું કર્મ એ ઉપાદાન કારણ છે, અને બીજા શરીરોનું નિમિત્ત કારણ છે, આ કાર્મણ શરીર જીવને ભવાન્તર જવામાં ખાસ સાધનરૂપ છે. જ્યારે ભવાન્તર જતાં બીજાં શરીરોનો ત્યાગ કરવો પડે છે, ત્યારે તૈજસ કાર્મણ એ બન્ને શરીરો ભવાન્તર જતાં સાથે આવે છે. છતાં આ કાર્મણ શરીર અત્યંત સૂક્ષ્મ હોવાથી જતાં આવતાં દેખી શકાતું નથી.

હવે આ પાંચ શરીરોમાંથી કયા નિર્ગ્રન્થને કયું કયું શરીર હોય તે જણાવે છે.

**ण्हायनियंठपुलाया, ओरालियतेअकम्मणशरीरा**
**बउसासेवि विउव्वा वि, कषायहारगतणू वि**
**दारं १० ॥ ४७ ॥**

### સંસ્કૃત અનુવાદ.

स्नातकनिर्ग्रन्थपुलाकाः, औदारिकतैजसकार्मणशरीराः
बकुशासेविनः वैक्रियाः अपि कषायाः आहारकतनुमन्तोऽपि ४७

**અર્થ**-સ્નાતક, નિર્ગ્રન્થ અને પુલાક એ ત્રણ ઔદારિક તૈજસ અને કાર્મણ શરીરવાળા હોય, બકુશનિર્ગ્રન્થ અને પ્રતિસેવના કુશીલને વૈક્રિયશરીર પણ હોય, કષાયકુશીલનિર્ગ્રન્થને આહારકશરીર પણ હોય.

**વિશેષાર્થ**-સ્નાતકનિર્ગ્રન્થ, નિર્ગ્રન્થનિર્ગ્રન્થ અને પુલાકનિર્ગ્રન્થ આ ત્રણ નિર્ગ્રન્થોને ઔદારિક તૈજસ અને

કાર્મણ શરીર હોય બીજાં ન હોય, કારણકે સ્નાતક અને નિર્ગ્રન્થ ઉપરના અત્યંત વિશુદ્ધ ગુણઠાણે વર્તતા હોવાથી આહારક અને વૈક્રિયશરીર ન બનાવે, માટે તેમને ત્રણ શરીર હોય, પુલાકનિર્ગ્રન્થને ચઉદપૂર્વ સુધીનું શ્રુતજ્ઞાન ન હોવાથી આહારક શરીર ન બનાવી શકે, અને વૈક્રિયશરીર પણ તે ન બનાવતા હોવાથી પુલાકનિર્ગ્રન્થને ત્રણ શરીર હોય.

બકુશ અને પ્રતિસેવનાકુશીલને ઔદારિક વૈક્રિય તૈજસ અને કાર્મણ એ પ્રમાણે ચાર શરીર હોય પરંતુ આહારક શરીર ન હોય, કારણકે આહારક ચઉદપૂર્વીને હોય છે, અને આ નિર્ગ્રન્થોને ચઉદ-પૂર્વનું જ્ઞાન ન હોવાથી આહારકશરીર ન કરી શકે કષાયકુશીલનિર્ગ્રંથને ઔદારિક વૈક્રિય આહારક તૈજસ અને કાર્મણ એ પાંચે શરીર હોય. કારણકે એ નિર્ગ્રંથ ચૌદપૂર્વીપણ હોઈ શકે છે.

## ૧૧–ક્ષેત્રદ્વાર

**ક્ષેત્ર**–એટલે સ્થાન, જગ્યા, આ ક્ષેત્ર પણ કર્મભૂમિ અને અકર્મભૂમિ એરીતે બે પ્રકારે છે. જ્યાં અસિ મષિ અને કૃષિનો વ્યાપાર ચાલતો હોય તેને કર્મભૂમિ કહે છે. એટલે જ્યાં રાજ્ય વિગેરેના રક્ષણો માટે તલવાર, ભાલા તીર વિગેરેનો ઉપયોગ થાય તે અસિકર્મ, જ્યાં ઉદરનિર્વાહમાટે ખેતરો ખેડી અનાજ વાવવામાં આવે તે કૃષિકર્મ અને જ્યાં પરસ્પર લેવડ દેવડને અંગે લખાણો લખવામાં આવે તે મષિકર્મ. આ ત્રણે કર્મો જ્યાં થતાં હોય તે કર્મભૂમિ અને તે પાંચભરત પાંચઐરવત અને પાંચમહાવિદેહ એ રીતે પંદર પ્રકારે છે. આ સિવાયના જે ૫૬ અંતરદ્વીપ અને પાંચ હરિવર્ષ વિગેરે જે ત્રીસ ક્ષેત્રો છે તે અકર્મભૂમિ છે.

**કર્મભૂમિ અને અકર્મભૂમિમાં જીવોના જન્મ અને વિહારની ઘટના કરી બતાવે છે—**

**कम्मधराइ पुलाओ, सेसा जम्मेण कम्मभूमीसु**
**संहरणेणं पुण ते, अकम्मभूमीसु वि हविज्जा**
**दारं ११ ॥ ४८॥**

**સંસ્કૃત અનુવાદ.**

कर्मधरायां पुलाकः, शेषा जन्मना कर्मभूमिषु ।
संहरणेन पुनस्ते, अकर्मभूमिष्वपि भवन्ति ॥ ४८ ॥

**અર્થ**–પુલાકનિર્ગ્રન્થ કર્મભૂમિમાં હોય, બાકીના જન્મથી કર્મભૂમિમાં અને સંહરણથી અકર્મભૂમિમાં પણ હોય ॥ ૪૮ ॥

**વિશેષાર્થ**–પુલાકનિર્ગ્રન્થોનો જન્મ કર્મભૂમિમાં હોય એટલે કર્મભૂમિમાં જન્મેલોજ પુલાકનિર્ગ્રન્થ થઇ શકે, અને આ પુલાકનિર્ગ્રન્થનો વિહાર પણ કર્મભૂમિમાં જ હોય અકર્મભૂમિમાં ન હોય. તેમજ જે કર્મભૂમિમાં જન્મ્યા હોય તેજ બકુશનિર્ગ્રન્થ, કુશીલનિર્ગ્રંથ, નિર્ગ્રન્થ નિર્ગ્રંથ અને સ્નાતકનિર્ગ્રન્થ થઇ શકે. પરંતુ વિહારને લઇને તો આ ચાર નિર્ગ્રન્થોનો વિહારપ્રદેશ કર્મભૂમિ પણ હોય અને અકર્મભૂમિ પણ હોય. પરંતુ અકર્મભૂમિમાં તેઓનો વિહાર દેવાદિકના સંહરણથી કરે. ત્યારે બની શકે છે. તેમાં પણ દેવે સંહરણ કરેલા બકુશ કુશીલ ત્યાં ગયા પછી પણ નિર્ગ્રન્થ અને સ્નાતક ચારિત્ર પામી શકે છે. કારણકે તે જીવો કર્મભૂમિમાં થયેલા હોવાથી તેમનામાં મોક્ષસુધીની યોગ્યતા વિશિષ્ટજીવોને આશ્રયીને હોઇ શકે છે. આ રીતે સંહરણને લઇને જ અકર્મભૂમિમાં ચાર નિર્ગ્રન્થોનો વિહારપ્રદેશ ઘટી શકે. નહિતર તો ત્યાં ચારિત્રધર્મનો અભાવ હોવાથી ચારિત્ર ન ઘટી શકે.

# ૧૨—કાળદ્વાર

કાળ—નવીન વસ્તુને જીર્ણ કરે તે કાળ. ભૂતકાળનો નાશ થયેલ હોવાથી અને ભવિષ્યકાળની ઉત્પત્તિ નહિં થયેલ હોવાથી કાળદ્રવ્ય વર્તમાન એક સમય રૂપ છે. અને તે કાળદ્રવ્ય વર્તના પરિણામ ક્રિયા પરત્વાપરત્વમાં કારણ છે. છતાં પણ આ વર્તનાદિ સ્વરૂપ કાળ મૂખ્યપણે દ્રવ્ય નથી પણ પંચાસ્તિકાયનો પર્યાય છે એટલે તે કાળદ્રવ્ય જીવાજીવાદિકના પર્યાયમાં ઉપચાર કરીને માનેલ છે. કાળમાં સમય એજ નૈશ્ચયિક કાળ છે અને તે અત્યંતસૂક્ષ્મ છે. કે જેના સર્વજ્ઞથી પણ વિભાગ ન થઇ શકે તેવા આવલીકા વિગેરે જે કાળના ભેદો પડે છે તે વ્યવહારકાળ છે. કારણ કે તે સમયોની કલ્પનાદ્વારા માનવામાં આવેલ છે. અસંખ્ય સમયોનો કલ્પિત સમુદાય તે આવલિકા. એક ક્રોડ સડસઠ લાખ સીત્યોતેર હજાર બસોને સોળ આવલિકાનું એક મુહૂર્ત. ત્રીસ મુહૂર્તનો એક અહોરાત્ર (રાતદિવસ). પંદર અહોરાત્રનો એક પક્ષ, બે પક્ષનો એક માસ. બારમાસનું એક વર્ષ, અને તેવા અસંખ્યાતા વર્ષનો એક પલ્યોપમ. અને તેવા દસ કોડાકોડી પલ્યોપમે એક સાગરોપમ થાય છે. તેવા દસ કોડાકોડી સાગરોપમે અવસર્પિણી અને દસ કોડાકોડી સાગરોપમે ઉત્સર્પિણી મળીને વીસ કોડાકોડી સાગરોપમે એક કાળચક્ર થાય છે.

આ ઉત્સર્પિણી અવસર્પિણી દરેકના છ આરા છે. તેમાં અવસર્પિણીના સુસમસુસમા, સુસમા, સુસમદુસ્સમા, દુષમસુષમા, દુસ્સમા, દુસ્સમદુસ્સમા એમ છ આરા છે તેમાં પ્રથમનો આરો ચાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. બીજો ત્રણ કોડાકોડીપ્રમાણ સાગરોપમનો છે. ત્રીજો બે કોડાકોડી સાગરોપમપ્રમાણ છે. ચોથો બેતાલીસ હજાર વર્ષન્યુન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. પાંચમો આરો એકવીસ હજાર વર્ષ પ્રમાણ છે. અને છઠ્ઠો આરો પણ એકવીસ હજાર વર્ષ પ્રમાણ છે. અને ઉત્સર્પિણમાં આ આરા ઉલટા ક્રમે ગ્રહણ કરવા એટલે અવસર્પિણીનો છઠ્ઠો આરો તે પહેલો પાંચમો તે બીજો એ રીતે છે.

આ ઉત્સર્પિણી અવસર્પિણી મળીને કાળચક્ર થાય છે તેવા અનંતા કાળચક્રે પુદ્ગલ પરાવર્ત વિગેરે થાય છે.

**હવે અવસર્પિણીના આરાઓમાં જન્મથી અને સાદ્ભાવથી નિરૂપણ કરે છે—**

**तइयचउत्थसमासुं जम्मेणोसप्पिणीइ उ पुलाओ**
**संतइभावेणं पुण तइयचउपंचमीसु सिया॥४९**

**સંસ્કૃત અનુવાદ.**

तृतीयचतुर्थसमासु जन्मना अवसर्पिण्यां तु पुलाकः ।
सद्भावेन पुनः तृतीयचतुर्थपंचमीषु स्यात् ॥ ४९ ॥

**અર્થ**—પુલાકનિર્ગ્રન્થ જન્મથી અવસર્પિણીના ત્રીજા અને ચોથા આરામાં હોય. પરંતુ સત્તાની અપેક્ષાએ ત્રીજા ચોથા અને પાંચમા આરામાં પણ હોય.

**વિશેષાર્થ**-પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક એ પાંચ નિર્ગ્રન્થોમાંથી પુલાકનિર્ગ્રન્થનો જન્મ અવસર્પિણીના તીજા ચોથા આરામાં હોય, પરંતુ સત્તાની અપેક્ષાએ સુસમદુષમા, દુષમસુષમા અને દુસ્સમા એ ત્રણ આરામાં હોય. કારણકે જે ચોથા આરામાં જનમ્યા હોય તે પાંચમાઆરામાં પુલાકપણું પામી શકે છે પરંતુ પાંચમા આરામાં જન્મેલ પુલાકપણું પામી શકે નહિ.

આ રીતે કાળચક્રના ઉત્સર્પિણી અને અવસર્પિણી રૂપ બે વિભાગોમાંથી અવસર્પિણીના આરાઓમાં આ રીતે જન્મથી અને સદ્‌ભાવથી પુલાકનિર્ગ્રંથ છે.

**હવે ઉત્સર્પિણીકાળમાં કયા કયા આરામાં પુલાક નિ-ર્ગ્રંથનો જન્મ અને કયા કયા આરામાં સદ્‌ભાવ હોય તે કહે છે.**—

**उस्सप्पिणीइ बीयातइयचउत्थीसु हुज्ज जम्मणओ**
**संतइभावेणं पुण, तइयचउत्थीसु सो हुज्जा ॥५०॥**

**સંસ્કૃત અનુવાદ.**

**उत्सर्पिण्यां द्वितीयतृतीयचतुर्थेषु भवति जन्मतः ।**
**सद्भावेन पुनः तृतीयचतुर्थयोः सः भवति ॥ ५० ॥**

**અર્થ**-ઉત્સર્પિણીકાળના બીજા તીજા અને ચોથા આરામાં પુલાકનિર્ગ્રંથનો જન્મ હોય છે પરંતુ તે પુલાકનિર્ગ્રન્થનો નિર્ગ્રન્થપણાનો સદ્‌ભાવ તો ઉત્સર્પિણીકાળના તીજા અને ચોથા આરામાં જ હોય છે.

**વિશેષાર્થ**—ઉત્સર્પિણીકાળ તેને કહે છે કે જેમાં ક્રમે ક્રમે વૃદ્ધિ પામતા બુદ્ધિ બળ વૈભવ અને આયુષ્ય હોય અને તેના દુસ્સમદુસ્સમા, દુસ્સમા, દુસ્સમસુષમા, સુષમદુસ્સમા, સુષમા, અને સુષમસુષમા એ છ આરા છે. ઉત્સર્પિ-ણીકાળમાં પણ પુલાકનિર્ગ્રન્થનો જન્મ બીજા દુસ્સમા, ત્રીજા દુસ્સમસુસમા અને ચોથા સુષમદુસ્સમા આરામા હોય છે. એટલે એ ત્રણ આરામાં જન્મેલા જીવો પુ-લાકનિર્ગ્રન્થપણું પામે. પરંતુ પુલાકનિર્ગ્રન્થપણાનો સદ્ભાવ તો ત્રીજા દુસ્સમસુસમા અને ચોથા સુષમ દુસ્સમા આરામાં જ ઘટી શકે છે. પરંતુ બીજા દુસ્સમા આરામાં જન્મેલા પ્રાણીઓનો તેજ આરામાં પુલાક નિર્ગ્રંથપણાનો સદ્ભાવ ઘટી શકતો નથી, આરીતે પુલાકનિર્ગ્રંથચારિત્ર તો ત્રીજા અને ચોથા આરામાં છે. અને તે ચારિત્રવાળાઓનો જન્મ બીજા ત્રીજા અને ચોથા આરામાં છે.

**હવે નોઉત્સર્પિણી અવસર્પિણીકાળમાં પુલાકનિર્ગ્રંથનો જન્મ અને સદ્ભાવ કહે છે.**

**ओसप्पिणिउस्सप्पिणिवइरित्ते जम्मणेण संतीए**
**हुज्ज चउत्थे काले, पुलायसमणो तहन्नेऽवि॥५१॥**

**સંસ્કૃત અનુવાદ.**

अवसर्पिण्युत्सर्पिणिव्यतिरिक्ते, जन्मना सत्तया ।
भवति चतुर्थे काले, पुलाकश्रमणः तथाऽन्येऽपि ॥५१॥

**અર્થ**–ઉત્સર્પિણીઅવસર્પિણીથી રહિત ચોથાઆરાસરખા-
કાળવાળા મહાવિદેહક્ષેત્રમાં પુલાકનિર્ગ્રન્થ જન્મથી અને
નિર્ગ્રન્થપણાના સદ્દભાવથી હોય અને બીજા પણ હોય.

**વિશેષાર્થ**–નો ઉત્સર્પિણી અવસર્પિણી કાલ એને કહે છે કે
જ્યાં ક્રમેક્રમે વધતા કે ઘટતાં બુદ્ધિ બળ વૈભવ અને
આયુષ્ય ન હોય પરંતુ હંમેશાં એક સરખુંજ કાળનું
મહાત્મ્ય હોય. ઉત્સર્પિણીકાળમાં પહેલા આરામાં જે
બુદ્ધિ બળ અને આયુષ્ય હોય છે તે કરતાં બીજામાં
વધારો તેથી તીજામાં વિશેષ વધારો એ રીતે ક્રમેક્રમે
વૃદ્ધિ હોય છે, અને અવસર્પિણી ક્રમેક્રમે ઘટાડો હોય
છે. જ્યારે નોઉત્સર્પિણી અવર્પિણીમાં એકસરખી કા-
ળપરિણતિ હોય છે. આ નોઉત્સર્પિણી અવસર્પિણી
કાળવાળાં ક્ષેત્રો અકર્મભૂમિ અને મહાવિદેહ છે કે
જ્યાં એકસરખી કાળપરિણતિ છે. તેમાં અકર્મભૂમિના
ક્ષેત્રો પૈકી દેવકુરૂ અને ઉત્તરકુરૂક્ષેત્રોમાં સદાકાળ અહિં
જેવો અવસપિણીનો પહેલો આરો સુષમસુષમા છે.તેમ
તે ક્ષેત્રોમાં સદાકાળ સુષમસુષમા કાળ સરખો જ કાળ
હોય છે. હરિવર્ષ અને રમ્યકક્ષેત્રમાં અહિં જેવો અવ-
સર્પિણીમાં બીજો આરો સુષમા છે, તેવો ત્યાં સુષમા
આરા સરખો નિરંતર કાળ વર્તે છે. હૈમવંત અને
ઐરણ્યક્ષેત્રમાં અહિ જેવો અવસર્પિણીમાં તીજો આરો
સુષમદુસ્સમા છે તેવો ત્યાં સુષમદુસ્સમા આરા સરખો
નિરંતર કાળ વર્તે છે, અને મહાવિદેહ ક્ષેત્રોમાં અહિં
જેવો અવસર્પિણીમાં ચોથો આરો દુસ્સમસુષમા છે
તેવો ત્યાં નિરંતર દુસ્સમસુષમા સરખો કાળ વર્તે છે.

હવે આ નોઉત્સર્પિણીઅવસર્પિણીકાળવાળા ક્ષેત્રોમાં જ્યાં દુસ્સમસુષમા સરખો કાળ છે તેવા મહાવિદેહક્ષેત્રમાં પુલાકનિર્ગ્રન્થનો જન્મ અને પુલાકનિર્ગ્રન્થપણા એ સદ્ભાવ એ બન્ને ઘટી શકે છે. બાકીના ક્ષેત્રોમાં તો તે બેમાંથી એકે ઘટી શકતું નથી, કારણકે બાકીના ક્ષેત્રોમાં પુલાકનિર્ગ્રન્થનું દેવતાદિકથી સંહરણ પણ ઘટી શકતું નથી. એજ પ્રમાણે બાકીના નિર્ગ્રન્થોનો પણ જન્મ અને સદ્ભાવ મહાવિદેહ ક્ષેત્રમાં ઘટી શકે છે. અને બીજામાં સંહરથી ઘટે.

**હવે બે ગાથાઓ દ્વારા અવસર્પિણી અને ઉત્સર્પિણીના કયા કયા આરામાં બકુશ અને કુશીલનિર્ગ્રન્થનો જન્મથી અને નિર્ગ્રંથપણાથી સદ્ભાવ હોય તે દેખાડે છે.**

**बउसकुशीला ओसप्पिणीइ संतीए जम्मणेणं च**
**तिचउत्थपंचमीसुं, समासु उस्सप्पिणीइ पुणो ॥५२**
**बियतिय चउत्थियासुं जम्मणओ संतओ तितुरियासु**
**निग्गंथ सिणायाणं जम्मणसंती जह पुलाए ॥५३॥**

**સંસ્કૃત અનુવાદ.**

बकुशकुशीला अवसर्पिण्यां सत्तया जन्मना च ।
तृतीयचतुर्थपञ्चमीसु समासु उत्सर्पिण्यां पुनः ॥ ५२ ॥
द्वितीयतृतीयचतुर्थेषु जन्मतः सत्तया तृतीयचतुर्थेषु ।
निर्ग्रन्थस्नातकानां जन्मसत्ते यथा पुलाके ॥ ५३ ॥

**અર્થ**–બકુશ તથા કુશીલ એ બે નિર્ગ્રન્થ અવસર્પિણીના ત્રીજા ચોથા અને પાંચમા આરામાં સત્તા અને જન્મથી હોય.

વળી ઉત્સર્પિણીમાં તે નિર્ગ્રન્થો બીજા તીજા અને ચોથા આરામાં જન્મથી અને સદ્ભાવથી તીજા અને ચોથા આરામાં હોય, તેમજ નિગ્રન્થનિગ્રન્થ અને સ્નાતક-નિગ્રન્થ જન્મથી અને સત્તાથી પુલાક સમાન જાણવા.

**વિશેષાર્થ**—હવે બકુશ અને કુશીલનિર્ગ્રન્થ જન્મથી અને સદ્ભાવથી કાળને આશ્રયીને કઈરીતે હોય તે દેખાડે છે.—બકુશ અને કુશીલનિર્ગ્રન્થને જન્મથી અને નિર્ગ્રન્થપણાના સદ્ભાવથી અવર્પિણી કાળને આશ્રયીને તીજોઆરો સુષમદુસ્સમાકાળ ચોથો આરો દુસ્સમસુષમા અને પાંચમો આરો દુસ્સમા કાળ હોય છે. એટલે તીજા આરામાં ચોથા આરામાં અને પાંચમા આરામાં બકુશ અને કુશીલ નિર્ગ્રન્થનો જન્મ હોય અને નિર્ગ્રન્થ પણાનો સદ્ભાવ પણ હોય.

હવે બકુશ અને કુશીલનિર્ગ્રન્થનો ઉત્સર્પિણી કાળને આશ્રયી વિચારીએ તો ઉત્સર્પિણી કાળનો બીજો આરો દુસ્સમામાં તીજો આરો દુસ્સમસુષમામાં અને ચોથો આરો સુષમદુસ્સમામાં જન્મ હોય છે. અને તે બકુશ કુશીલનિર્ગ્રન્થને નિર્ગ્રન્થપણાના સદ્ભાવથી વિચારીએ તો ઉત્સર્પિણીના તીજા દુસ્સમસુષમા અને ચોથા સુષમદુસ્સમામાં હોય. આ બકુશ અને કુશીલને નોઉત્સર્પિણી અને અવસર્પિણીને કાળ આશ્રયી વિચારીએ તો દુસ્સમસુષમાકાળ સરખા નિરંતર કાળવાળા મહાવિદેહમાં જન્મ પણ હોય અને સદ્ભાવ પણ હોય બીજા નોકળાવાળાક્ષેત્રોમાં જન્મ ન

હોય. પરંતુ સંહરણથી સદ્ભાવ અકર્મભૂમિમાં પણ હોઇ શકે છે. એટલે કોઇ દેવ બકુશ અને કુશીલ ચારિત્રીને સંહરણ કરી દેવકુરૂ આદિ અકર્મભૂમિમાં લઇ જાય તો તે સંબંધીનો નોઉત્સર્પિણી અવિસર્પિણી કાળ પણ સદ્ભાવથી ઘટી શકે છે.

નિર્ગ્રન્થ નિર્ગ્રન્થ અને સ્નાતકનિર્ગ્રન્થને જન્મથી વિચારીએ તો અવસર્પિણીના તીજા ચોથા આરામાં હોય અને સદ્ભાવથી વિચારીએ તો તીજા ચોથા અને પાંચમા આરામાં પણ નિર્ગ્રન્થપણાનો સદ્ભાવ હોય. અને જો ઉત્સર્પિણી સંબંધી વિચારીએ તો તે ઉત્સર્પિણીના બીજા તીજા અને ચોથા આરામાં આ ચારિત્રીનો જન્મ હોય, અને સદ્ભાવથી વિચારીએ તો તીજા તથા ચોથા આરામાં નિર્ગ્રન્થપણાનો સદ્ભાવ હોય. તેમજ નોઉત્સર્પિણી અવસર્પિણી કાળવાળા મહાવિદેહમાં હંમેશાં આ ચારિત્ર જન્મથી અને સદ્ભાવથી હોય છે.

**संहरणेणं सव्वे वि हुंति सव्वेसु चेव कालेसु**
**मुत्तुं पुलायसमणं एवं कालुत्ति विवक्खायं ॥५४॥**

### સંસ્કૃત અનુવાદ.

**संहरणेण सर्वेऽपि भवन्ति सर्वेषु चैव कालेषु ।**
**मुक्त्वा पुलाकश्रमणं एवं कालद्वारं व्याख्यातं ॥ ५४ ॥**

**અર્થ**–પુલાકનિર્ગ્રન્થને છોડીને બાકીના સર્વનિર્ગ્રન્થો સંહારણથી સર્વકાળમાં હોય એ પ્રમાણે કાળદ્વાર કહ્યું.

**વિશેષાર્થ**-જે ચારિત્રી પુલાકનિર્ગ્રન્થપણામાં હોય તેનું દેવતાદિક સંહરણ કરી શકતા નથી માટે પુલાકની વિદ્યમાનતા સંહરણથી અકર્મભૂમિમાં ન હોય. અને જ્યારે તે ન હોય ત્યારે પુલાકનિર્ગ્રન્થમાં અકર્મભૂમિમાં વર્તતો પ્રથમ આરો બીજો આરો અને તીજા આરા સરખો ત્યાંનો કાળપણ ન ઘટી શકે. પરંતુ મહાવિદેહમાં તો તેની સત્તા હંમેશાં હોય. બકુશ અને કુશીલનો જન્મ અહિં હોય પણ તે ચારિત્ર પામ્યા પછી દેવાદિકના સંહરણથી તેનો સદ્‌ભાવ અકર્મભૂમિમાં પણ હોઈ શકે છે. નિર્ગ્રન્થ નિર્ગ્રન્થ અને સ્નાતકનિર્ગ્રન્થનો સદ્‌ભાવ તો અકર્મભૂમિમાં એ રીતે ઘટી શકે છે કે જે બકુશ કુશીલ ચારિત્રનું ત્યાં સંહરણ કર્યું હોય તે ચારિત્રી સંહરણ પામ્યા પછી ત્યાં નિર્ગ્રન્થ, સ્નાતક થાય તેને લઈને છે. આરીતે પુલાક સીવાય બીજા બધા નિર્ગ્રન્થોનો સદ્‌ભાવ સંહરણને લઇને સર્વકાળમાં ઘટી શકે છે.

**समणीमवगयवेयं परिहारपुलायमप्पमत्तं च ।**
**चउदसपूर्व्वि आहारगं च, न य कोइ संहरइ ॥**

**અર્થ**-અવેદી સાધ્વી, પરિહારચારિત્રી, પુલાકનિર્ગ્રન્થ, અપ્રમત્તયતિ, ચૌદપુર્વી અને આહારકલબ્ધિવંતનું કોઇ સંહરણ કરતું નથી.

# ૧૩–ગતિદ્વાર

ગતિ–જે અવસ્થામાં આત્મા અમૂક પ્રકારના સુખદુ:ખને ભોગવી શકે તેને ગતિ કહે છે. અથવા સુખદુ:ખના ઉપભોગમાં નિયામક અવસ્થાવિશેષ તે ગતિ. તે ગતિના પાંચ પ્રકાર છે. નરકગતિ તિર્યંચગતિ નરગતિ દેવગતિ અને મોક્ષગતિ. તેમાં પ્રથમની ચાર કર્મજન્ય છે. અને છેલ્લી કર્મનો સર્વથા ક્ષય થાય ત્યારેજ જીવને થાય છે. નરકગતિ તે રત્નપ્રભા શર્કરાપ્રભા વિગેરે ભેદે સાત પ્રકારે છે. પૃથ્વીકાયથી માંડીને તે સંજ્ઞિપંચેન્દ્રિયતિર્યંચપર્યન્તના સર્વજીવો તિર્યંચગતિમાં ગણાય છે. કર્મભૂમિ અકર્મભૂમિ અને અંતરદ્વીપના સંજ્ઞિમનુષ્યો અને સમુર્છિમમનુષ્યો મનુષ્યગતિમાં ગણાય છે. ભૂવનપતિ; વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એ ચારે ભેદવાળા દેવો દેવગતિમાં ગણાય છે. ઘાતિ અઘાતિરૂપ આઠે કર્મનો ક્ષય થવાથી જીવને જે અનંત અને અક્ષયસુખના ધામરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે તે મોક્ષગતિ છે.

**પાંચ નિર્ગ્રંથો પૈકી કયા કયા નિર્ગ્રંથને કઇ કઇ ગતિ હોય તે કહે છે.**

**अंतिमदुयवज्जाणं उववाओ जहन्नओ उ सोहम्मे**
**उक्कोसेणं सो पुण, होइ पुलायस्स सहसारे ॥५५॥**

अन्तिमद्विकवर्जानां, उपपातः जघन्यतस्तु सौधर्मे ।
उत्कृष्टेन स पुनः भवति पुलाकस्य सहस्रारे ॥ ५५ ॥

**અર્થ**–છેલ્લા બે નિર્ગ્રન્થને છોડીને બાકીના સર્વ નિર્ગ્રન્થો જઘન્યથી સૌધર્મ દેવલોકે ઉપજે અને તેમાં પુલાક ઉત્કૃષ્ટથી સહસ્રારમાં ઉપજે.

**વિશેષાર્થ**—પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક આ પાંચ નિર્ગ્રન્થોમાંથી પુલાક બકુશ અને કુશીલ જઘન્યથી સૌધર્મ દેવલોકમાં ઉપજે છે. વળી તે ત્રણ ચારિત્રોમાંથી પણ પુલાકનિર્ગ્રન્થ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સહસ્રારદેવલોક સુધી જઇ શકે છે.

**बउसपडिसेवयाणं तु अच्चूएऽणुत्तरेसु सकसाए**
**अजहन्नाणुक्कोसेणणुत्तरेसुं नियंठस्स ॥ ५६ ॥**

बकुशप्रतिसेवकानां तु, अच्युते अनुत्तरेषु सकषायस्य ।
अजघन्यानुत्कर्षेण, अनुत्तरेषु निर्ग्रन्थस्य ॥ ५६ ॥

**અર્થ**–બકુશનિર્ગ્રન્થ અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રન્થનું ઉત્કૃષ્ટથી ઉપજવું અચ્યુત દેવલોકે હોય. કષાયકુશીલનું ઉત્કૃષ્ટથી અનુત્તર દેવલોકમાં ઉપજવું હોય. તેમજ નિર્ગ્રન્થનુ જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બન્ને રીતે અનુત્તર દેવલોકમાં જ ઉપજવું હોય છે.

**વિશેષાર્થ**—પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ, કષાયકુશીલ એ ચારે જઘન્યથી સૌધર્મ દેવલોકે જાય. તેમાંથી પણ પુલાકનિર્ગ્રન્થ ઉત્કૃષ્ટથી સહસ્રાર દેવલોકમાં જાય છે, તે

વાત ઉપર કહી ગયા. હવે બકુશ અને પ્રતિસેવનાકુશીલ ઉત્કૃષ્ટથી અચ્યુત દેવલોકે ઉપજે છે ને કષાયકુશીલ ઉત્કૃષ્ટથી અનુત્તર વિમાને ઉપજે. અને નિર્ગ્રન્થ જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બન્ને પ્રકારે અનુત્તરેજ ઉપજે છે.

**सिद्धीइ ण्हायगस्स उ, एए अविराहगा पुण हविज्जा**
**इंदा-सामाणिय-तायतीसगा-लोगपाला वा ॥५७॥**

सिद्धौ स्नातकस्य तु, एते अविराधका पुनः भवन्ति।
इन्द्राः सामानिकाः त्रायस्त्रिंशका लोकपाला वा ॥५७॥

**અર્થ**—સ્નાતકનિર્ગ્રન્થ મોક્ષે જ જાય, (સ્નાતક સિવાયના) એ નિર્ગ્રન્થો અવિરાધક હોયતો ઇન્દ્ર સામાનિક ત્રાયસ્ત્રિંશ અથવા લોકપાળ થાય.

**વિશેષાર્થ**—પાંચ નિર્ગ્રન્થો પૈકી છેલ્લો સ્નાતકનિર્ગ્રન્થ મોક્ષેજ જાય. કારણકે તે સ્નાતક તેરમે ચૌદમે ગુણઠાણે વર્તતા હોય છે. અને તે કેવળી હોવાથી અવશ્ય મોક્ષે જ જાય. આ સ્નાતક સિવાયના બાકીરહેલા ચાર નિર્ગ્રન્થો જો તેમણે ચારિત્ર વિરાધ્યું ન હોય તો તેઓ જે દેવલોકમાં ઉત્પન્ન થાય ત્યાં ઇન્દ્ર સામાનિક ત્રાયસ્ત્રિંશ કે લોકપાળ થાય એટલે મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

**पलियपुहुत्तं थोवं, देवट्ठिइ अंतदुयविवज्जाणं**
**उक्कोसा सव्वेसिं, जा जम्मि उ होइ सुरलोए**
**दा० १३ ॥५८॥**

**पल्योपमपृथक्त्वम् स्तोका देवस्थितिः अन्त्यद्विकविवर्जानां ।**
**उत्कृष्टा सर्वेषां या यस्मिन् तु भवति सुरलोके ॥ ९८ ॥**

**અર્થ**—છેલ્લા બેને વર્જીને બાકીના નિર્ગ્રન્થોને જઘન્યથી પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિ હોય, ને ઉત્કૃષ્ટથી સર્વને જેને જે દેવલોક કહ્યો હોય તેમાં જેટલી સ્થિતિ હોય તેટલી તેઓને સ્થિતિ હોય.

**વિશેષાર્થ**—નિર્ગ્રન્થ અને સ્નાતક એ બેને વર્જીને બાકીના ત્રણ પુલાક બકુશ અને કુશીલ જઘન્યથી સૌધર્મ દેવલોકમાં ઉપજે. ત્યાં જઘન્યથી પલ્યોપમપૃથક્ત્વપ્રમાણ સ્થિતિ હોય છે. અને ઉત્કૃષ્ટથી જે દેવલોકમાં ઉપજે ત્યા તે દેવલોકની જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ હોય તેટલી તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. નિર્ગ્રન્થ અનુત્તર વિમાનમાં જ જાય છે. અને સ્નાતક મોક્ષે જ જનારા હોય છે માટે તેઓની જઘન્ય ઉત્કૃષ્ટ વિગેરે ભેદથી સ્થિતિ કહી નથી.

એટલે પુલાકનિર્ગ્રન્થને જઘન્યથી પલ્યોપમપૃથક્ત્વ ( બે થી નવ પલ્યોપમ ) અને ઉત્કૃષ્ટ અઢાર સાગરોપમની સ્થિતિ હોય છે. બકુશનિર્ગ્રન્થને જઘન્યથી પલ્યોપમપૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી બાવીશ સાગરોપમની સ્થિતિ હોય છે, તેજપ્રમાણે પ્રતિસેવના કુશીલને પણ હોય છે. કષાયકુશીલને જઘન્યથી પલ્યોપમ પૃથક્ત્વની સ્થિતિ હોય છે અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની સ્થિતિ હોય છે. નિર્ગ્રન્થને જઘન્યથી અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમનીજ સ્થિતિ હોય છે. સ્નાતકને મોક્ષગતિ હોય છે. તેથી ત્યાં અનંતસ્થિતિ હોય છે.

## ૧૪-સંયમદ્વાર

સંયમ એટલે ચારિત્ર. અને તેના શુદ્ધિના પ્રકર્ષ અને અપકર્ષે કરીને સ્થાનો પડે છે. આ સ્થાનો અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ છે. એટલે અસંખ્યાતાલોકાકાશના જેટલા પ્રદેશો થાય તેટલાં સંયમસ્થાનો છે.

**હવે આ અસંખ્યાતાં સંયમસ્થાનોમાં કોને કેટલાં સંયમસ્થાનો હોય તે કહે છે.—**

**पत्तेअमसंखिज्जा, संजमठाणा हवंति हु चउण्हं**
**निग्गंथसिणायाणं इक्कं चिय संजमट्ठाणं ॥५९॥**

प्रत्येकमसंख्यातानि संयमस्थानानि भवन्ति चतुर्णाम् ।
निर्ग्रन्थस्नातकानां एकं किल संयमस्थानं ॥ ५९ ॥

**અર્થ**—શરૂઆતના ચારમાં પ્રત્યેકને અસંખ્યાતા સંયમસ્થાન હોય. નિર્ગ્રન્થ અને સ્નાતકને એકજ સંયમસ્થાન હોય.

**વિશેષાર્થ**—પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ એ પ્રત્યેકને અસંખ્યાતા સંયમસ્થાનો હોય છે. નિર્ગ્રન્થ અને સ્નાતકને એકજ સંયમસ્થાન હોય છે. કારણકે તેમને ઉપશમ તથા ક્ષપકરૂપ એકજ અધ્યવસાય છે. બીજા અધ્યવસાયસ્થાનો નિર્ગ્રન્થ અને સ્નાતકના કારણરૂપે નથી.

**निग्गंथसिणायाणं, तुल्लं इक्कं च संजमट्ठाणं ।**
**पत्तेयमसंखगुणा, पुलायबउसाण ते हुंति ॥६०॥**

**पडिसेवणाकसाइणं तहेव तत्तो असंखगुणिया य।**
**छण्हं पि य पत्तेयं, चारित्तियपज्जवाणंता ॥६१॥**

**दारं १४**

**निर्ग्रन्थस्नातकानां तुल्यं एकं संयमस्थानं**
**प्रत्येकमसंख्येयगुणानि पुलाकबकुशानां तानि भवन्ति**
**प्रतिसेवनाकषायानां तथैव ततः असङ्ख्येयगुणानि**
**षण्णामपि च प्रत्येकं चारित्रिकपर्यवा अनन्ताः।**

**અર્થ**-નિર્ગ્રન્થ અને સ્નાતકનું પરસ્પર તુલ્ય એટલે એકજ સંયમસ્થાન હોય. તેનાથી પુલાક અને બકુશ વિગેરે પ્રત્યેકનાં અસંખ્યાતગુણાં સંયમ સ્થાનો હોય ૬૦ તેનાથી પ્રતિસેવનાકુશીલ અને કુષાયકુશીલ પ્રત્યેકનાં અસંખ્યાતગુણા સંયમસ્થાન હોય છે. એરીતે એ છએના પ્રત્યેકચારિત્રના પર્યાયો અનંતા હોય છે ૬૧

**વિશેષાર્થ**-નિર્ગ્રન્થ અને સ્નાતકના સંયમસ્થાન સૌથી થોડાં અને પરસ્પર તુલ્ય હોય છે. કારણકે આ બન્ને નિર્ગ્રન્થોને એકજ ઉત્કૃષ્ટ સંયમસ્થાન હોય છે તેથી તેઓને તે પરસ્પર તુલ્યસ્થાન છે. તેથી પુલાકનિર્ગ્રન્થ તથા બકુશનિર્ગ્રન્થ એ દરેકના અધ્યવસાયસ્થાનો અસંખ્યાતગુણાં હોય છે. અને તેના કરતાં પણ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ એ પ્રત્યેકના અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણાં હોય છે અને એરીતે આ છએ નિર્ગ્રન્થોના પ્રત્યેકના ચારિત્રના પર્યાયો અનંતા છે.

## ૧૫ સંનિકર્ષદ્વાર

**સન્નિકર્ષ**–સંનિકર્ષ એટલે પરસ્પર સંયોગ. પરસ્પરના ચરિત્રપર્યાયોની વિશુદ્ધિનું સમ હીન કે અધિકપણાને વિચાર કરવો તેને સંનિકર્ષ કહે છે. આ સંનિકર્ષના સ્વસ્થાનસંનિકર્ષ અને પરસ્થાનસંનિકર્ષ એરીતે બે પ્રકારો છે.

સ્વજાતિની સાથે સ્વજાતિના પર્યાયોનું હીનાધિકપણુ વિચારવામાં આવે તેને સ્વસ્થાનસંનિકર્ષ કહે છે, અને ભિન્નજાતિની સાથે ભિન્નજાતિના પર્યાયોનું હિનાધિકપણું વિચારવામાં આવે તેને પરસ્થાનસંનિકર્ષ કહે છે. જેમકે પુલાકનું પુલાકના પર્યાયોસાથે હિનાધિકપણું વિચારવું તે સ્વસ્થાન અને પુલાકનું કષાયકુશીલાદિકની સાથે હીનાધિકપણું વિચારવુ તે પરસ્થાન.

**હવે પાંચે નિર્ગ્રન્થોમાં સંનિકર્ષ કઇ રીતે ઘટે છે તે દેખાડે છે.**

**सट्ठाण सन्निगासे पुलाओ पुलयस्स पज्जवेहिं समो**
**हीणाहिओ छट्ठाणा, परट्ठाणकसाइणो एवं ॥६२॥**

### સંસ્કૃત અનુવાદ.

**स्वस्थानसन्निकर्षे पुलाकः पुलाकस्य पर्यवैः समः**
**हीनाधिकः । षट्स्थानः परस्थानकषायिणः एवं ॥ ६२ ॥**

**અર્થ**–સ્વસ્થાન સંનિકર્ષ–પુલાકને પુલાકના પર્યાયો સાથે

સરખો હીન અથવા અધિક એમ છ સ્થાન હોય.

પર સ્થાનમાં કષાયકુશીલને પણ એમજ હોય છે.

**વિશેષાર્થ**—પુલાકનો બીજા પુલાકસાથે તુલ્યવિશુદ્ધપર્યાયોનો યોગ હોય તો સમ સંનિકર્ષ જાણવો. અશુદ્ધ પર્યાયોનો યોગ હોયતો હીન. અને વિશુદ્ધતર પર્યાયોનો યોગ હોયતો અધિક સંનિકર્ષ હોય છે, એટલે અમુકઅમુક પર્યાયો વિશુદ્ધિમાં સરખા હોય તો સમ. તેમજ એકથી બીજાના વિશુદ્ધિના પર્યાયો ઓછી વિશુદ્ધિવાળા હોય ત્યારે હીન, અને જ્યારે એકથી બીજાના અધિક વિશુદ્ધિવાળા પર્યાયો હોય ત્યારે અધિક. આ ત્રણ સંનિકર્ષમાં સમસંનિકર્ષનો એકે ભેદ નથી પરંતુ હીન ને અધિક સંનિકર્ષના દરેકના છ છ પ્રકારો પડે છે તે આ પ્રમાણે છે.

હીન સંનિકર્ષના છ પ્રકાર છે–૧ અનંતભાગહીન ૨ અસંખ્યાતભાગહીન ૩ સંખ્યાતભાગહીન ૪ સંખ્યાતગુણ-હીન ૫ અસંખ્યાતગુણહીન. ૬ અનંતગુણહીન.

**અનંતભાગહીન**—અસત્કલ્પનાઓ માનો કે પ્રથમ પુલાકને ઉત્કૃષ્ટથી અનંતા હોવા છતાં ૧૦૦૦૦ સંયમસ્થાનના પર્યાયો માનીએ. તેમાંથી જે બીજા પુલાકસાથે સંનિકર્ષ ઘટાવ-વાનો છે તેનાં સંયમ સ્થાન પર્યાયો ૯૯૦૦ છે. આથી બીજાના સંયમસ્થાન પર્યાયો પહેલા કરતાં ૧૦૦ સો ઓછા છે. તેથી બીજું ૯૯૦૦ સંયમસ્થાનપર્યાયોવાળું પુલાક જે અનંતગુણહીન સંનિકર્ષવાળું છે. એટલે વાસ્તવિક રીતેતો સર્વજીવપ્રમાણ અનંતુ છે છતાં પણ અહિં અસત્કલ્પનાએ તે અનંતાને સો (૧૦૦) માનીએ અને હવે આ અનંતાતરીકે માનેલ સો

૧૦૦ ની રાશિવડે ૧૦૦૦૦ ની સંખ્યાને ભાગ આપીએ તો ૧૦૦ આવે, તે ૧૦૦ ની સંખ્યા અસત્કલ્પનાએ અનંત ભાગ બની, હવે આ અનંતભાગરૂપે આવેલ સોની સંખ્યા બીજા પુલાકમાં પ્રથમપુલાક કરતાં ઓછી હોવાથી તે અનંતભાગહીન કહેવાય છે.

**અસંખ્યાતભાગહીન**–પ્રથમ પુલાકને અસત્ કલ્પનાએ ઉત્કૃષ્ટ સંયમસ્થાનના પર્યાયો ૧૦૦૦૦ છે. વાસ્તવિકરીતે લોકાકાશપ્રદેશપ્રમાણ અસંખ્યાતું છે છતાંપણ અહિં અસત્કલ્પનાએ આપણે તે અસંખ્યાતાને ૫૦ તરીકે માનીએ. હવે તે પચાસની સંખ્યાવડે ૧૦૦૦૦ ને ભાગ આપતાં ૨૦૦ આવેછે. તે બીજા પુલાકમાં ૯૮૦૦ સંયમ સ્થાનના પર્યાયો હોવાથી ઓછાં છે માટે બીજું પુલાક પહેલા કરતાં અસંખ્યાતભાગહીન છે.

**સંખ્યાતભાગહીન**–ઉત્કૃષ્ટથી પ્રથમ પુલાકને ૧૦૦૦૦ સંયમસ્થાનના પર્યાયો છે. અને જે બીજા પુલાકસાથે સંનિકર્ષ ઘટાવવાનો છે તેના સંયમસ્થાનપર્યાયો ૯૦૦૦ છે. તેથી ૯૦૦૦ સંયમસ્થાનપર્યાયવાળું પુલાક તે સંખ્યાતભાગહીન છે. એટલે ઉત્કૃષ્ટ સંખ્યાતાને અસત્કલ્પનાએ ૧૦ માનીએ અને તે દસની સંખ્યાવડે ૧૦૦૦૦ ને ભાગ આપીએ તો ૧૦૦૦ આવે. આં આવેલ ૧૦૦૦ હજાર તે સંખ્યાત ભાગ છે. અને તે ૧૦૦૦૦ સંયમસ્થાનવાળા પ્રથમ પુલાક કરતાં બીજામાં ૯૦૦૦ હોવાથી આ હજારરૂપ સંખ્યાતભાગની હીનતા છે. માટે સંખ્યાતભાગહીન છે.

**સંખ્યાતગુણહીન**-પ્રથમપુલાકના ૧૦૦૦૦ સંયમસ્થાન પર્યાયો છે. અને જે પુલાક સાથે સંનિકર્ષ ઘટાવવાનો છે તેના સંયમસ્થાનપર્યાયો ૧૦૦૦ છે. આ હજાર ૧૦૦૦ સંયમસ્થાન પર્યાયોવાળું પુલાક પહેલા કરતાં સંખ્યાતગુણહીન છે. કારણકે ૧૦ ની સંખ્યાને અસત્કલ્પનાએ આપણે ઉત્કૃષ્ટસંખ્યાતુ માનીએ અને તે દસની રાશિવડે ૧૦૦૦ ને ગુણીએ તો ૧૦૦૦૦ થાય. તેથી આ હજાર તે દશહજારથી સંખ્યાત ગુણહીન છે. તેથી બીજું પુલાક તે પહેલા કરતાં સંખ્યાતગુણહીન છે.

**અસંખ્યેયગુણહીન**-પ્રથમ પુલાકના અસત્ કલ્પનાએ ૧૦૦૦૦ સંયમસ્થાનપર્યાયો છે. અને જે બીજા પુલાકસાથે સંનિકર્ષ ઘટાવવાનો છે તેના સંયમસ્થાનપર્યાયો ૨૦૦ છે. આ ૨૦૦ સંયમસ્થાનપર્યાયોવાળું પુલાક તે પ્રથમ કરતાં અસંખ્યાતગુણહીન છે. કારણકે અસત્કલ્પનાએ લોકાકાશપ્રમાણ અસંખ્યાતાને ૫૦ માનીએ. હવે આ પચાસરૂપ અસંખ્યાતાની રાશિને બસો સાથે ગુણવામાં આવે તો ૧૦૦૦૦ થાય. તેથી આ બસોની રાશિ તે ૧૦૦૦૦ થી અસંખ્યાતગુણહીન છે. તેજપ્રમાણે આ બન્ને પુલાકમાં છે. માટે બીજું પુલાક તે પહેલા પુલાક કરતાં અસંખ્યાતગુણહીન છે.

**અનંતગુણહીન**-પ્રથમ પુલાકના ૧૦૦૦૦ સંયમસ્થાન પયાયો છે. અને જે બીજા પુલાક સાથે સંનિકર્ષ ઘટાવવાનો છે તેના સંયમસ્થાનપયાયો ૧૦૦ છે.

તેથી ૧૦૦ પર્યાયવાળું પુલાક તે અનંતગુણહીન છે. કારણકે સર્વજીવપ્રમાણ અનંતાને અસત્કલ્પનાએ સો માનેલ છે તેથી તે રાશિવડે પ્રસ્તુત ૧૦૦ ની રાશિ સાથે ગુણવામાં આવે તો ૧૦૦૦૦ થાય. તેથી આ સોની રાશી તે ૧૦૦૦૦ હજાર કરતાં અનંતગુણહીન છે. અને આ બન્ને પુલાકમાં પણ તેમ હોવાથી બીજું તે પહેલા કરતાં અનંતગુણહીન છે.

અધિક સંનિકર્ષના છ પ્રકાર છે—૧ અનંતભાગ અધિક, ૨ અસંખ્યાતભાગ અધિક, ૩ સંખ્યાભાગ અધિક ૪ સંખ્યાતગુણ અધિક, ૫ અસંખ્યાતગુણ અધિક, ૬ અનંતગુણ અધિક.

પહેલા પુલાકના અસત્કલ્પનાએ ૧૦૦૦૦ સંયમસ્થાનપર્યાયો હોય અને બીજાના ૯૯૦૦ પર્યાયો હોય. તો તે બીજા કરતાં પહેલો તે અનંતભાગ અધિક. અને જો બીજાના ૯૮૦૦ સંયમસ્થાનપર્યાયો હોય તો પહેલો બીજા કરતાં અસંખ્યાતભાગ અધિક. અને જો બીજાના ૯૦૦૦ હોય તો પહેલો બીજા કરતાં સંખ્યાતભાગ અધિક, બીજાના જો ૧૦૦૦ સંયમસ્થાનપર્યાયો હોયતો પહેલો બીજા કરતાં સંખ્યાતગુણ અધિક. અને જો બીજાના ૨૦૦ સંયમસ્થાનપર્યાયો હોય તો પહેલો બીજા કરતાં અસંખ્યાતગુણ વૃદ્ધ, અને જો બીજાના ૧૦૦ સંયમસ્થાનપર્યાયો હોય તો પહેલો બીજા કરતાં અનંનગુણ વૃ  હોય છે. આ રીતે પુલાકનો સ્વસ્થાનમાં હીનાધિકપણામાં વિચાર

કરતાં છ છ ભેદ અને સમાનતામાં એકે ભેદ નથી.

પુલાકનો પરસ્થાન સંનિકર્ષ સંબંધી વિચાર કરતાં કષાયકુશીલની અપેક્ષાએ પુલાક સમ હીન અને અધિક એ રીતે ત્રણ પ્રકારે હોય. પરંતુ તેમાં હીન અધિકના છ સ્થાન વડે. પુલાક તથા કષાય-કુશીલના સર્વજઘન્ય સંયમસ્થાનક શરૂઆતથી મંડાય. તેમાં અસંખ્યાતાઅસંખ્યાતાસ્થાનક સરખા હોય. પછી પુલાક તેવાપ્રકારના હીનપરિણામે રહી જાય અને કષાયકુશીલ વિશુદ્ધપરિણામે વધતો વધતો અસંખ્યાતાસ્થાન આગળ વધે. પછી તે કષાયકુશીલ પ્રતિસેવનાકુશીલ અને બકુશ અસં-ખ્યાતાસ્થાન સાથે ચાલે. એટલે તે ત્રણે જણા સરખી વીશુદ્ધિએ વર્તે. ત્યારપછી બકુશ વિશિષ્ઠ વિશુદ્ધિએ વધી શકતો ન હોવાથી પાછળ રહી જાય. અને પ્રતિ-સેવાકુશીલ અને કષાયકુશીલ અસંખ્યાતાસ્થાન આગળ સાથે ચાલે. ત્યારબાદ પ્રતિસેવનાકુશીલ રહી જાય. પછી કેવળકષાયકુશીલ અસંખ્યાતાસ્થાન આગળ ચાલે. અને તેના પણ છેલ્લા સંયમસ્થાન પછી આગળ ઉત્કૃષ્ટ સંયમ-સ્થાન આવે છે કે જે આ સંયમસ્થાનને નિર્ગ્રન્થ અને સ્નાતક એ બે જણ પામે છે.

**बउसासेविनियंठगण्हायाणं हुज्जाणंतगुणहीणो**
**बउसो सठाणसेवगकसाइणं तुल्लग छठाणो ६३**

**बकुशासेविनिर्ग्रन्थस्नातकेभ्यः भवति अणंतगुणहीनः**

बकुशः स्वस्थानसेवककषायिणां तुल्यकः षट्स्थानः ॥६३॥

**અર્થ**—પુલાક બકુશથી, પ્રતિસેવાકુશીલથી, નિર્ગ્રન્થથી અને સ્નાતકથી અનંતગુણહીન હોય બકુશસ્વસ્થાન, પ્રતિસેવાકુશીલ અને કષાય કુશીલની અપેક્ષાએ તુલ્ય તથા છ સ્થાન હીનાધિક હોય.

**વિશેષાર્થ**:—પુલાક બકુશથી પ્રતિસેવાકુશીલથી અને નિર્ગ્રન્થથી તથા સ્નાતકથી અનંતગુણહીનવિશુદ્ધિ-વાળો હોય છે. આ રીતે પુલાકનો પરસ્થાન સંનિકર્ષ થયો.

બકુશનો સ્વસ્થાન પરસ્થાન સંનિકર્ષ જણાવે છે—એક બકુશ બીજા બકુશથી વિશુદ્ધિએ સરખો હોય હીન અને અધિકપણ હોય તેમાં હીનાધિક છઠ્ઠાણ વડીયા હોય. સ્વસ્થાનની પેઠે પરસ્થાનમાં પણ પ્રતિસેવનાકુશીલ તથા કષાય કુશીલની અપેક્ષાએ સરખી તથા ષટ્સ્થાન હીનાધિક વિશુદ્ધિ જાણવી.

**एवं सेविकासाई नेया निग्गंथण्हायगा य पुणो**
**तुल्ला इयराणं पुण, अहिया तेऽणंतगुणिएणं ६४**

एवं सेविकषायिणौ ज्ञेयौ निर्ग्रन्थस्नातकौ च पुनः
तुल्यौ इतरेभ्यः पुनः, अधिकौ तौ अनन्तगुणितेन ॥ ६४ ॥

**અર્થ**—એજપ્રમાણે પ્રતિસેવાકુશીલ તથા કષાયકુશીલ જાણવા. અને નિર્ગ્રન્થ સ્નાતક પરસ્પર તુલ્ય જાણવા. બીજા કરતાં તે બે અનંતગુણઅધિક જાણવા.

**વિશેષાર્થ**–એ પ્રમાણે બકુશની પેઠે પ્રતિસેવાકુશીલનું

તથા કષાયકુશીલનું પણ જાણવું. પરંતુ તેમાં એટલી વિશેષતા છે કે બકુશ કુશીલથી અધિક ન હોય. અને કષાયકુશીલ પરસ્પર છસ્થાનવડીએ હોય છે. નિર્ગ્રન્થ અને સ્નાતક પસ્પર તુલ્ય છે તેથી હિનાધિકપણું નથી. અને તે બે પ્રથમના ચાર કરતાં અનંતગુણ અનંતગુણ અધિક વિશુદ્ધિએ વર્તતા હોય છે.

આપણે ઉપર સામાન્ય રીતે પાંચે નિર્ગ્રન્થનો સ્વસ્થાન અને પરસ્થાન સંનિકર્ષ છૂટો છુટો જોઇ ગયા. હવે અહિં ભગવતીજી પ્રમાણે ગાથા કરતાં કેટલીક વિશેષતા હોવાથી દેખાડીએ છીએ—

પુલાક અન્ય પુલાક સાથે સમ હીન અધિક એમ ત્રણ પ્રકારે હોય તેમાં પણ હીન અધિક ષટ્‌સ્થાન પતિત હોય છે (સ્વસંનિકર્ષ). પુલાક બકુશથી પ્રતિસેવાકુશીલથી નિર્ગ્રન્થથી અને સ્નાતકથી અનંતગુણ હીનજ વિશુદ્ધિએ હોય. તેમજ પુલાક કષાયકુશીલથી સમહીન અધિક એમ ત્રણ પ્રકારે હોય તેમાં હીન અધિક ષટ્‌સ્થાનપતિત હોય છે. ( પરસ્થાનસંનિકર્ષ )

બકુશ અન્ય બકુશ સાથે વિશુદ્ધિએ સમહીન અને અધિક એ રીતે ત્રણ પ્રકારે હોય છે, તેમાં હીન ષટ્‌સ્થાનપતિત છે. (સ્વસ્થાનસંનિકર્ષ)

બકુશ તે પુલાક કરતાં હીન ન હોય સમવિશુદ્ધ પણ ન હોય પરંતુ અનંતગુણ અધિક હોય. બકુશ પ્રતિસેવનાકુશીલ તથા કષાયકુશીલ કરતાં

હીન હોય અને તે પણ ષટ્સ્થાન પતિત હોય. બકુશ તે અન્ય નિર્ગ્રન્થ અને સ્નાતક કરતાં અધિક ન હોય તુલ્ય ન હોય પરંતુ અનંતગુણહીન હોય. ( પરસ્થાન સંનિકર્ષ )

પ્રતિસેવનાકુશીલ તથા કષાયકુશીલ બકુશ પ્રમાણે જાણવો. પણ વિશેષમાં આપણે પ્રથમ બકુશ વખતે બકુશને પુલાક કરતાં અધિક વિશુદ્ધિવાળોજ માનેલ છે પરંતુ સમ કે હીન નથી માનેલ તેમ અહિં કષાય કુશીલ સાથે પુલાકને ઘટાવવું હોય તો તે પુલાક ષટ્સ્થાન પતિત હીનાધિક તેમજ સમ વિશુદ્ધિવાળા જાણવા. નિર્ગ્રન્થ અને સ્નાતક પરસ્પર સ્વસ્થાનમાં તુલ્ય અને બીજા ચાર કરતાં અનંતગુણ વિશુદ્ધ છે.

**सकषायपुलायाणं समा जहन्नाउ पज्जया थोवा**
**तेहिंतोऽणंतगुणा उक्कोसा ते पुलायस्स॥ ६५ ॥**

सकषाय पुलाकानां समाः जघन्यतः पर्यायाः स्तोकाः
तेभ्यः अणंतगुणाः उत्कृष्टास्ते पुलाकस्य ६५

**અર્થ**—કષાયકુશીલ અને પુલાકના જઘન્યપર્યાયો થોડા છે અને પરસ્પર સરખા છે. તે કરતાં પુલાકના ઉત્કૃષ્ટ પર્યાયો અનંતગુણ છે.

**बउसपडिसेवगाणं समा जहन्ना तहाणंतगुणा**
**बउसासेविकसाइणुक्कोसाणंतगा कमसो ॥ ६६ ॥**

बकुशाप्रतिसेविनां समाः जघन्याः तथाणंतगुणाः
बकुशासेविकषायिणां उत्कृष्टानन्तकाः क्रमेण ॥ ६६ ॥

**અર્થ**-બકુશ અને પ્રતિસેવાકુશીલના જઘન્યપર્યાય પરસ્પર સરખા અને પુલાકથી અણુંતગુણા તથા બકુશ, પ્રતિસેવાકુશીલ અને કષાયકુશીલના ઉત્કૃષ્ટાપર્યાય અનુક્રમે અણુંતગુણા જાણવા.

**વિશેષાર્થ**—બકુશનિર્ગ્રન્થ અને પ્રતિસેવાકુશીલ નિર્ગ્રન્થના જઘન્યપર્યાય સરખા છે અને પુલાક કરતાં અણુંતગુણા છે. તેથી બકુશના ઉત્કૃષ્ટપર્યાય અણુંતગુણ, તેથી પ્રતિસેવાકુશીલના ઉત્કૃષ્ટ અનંતગુણ તેથી કષાયકુશીલના ઉત્કૃષ્ટપર્યાય અનંતગુણ છે.

**णिग्गंथसिणायाणं, अजहन्नुक्कोसया समा हुंति**
**पुरिमाणमणंतगुणा, निगासदारं गयं एयं ॥६७॥**

निर्ग्रन्थस्नातकानां अजघन्योत्कर्षतः समा भवन्ति
पूर्वेभ्यः अनंतगुणाः, निकर्ष द्वारं गतं एतद् ॥६७॥

**અર્થ**-નિર્ગ્રન્થ અને સ્નાતકના અજઘન્યોત્કૃષ્ટ સરખા હોય તથા પૂર્વનાથી અનંતગુણહીન આ નિકર્ષદ્વાર થયું.

**વિશેષાર્થ**-નિર્ગ્રન્થ અને સ્નાતકના પર્યાયો સરખા સરખા છે. નથી જઘન્ય કે નથી ઉત્કૃષ્ટ પરંતુ સરખા છે. અને તે પૂર્વના ચારે નિર્ગ્રન્થો કરતાં અનંતગુણા છે. આ પ્રમાણે પંદરમું સંનિકર્ષ દ્વાર પૂર્ણ થયું.

## ૧૬ યોગદ્વાર

યોગ-વીર્ય, સ્થામ, બળ ચેષ્ટા શક્તિ, વિગેરે શબ્દો યોગના પર્યાયવાચક શબ્દો છે, જેની દ્વારા જીવ દોડવું વળગવું વિગેરે હલન ચલન ક્રિયાઓમાં જોડાઈ શકે તેને યોગ કહે છે. અને તે મન, વચન અને કાયાના સાધન-દ્વારા પ્રગટ થતો હોવાથી તેના મનયોગ વચનયોગ અને કાયયોગ એ રીતે ત્રણ ભેદ પડે છે, મનનું બળ અથવા મનદ્વારા પ્રગટ થતું બળ તે મનોયોગ, વચનનું બળ અથવા વચનદ્વારા પ્રગટ થતું બળ તે વચનયોગ, કાયાનુ બળ અથવા કાયાદ્વારા પ્રગટ થતું બળ તે કાયયોગ.

હવે પાંચ નિગ્રંથોમાં કોને કેટલા યોગ ઉપયોગ ને કષાય હોય તે જણાવે છે.

**मणवयकाइयजोगा एए उसिणाय ओ अजोगो वि दारं १६**
**दुविहुवओगा सव्वे दारं १७ आइतिअं चउकसाइल्लं ९८**
**सकसाओ पुण चउसु वि तिसु दुसु इक्काहिव लोहंमि**
**खीणुवसंत कसाओ, निग्गंथो ण्हायगकसायो ॥ दारं १८**

संस्कृत अनुवाद

मनवाक्काययोगवन्तः एते तु स्नातको अयोग्यपि द्वारं (१६)
द्विविधोपयोगाः सर्वे द्वारं (१७) आदित्रिकं चतुकषायवन्तः

सकषायः पुनचर्तुष्वपि त्रिषु द्वयोः वा एकस्मिन् च लोभे क्षीणोपशांतकषायो निर्ग्रंथः स्नातकोऽकषायः द्वारं १८।६९।

**અર્થ**–આ સર્વ નિર્ગ્રન્થો મન વચન અને કાયયોગવાળા હોય. પરંતુ સ્નાતક નિર્ગ્રન્થ અયોગીપણ હોઇ શકે છે. સર્વે નિર્ગ્રન્થો બન્ને પ્રકારના ઉપયોગવાળા હોય છે. પ્રથમના ત્રણ નિર્ગ્રન્થ ચારે કષાયવંત હોય. ૬૮

વળી સકષાયકુશીલને ચાર, ત્રણ બે અને એક કષાય હોય. ક્ષીણકષાયનિર્ગ્રન્થ અને ઉપશાંતકષાય નિર્ગ્રન્થ અને સ્નાતક અકષાયીજ હોયછે. ૬૯

**વિશેષાર્થ**:–મિથ્યાત્વ ગુણઠાણાથી લઇને તેરમા સયોગી-કેવળી ગુણસ્થાનક સુધીના સર્વ જીવોને મન વચન અને કાયા એ ત્રણે યોગ હોય છે. તેથી પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ, કષાયકુશીલ, નિર્ગંથ અને સ્નાતક એ પાંચે નિર્ગંથોને સર્વદા ત્રણે યોગ હોય. પરંતુ પાંચ નિર્ગન્થો પૈકીમાંથી છેલ્લા સ્નાતક નિર્ગન્થના સયોગીકેવળીસ્નાતક અને અયોગી કેવળી-સ્નાતક એ રીતે બે ભેદ છે. તેમાં સયોગીકેવળીસ્નાતક તેરમે ગુણઠાણે વર્તતા હોવાથી ત્રણે યોગવાળા હોય. અને અયોગી કેવળી સ્નાતક ચૌદમે ગુણઠાણે વર્તતા હોવાથી અયોગી હોય છે. આરીતે કેવળ સ્નાતક નિર્ગન્થ સયોગી પણ હોય અને અયોગી પણ હોય બાકીના સર્વ નિર્ગ્રન્થો સયોગીજ હોય.

# ૧૭–ઉપયોગદ્વાર

**ઉપયોગ**–વસ્તુતત્ત્વના જ્ઞાનપ્રત્યે જેનાવડે જીવ વ્યાપાર કરે તેને ઉપયોગ કહે છે. અને તે ઉપયોગ જીવનું સ્વરૂપ છે. આ ઉપયોગના સાકાર અને નિરાકાર એરીતે બે ભેદ છે. તેમાં સાકાર ઉપયોગ તેને કહેવામાં આવે છે કે જેમાં વસ્તુ પ્રતિનિયત–ચોક્કસ વિશેષપણે જાણી શકાય. અને અનાકાર ઉપયોગ તેને કહી શકાય કે જેમાં વસ્તુનો સામાન્યમાત્ર બોધ થાય. આ સાકાર ઉપયોગના પાંચજ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ રીતે આઠ ભેદ અને અનાકારના ચાર દર્શનને લઇને ચાર ભેદ પડે છે.

પુલાક બકુશ કુશીલ નિર્ગ્રન્થ અને સ્નાતક એ પાંચે નિર્ગ્રન્થોને જ્ઞાન અને દર્શન બન્ને ઉપયોગ હોય છે. માટે તે સાકાર–નિરાકાર બન્ને ઉપયોગવંત છે.

# ૧૮—કષાયદ્વાર

કષાય—જે સંસારને વધારે તેને કષાય કહે છે. આ કષાયના અનંતાનુબન્ધિ, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એ ચાર ભેદ છે. તેમાં પ્રથમના ત્રણ કષાયનું આ નિર્ગ્રન્થમાં પ્રયોજન નથી. કારણકે જો તે ત્રણમાંથી કોઇ એકનો પણ જો સદ્દભાવ હોયતો એ કે નિર્ગ્રંથનો ભેદ નિર્ગ્રન્થ તરીકે ન ઘટી શકે. કારણકે અનંતાનુબંધી સમ્યકત્વનો ઘાતક છે. અને જો સમ્યકત્વ ન હોયતો નિર્ગ્રન્થ કેમ કહી શકાય, અપ્રત્યાખ્યાનીય દેશવિરતિનો ઘાતક છે. અહિંતો સર્વ નિર્ગ્રન્થના ભેદો સર્વવિરતિ છે. પ્રત્યાખ્યાનીય સર્વ વિરતિનો ઘાતક છે. પણ અહિંતો સર્વનિર્ગ્રન્થના ભેદો સર્વવિરતિ છે. એટલે તે પણ ન હોઇ શકે પરંતુ સંજ્વલન કષાયનુંજ અહિં કષાય દ્વારમાં પ્રયોજન છે કારણકે સર્વવિરતિમાં જે કાંઇ અતિચારો લાગે છે તે સંજ્વલન કષાયના ઉદયદ્વારા થાય છે.

પુલાક બકુશ અને પ્રતિસેવના કુશીલ એ ત્રણને સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ ચારે ભેદો હોયછે. કારણકે આ ચારે નો સદ્દભાવ સુક્ષ્મસંપરાય સુધી માનવામાં આવેલ છે. કષાયકુશીલને આ ચારે કષાય પણ હોય તેમજ જે જીવો ઉપશમશ્રેણીમાં કે ક્ષપકશ્રેણીમાં વર્તતા કષાયકુશીલપણાને પામે

તેઓનો સંજ્વલનના ચાર-ત્રણ-બે અને એક ભેદ હોય છે. કારણકે તેણે શ્રેણિમાંડી હોય પણ જ્યાં સુધી સંજ્વલન ક્રોધ ઉપશમાવ્યો કે ક્ષય કર્યો ન હોય ત્યાં સુધી ચારે ભેદ હોય જ્યારે તે શ્રેણીએ વર્તતાં ક્રોધને ઉપશમાવે કે ક્ષય કરે ત્યારે તેને સંજ્વલનનો ત્રણ ભેદ ઘટી શકે છે. જ્યારે સંજ્વલન માનને ઉપશમાવે કે ક્ષય કરે ત્યારે સંજ્વલનના બે ભેદ ઘટી શકે છે. અને જ્યારે તે સંજ્વલન માયાને ઉપશમાવે કે ક્ષય કરે ત્યારે તેને સંજ્વલનનો એક ભેદ હોય છે. અને જ્યાંસુધી આ એકપણ ભેદ હોય ત્યાં સુધી તે સકષાયકુશીલ કહેવાય છે. જ્યારે સંજ્વલન લોભનો ઉપશમ કે ક્ષય કરી અગીયારમા ઉપશાંતમોહ ગુણઠાણાને અથવા ક્ષીણમોહગુણઠાણાને પામે ત્યારે તે સકષાયકુશીલ નિર્ગ્રન્થ ભેદ ઘટી શકતો નથી. પરંતુ ત્યારે તેને નિર્ગ્રન્થનિર્ગ્રંથ ભેદ ઘટે છે. માટે નિર્ગ્રંથનિર્ગ્રન્થ ઉપશાંતકષાયી કે ક્ષીણકષાયી હોય અને સ્નાતક કષાય રહિતજ હોય છે.

## ૧૯ લેશ્યાદ્વાર

લેશ્યા–વિશિષ્ટ પુદ્ગલોના સંબંધથી જીવને શુભાશુભ પરિણામ થાય તેને લેશ્યા કહે છે, જ્યારે જીવને તીવ્ર કષાયયુક્ત પરિણામ હોય છે ત્યારે કૃષ્ણાદિ અશુભ લેશ્યા હોય છે. અને જ્યારે કષાયની મન્દતા કે કષાયનો અભાવ હોય છે ત્યારે તેજો વિગેરે શુભ લેશ્યા હોય છે. તે લેશ્યાના કૃષ્ણલેશ્યા નીલલેશ્યા કાપોતલેશ્યા તેજોલેશ્યા પદ્મલેશ્યા અને શુકલલેશ્યા એમ છ ભેદ છે. તેમાં પ્રથમની ત્રણ અશુભ છે અને બાકીની ત્રણ શુભ છે. કૃષ્ણલેશ્યા તીવ્ર અશુભ પરિણામવાળી છે. અને નીલ કાપોત લેશ્યા તેથી કાંઇ ઓછા અશુભપરિણામવાળી હોય છે. તેજોલેશ્યા શુભ પરિણામવાળી છે. અને પદ્મ શુકલ તેથી વધારે ઉત્તરોત્તર શુભ પરિણામવાળી છે.

નિર્ગ્રન્થોને વિષે લેશ્યા કહે છે.

**आइतियं सुहलेसं, कषायवं छसु वि छट्ठिइ नियंठो।**
**ण्हाओ य परमसुक्को लेसाइओ व्व हुज्जाहि**
**दारं १९ ॥७०॥**

સંસ્કૃત અનુવાદ

आदित्रिकं शुभलेश्यं कषायवान् षट्स्वपि षष्ठ्यां निर्ग्रन्थः
स्नातकश्च परमशुक्लो, लेश्यातीतो वा भवति हि ॥७०॥ द्वारं १९

**અર્થ**–પ્રથમના ત્રણને શુભ લેશ્યા; કષાયકુશીલને છએ લેશ્યા નિર્ગ્રંથને છઠ્ઠી લેશ્યા, સ્નાતકને પરમશુકલલેશ્યા અથવા લેશ્યાતીત હોય.

**વિશેષાર્થ**–પુલાક બકુશ અને પ્રતિસેવનાકુશીલને તેજો પદ્મ અને શુકલ લેશ્યા એ ત્રણ શુભ લેશ્યા હોય. કષાય કુશીલને છએ લેશ્યા હોય. નિર્ગ્રન્થને છઠ્ઠી શુકલ લેશ્યાજ હોય. અને સ્નાતકના બે ભેદો પૈકી સયોગીસ્નાતક નિર્ગ્રન્થને પરમશુકલલેશ્યા હોય અને અયોગી સ્નાતક નિર્ગ્રંથને એકે લેશ્યા ન હોવાથી લેશ્યાતીત અલેશ્યી કહેવાય છે.

## ૨૦ પરિણામદ્વાર

પરિણામ-અધ્યવસાય ભાવ વિગેરે તેના પર્યાયવાચક શબ્દ છે. આ પરિણામના ત્રણ ભેદ છે. વર્દ્ધમાન હીયમાન અને અવસ્થિત. જે વિશુદ્ધિમાં જીવ વર્તતો હોય તેનાથી ઉત્તરોત્તર વધુને વધુ વિશુદ્ધ પરિણામ જીવને થાય તે વર્દ્ધમાન પરિણામ. જે વિશુદ્ધિમાં જીવ વર્તતો હોય તેનાથી ઉત્તરોત્તર જીવ હીન હીન પરિણામને પ્રાપ્ત કરે તેને હીયમાનપરિણામ કહે છે. જે વિશુદ્ધિમાં જીવ વર્તતો હોય તેવીને તેવી વિશુદ્ધિમાં જીવ વર્તે તેને અવસ્થિતપરિણામ કહે છે.

નિર્ગ્રન્થોને વિષે વર્દ્ધમાન વિગેરે પરિણામ કહે છે—

**वड्ढंतहीयमाणयवट्ठिय परिणामयाकसायंता**
**नो हीयमाणभावा निग्गंथ सिणायया हुंति ॥७१॥**

**સંસ્કૃત અનુવાદ.**

वर्द्धमानहीयमानावस्थितपरिणामकाः कषायन्ताः
न हीयमानभावाः निर्ग्रन्थस्नातकाः भवन्ति ॥ ७१ ॥

**અર્થ**-કષાયકુશીલસુધીના વધતા ઘટતા અને અવસ્થિત પરિણામી હોય છે. નિર્ગ્રન્થ અને સ્નાતક હીયમાન પરિણામ વિના બે પરિણામવાળા હોય છે.

**વિશેષાર્થ**-પુલાક બકુશ પ્રતિસેવનાકુશીલ અને કષાય-

કુશીલ આ ચારે નિર્ગ્રંથ વર્દ્ધમાનપરિણામી હોય હીયમાનપરિણામી હોય અને અવસ્થિતપરિણામી હોય. નિર્ગ્રન્થ અને સ્નાતક હીયમાનપરિણામે ન હોય. પરંતુ વર્દ્ધમાનપરિણામે અથવા અવસ્થિત પરિણામે હોય. કારણકે પ્રથમના ચાર ચારિત્રો તે તે ચારિત્રને યોગ્ય અધ્યવસાયમાં ઘટતા પરિણામે પણ હોય વધતા પરિણામે પણ હોય અને તેના તે પરિણામમાં પણ હોય છે. કેમકે તે નિર્ગ્રન્થો પ્રમત્ત અપ્રમત્તાદિકમાં પણ લાભી શકે છે. અને તે પ્રમત્ત અપ્રમત્તમાં ઘણીએ વાર પરાવર્તન થઇ શકે છે. નિર્ગ્રન્થને હીયમાન પરિણામ તેટલા માટે ન હોઈ શકે કે નિર્ગ્રંથનો જ્યારે હીનપરિણામ થાય છે ત્યારે તે અવશ્યમેવ શ્રેણીથી પડે છે. અને જ્યારે તે શ્રેણીથી પડે ત્યારે તે કષાયકુશીલ બને છે તેથી નિર્ગ્રંથપણામાં હીયમાન પરિણામ નથી. અને સ્નાતકને હાનિનો અભાવ હોવાથી હીયમાન પરિણામ ન હોય.

**હવે ચાર નિર્ગ્રંથોમાં અવસ્થિતાદિ પરિણામના કાળનું નિરૂપણ—**

**समयावट्ठियभावो जहन्न इयरो उ सत्तसमयाओ**
**समयंतमुहुत्ताइं सेसाओ आइमचउण्हं ॥७२॥**

**સંસ્કૃત અનુવાદ.**

समयावस्थितभावो जघन्यः इतरस्तु सप्तसमयान्
समयान्तर्मुहूर्तानि शेषौ आदिमचतुर्णाम् ॥ ७२ ॥

**અર્થ**–પ્રથમના ચારને જઘન્યથી એક સમયનો અવસ્થિત

ભાવ અને ઉત્કૃષ્ટથી સાત સમયનો અવસ્થિત ભાવ હોય છે. બાકીના ભાવ જઘન્યથી સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.

**વિશેષાર્થ**–પુલાક બકુશ પ્રતિસેવનાકુશીલ અને કષાય કુશીલ આ ચારને અવસ્થિતભાવ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સાત સમયનો હોય છે. બાકીના બે વર્દ્ધમાન અને હીયમાનપરિણામ આ ચારે નિર્ગ્રંથને જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત હોય છે. તેમાં બકુશ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલને એક સમય વર્દ્ધમાનપરિણામ કષાયવિશેષની બાધાથી અને મરણથી એ બન્ને રીતે ઘટી શકે છે અને તે એ રીતે કે આ ત્રણ નિર્ગ્રંથ જ્યારે વર્દ્ધમાનપરિણામે થાય કે તરતજ કાળ ધર્મ પામે ત્યારે તે વર્દ્ધમાનપરિણામ અટકી જાય છે તે વખતે એક સમય વર્દ્ધમાનપરિણામ ઘટી શકે છે અથવા કષાયવિશેષથી સમય ઘટી શકે છે. અને વધારેમાં વધારે વર્દ્ધમાનપરિણામ તો અંતર્મુહૂર્ત પણ સંભવે. પરંતુ પુલાકનિર્ગ્રન્થનું મરણ પુલાકનિર્ગ્રંથપણામાં થતું નથી કારણકે જ્યારે તે કાળધર્મ પામે છે ત્યારે તે કષાયકુશીલાદિ નિર્ગ્રંથના પરિણામે પરિણમે છે, તેથી તેને જઘન્યથી એક સમય વર્દ્ધમાનપરિણામ મરણથી ન ઘટે પરંતુ કેવળ કષાયવિશેષની બાધાથીજ ઘટી શકે છે.

**निग्गंथंतमुहुत्तं, दुहावि भावो पवड्ढमाणो उ**
**समयं जहन्नवड्डिय, अंतमुहुत्तं च उक्कोसो॥७३॥**

## સંસ્કૃત અનુવાદ.

**निर्ग्रंथान्तर्मुहूर्तं द्विधापि भावो प्रवर्द्धमानस्तु**
**समयं जघन्यमवस्थितः, अन्तर्मुहूर्तं च उत्कृष्टः ॥७३॥**

**અર્થ**–નિર્ગ્રંથને પ્રવર્દ્ધમાન ભાવ બન્ને પ્રકારે અંતર્મુહૂર્ત. અવસ્થિત જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત હોય છે.

**વિશેષાર્થ**—નિર્ગ્રન્થનિર્ગ્રન્થને પ્રવર્દ્ધમાનપરિણામ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ પ્રવર્દ્ધમાન પરિણામ અંતર્મુહૂર્ત હોય છે. અને અવસ્થિત પરિણામ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત છે. આપણે પ્રથમ કહી ગયા છીએ કે ઉપશાંત મોહ અને ક્ષીણમોહ ગુણઠાણાવાળા નિર્ગ્રન્થ છે અને તેને હીયમાન પરિણામ નથી હોતો કેવળ પ્રવર્દ્ધમાન અને અવસ્થિત પરિણામજ હોય છે. તેમાં પ્રવર્દ્ધમાન પરિણામ બન્ને પ્રકારે અંતર્મુહૂર્ત છે. કારણકે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થયા પછી તે નિર્ગ્રન્થ સ્નાતક પરિણામ પામનાર છે. તેથી નિર્ગ્રન્થનો અંતર્મુહૂર્તે પ્રવર્દ્ધમાનપરિણામ બંધ પડે છે અને અવસ્થિત પરિણામમાં સમય ત્યારે જ ઘટે કે અગીઆરમા ગુણઠાણે વર્તનાર કાળધર્મ પામી શ્રેણીથી પડે.

**સ્નાતક નિર્ગ્રંથ સંબંધી અવસ્થિતાદિ પરિણામનું કાળ નિરૂપણ—**

**ण्हायस्स वड्ढमाणो अंतमुहुत्तं दुहावि परिणामो**
**एवं अवट्ठिओ वि हु उक्कोसा पुव्वकोडूणो ॥७४॥**

## સંસ્કૃત અનુવાદ

स्नातकस्य प्रवर्द्धमानः अन्तर्मुहूर्तं द्विधाऽपि परिणामः
एवं अवस्थितोऽपि हु उत्कृष्टः पूर्वकोटयुनः ॥७४॥

**અર્થ**-સ્નાતકનો પ્રવર્દ્ધમાન પરિણામ જઘન્યથી અને ઉત્કૃષ્ટ-થી એમ બન્ને પ્રકારે અંતર્મુહૂર્તનો અને અવસ્થિત પરિણામ જઘન્યથી અંતર્મુહૂર્ત ને ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન પૂર્વક્રોડ વર્ષનો હોય છે.

**વિશેષાર્થ**—સ્નાતકનો પ્રવર્દ્ધમાન પરિણામ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એમ બન્ને પ્રકારે અંતર્મુહૂર્ત અને તે શૈલેશી કરણ કરવા વખતે હોય છે. સ્નાતકનો અવસ્થિતપરિ-ણામ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોઉણ પૂર્વક્રોડ વર્ષનો હોયછે. જે જીવ કેવળજ્ઞાન પામ્યા પછી અન્તર્મુહૂર્ત અવસ્થિતપરિણામમાં રહી આયુષ્ય ઓછું હોયતો તરતજ શૈલેશીકરણ કરે તેને લઇને અવ-સ્થિત પરિણામ જઘન્યથી અંતર્મુહૂર્ત. અને ઉત્કૃષ્ટ-પરિણામ તો તેને ઘટી શકે કે જે જીવ પૂર્વક્રોડના આયુષ્યવાળો હોય ને તે ઓછામાં ઓછા નવ વર્ષે કેવળજ્ઞાન પામેલ હોય તો આ કેવળજ્ઞાન પામ્યા પછી નવ વર્ષ ન્યુન પૂર્વક્રોડ વર્ષ સુધી શૈલેશીકરણ જ્યાં-સુધી ન કરે ત્યાંસુધી અવસ્થિત પરિણામમાં રહે તેને લઇને ઉત્કૃષ્ટ અવસ્થિત પરિણામ દેશોઉણ પૂર્વ-ક્રોડ વર્ષનો હોય છે.

# ૨૧—બંધદ્વાર

મિથ્યાત્વાદિક હેતુઓ દ્વારા એ જીવવડે કરાય તે કર્મ. અને તે જ્ઞાનાવરણાદિ કર્મોના પુદ્ગલોનો આત્માની સાથે ક્ષીરનીરની પેઠે સંબંધ થવો તેને બંધ કહે છે. રાગદ્વેષાદિકષાયસહિત જીવ રાગદ્વેષ-વિગેરે નિમિત્તદ્વારા કર્મને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે. અને તે પુદ્ગલો જ્ઞાનાવરણાદિરૂપે પરિણમે છે તેને બંધ કહે છે. અને તે બન્ધના પ્રકૃતિબન્ધ, સ્થિતિ-બન્ધ, રસબન્ધ અને પ્રદેશબન્ધ એ રીતે ચાર ભેદ પડે છે. કર્મના ભિન્ન ભિન્ન સ્વભાવને પ્રકૃતિબન્ધ કહે છે. આત્માની સાથે કર્મનો અમુકકાળ સુધી મર્યાદિત સંબંધ તે સ્થિતિબન્ધ. રસ એટલે કર્મમાં જ્ઞાનાદિ-ગુણને ઘાત કરવાનું સામર્થ્ય તેમજ શુભાશુભ રૂપ ફળ આપવાનું સામર્થ્ય તે રસબંધ. અને આત્માની સાથે કર્મના પુદ્ગલોનો ક્ષીરનીરની પેઠે સંબંધ થવો તેને પ્રદેશબંધ કહે છે.

હુર્વે તે કર્મના મુળ ભેદો આઠ અને ઉત્તર ભેદો એકસો અઠ્ઠાવન ગણાવેલા છે. ૧ જ્ઞાનાવરણીય ૨ દર્શનાવરણીય ૩ વેદનીય ૪ મોહનીય ૫ આયુષ્ય ૬ નામ ૭ ગોત્ર ૮ અંતરાય એ આઠ મુળ ભેદ છે. અને જ્ઞાનાવરણીય વીગેરેના પાંચ નવ વિગેરે ભેદો પડતાં એકસો અઠ્ઠાવન ભેદો પડી શકે છે.

હવે આ પાંચ નિર્ગ્રન્થોમાં કયા કયા નિર્ગ્રન્થોને કેટલા કર્મને બંધ હોય તે જણાવે છે.

**बंधइ सत्त पुलाओ, कम्मपयडीओ आउवज्जाओ**
**बउसासेवी सत्तट्ठ, कसाई सत्त अट्ठ छ वा ७५**
**मोहाउवज्जिआ छ उ, निग्गंथो वेयणियमेविक्कं**
**ण्हाओ अ सायवेयं, बन्धइ बन्धेण रहिओ वा**
**दारं।२१।७६**

बध्नाति सप्त पुलाकः, कर्मप्रकृतीः आयुर्वर्ज्जाः
बकुशासेवी सप्ताष्टौ, कषायी सप्ताष्टौ षड् वा
मोहायुर्वर्ज्जिताः षट् तु निर्ग्रन्थः वेदनीयमेवैकं
स्नातकश्च सातवेदं बध्नाति बन्धेन रहितो वा द्वारं २१॥७६॥

**અર્થ**–પુલાકનિર્ગ્રન્થ આયુષ્ય વર્જીને સાત કર્મપ્રકૃતિ બાંધે. બકુશ તથા પ્રતિસેવાકુશીલ સાત આઠ પ્રકૃતિ બાંધે. અને કષાયકુશીલ સાત આઠ અથવા છ કર્મપ્રકૃતિ બાંધે ॥ ૭૫ ॥

મોહનીય અને આયુ વર્જિને છનો બંધ, નિર્ગ્રન્થ એક વેદનીયજ બાંધે અને સ્નાતક સાતાવેદનીય અથવા સર્વથા અબંધક હોયછે. ૭૬

**વિશેષાર્થ**–પુલાક નિર્ગ્રન્થ આઠ કર્મમાંથી આયુષ્ય કર્મ વિના સાતકર્મ બાંધે. કારણકે પુલાક નિર્ગ્રન્થને આયુષ્યબંધયોગ્ય અધ્યવસાયસ્થાનક નથી. બકુશ અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રન્થ સાત અથવા આઠ કર્મને બાંધે છે. જયારે આયુષ્યને બાંધે ત્યારે આઠ કર્મ

બાંધે અને તે બંધાયા પછી અથવા આયુષ્ય ન બાંધતો હોય ત્યારે સાત કર્મ બંધે. કષાયકુશીલ આયુષ્ય સાથે આઠ કર્મ બાંધે આયુષ્યનો બંધ ન કરે ત્યારે સાત કર્મ બાંધે, અને સુક્ષ્મસંપરાય ગુણઠાણે વર્તતાં તે આયુષ્ય અને મોહનીયવિના છ કર્મ પણ બાંધે. એ રીતે કષાયકુશીલ ત્રણ પ્રકારે બંધ કરે છે. નિર્ગ્રન્થના બન્ને ભેદોમાં એક વેદનીય કર્મજ બાંધે છે. અને તે પણ શાતા વેદનીયજ બાંધે છે. સ્નાતક નિર્ગ્રન્થના સયોગી અયોગી એ બે ભેદ છે તેમાં સયોગીએ એક શાતાવેદનીય કર્મ બાંધે છે. અને અયોગી ગુણઠાણે સર્વથા બંધનો અભાવ હોય છે.

## ૨૨—વેદ-ઉદયદ્વાર

આત્માની સાથે લાગેલા અને ઉદય સમયને પ્રાપ્ત થયેલા શુભાશુભ કર્મ પુદ્ગલોનો વિપાક–શુભાશુભ ફળનો અનુભવ થાય તેને ઉદય કહે છે.

**કયા કયા નિર્ગ્રન્થને કેટલા કર્મનો ઉદય હોય તે કહે છે.**

**वेयंति अट्ठ चउरो, निग्गंथो सत्त मोहवज्जाओ**
**ण्हाओ घाइविवज्जे, चउरो वेएइ कम्मंसो ॥७७॥**

वेदयन्ति अष्टौ चत्वारः निर्ग्रन्थः सप्त मोहवर्ज्जाः
स्नातः घातिवर्जांश्च, चतुरः वेदयति कर्मांशान् ॥७७॥

**અર્થ**–ચાર નિર્ગ્રન્થ આઠકર્મ વેદે, નિર્ગ્રન્થનિર્ગ્રન્થ મોહનીય વર્જીને સાત કર્મ વેદે, સ્નાતકનિર્ગ્રન્થ ઘાતી કર્મ વર્જીને ચાર કર્મ વેદે છે.

**વિશેષાર્થ**–પુલાક બકુશ તથા બંને પ્રકારના કુશીલ એ ચારે નિર્ગ્રન્થ આઠે કર્મ વેદે છે. પહેલેથી દશ ગુણ-ઠાણા સુધી આઠે કર્મનો ઉદય હોવાથી ત્યાં આઠે કર્મનો ઉદય હોય. નિર્ગ્રન્થને મોહનીય વિના સાત કર્મનો ઉદય હોય. કારણકે આ નિર્ગ્રન્થ ચારિત્ર આગિઆરમા બારમા ગુણઠાણે હોય છે. અને ત્યાં સાતકર્મનોઉદય હોવાથી આ નિર્ગ્રન્થને સાત કર્મનો ઉદય હોય છે. સ્નાતક નિર્ગ્રન્થ તેરમાં ચૌદમા ગુણઠાણા વાળા જીવો હોય છે. અને તે ગુણઠાણે જ્ઞાનાવરણીય દર્શનાવરણીય મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મ વર્જીને બાકીના વેદનીય આયુષ્ય નામ અને ગોત્રનો ઉદય હોય છે.

## ૨૩–કર્મોદીરણદ્વાર

કોઇપણ કર્મ બંધાયા પછી જ્યાં સુધી તેનો અબાધા કાળ પુરો ન થાય ત્યાંસુધી તેનો ઉદય થતો નથી. ઉદય થયા પછી બધા કર્મપુદ્દગલો એક સાથે ઉદયમા આવતાં નથી, પણ ક્રમશઃ ઉદયમાં આવે છે. ઉદય સમયથી માંડીને એક આવલિકા કાળની અંદર ઉદયમાં આવવા યોગ્ય પુદ્દગલો ઉદય સમયને પ્રાપ્ત થયેલાં કહેવાય છે. અને આ ક્રમશઃ ઉદયમાં આવતા કર્મપુદ્દગલોમાં ઉદય સમયને અપ્રાપ્ત કર્મ-

પુદ્દગલોના શુભાશુભ ફળનો પ્રયત્ન વિશેષથી પ્રથમજ અનુભવ કરવો તેને ઉદીરણા કહે છે.

**કયા કયા નિર્ગ્રંથને કેટલા કર્મની ઉદીરણા હોય તે કહે છે.**

**वेयणीयाउयवज्जा, पयडीओ उदीरए छ उ पुलाओ**
**बउसासेवी सत्तट्ठ, छच्च सत्ताउवज्जाओ ॥ ७८ ॥**
**सकसाओ एआओ, पंच य वेयाउ मोहवज्जाओ**
**एवं पंच नियंठो, दुन्नि य नामं च गुत्तं च ॥७९॥**

**वेदनीयायुर्वज्जाः प्रकृतीः उदीरयति षट् तु पुलाकः**
**बकुशासेवी सप्ताष्टौ, षट् च सप्तायुर्वज्जाः ॥ ७८ ॥**
**सकषायः एताः पञ्चश्च वेदायुर्मोहवज्जाः**
**एवं पञ्च निर्ग्रन्थो द्वे च नामं गोत्रं च ॥७९॥**

**અર્થ**-પુલાકનિર્ગ્રન્થ વેદનીય અને આયુષ્ય વર્જીને છ કર્મની ઉદીરણા કરે છે, બકુશ અને પ્રતિસેવાકુશીલ નિર્ગ્રન્થ સાત આઠ અને છ કર્મની ઉદીરણા કરે. કષાયકુશીલને સાતની ઉદીરણા જ્યારે તે આયુષ્ય વિના હોય ત્યારે ઘટે અને વેદનીય આયુષ્ય વિના હોય ત્યારે છની ઉદીરણા હોય. પુરેપુરા કર્મની ઉદીરણા હોય ત્યારે આઠની ઉદીરણા. અને વેદનીય આયુષ્ય અને મોહનીય વર્જીને એ પાંચ કર્મની ઉદીરણા કરે. એ પ્રમાણે નિર્ગ્રંથને પણ પાંચની તથા નામ ગોત્ર એ બે કર્મની ઉદીરણા હોય.

**વિશેષાર્થ**-પુલાક વેદનીય અને આયુષ્યવિના છ કર્મની ઉદીરણા કરે, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાત

કર્મની, આઠ કર્મની અને છ કર્મની ઉદીરણા કરે. સર્વ કર્મની ઉદીરણા હોય ત્યારે આઠે કર્મની ઉદીરણા હોય આયુષ્ય વિના હોય ત્યારે સાતની ઉદીરણા હોય અને મોહનીય આયુષ્ય વિના છની ઉદીરણા હોય. કષાય-કુશીલને આયુવિના સાત કર્મની, પુરેપુરા કર્મની ઉદીરણા હોય ત્યારે આઠની ઉદીરણા, વેદનીય અને આયુષ્ય વિના છની ઉદીરણા તેમજ વેદનીય આયુષ્ય અને મોહનીય વિના પાંચ કર્મની ઉદીરણા હોય છે. નિર્ગ્રંથમાં ઉપશામક નિર્ગ્રંથને પાંચની ઉદીરણા હોય. અને ક્ષપક નિર્ગ્રન્થને નામ અને ગોત્ર એ બે કર્મનીજ ઉદીરણા હોય કારણકે જ્યારે બારમા ગુણઠાણે જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાયનો ક્ષય કરે ત્યારે બારમા ગુણઠાણે છેલ્લી આવલિકાએ એ ત્રણ કર્મનો ઉદય હોય પણ ઉદીરણા ન હોય તેથી તેને બે કર્મની ઉદીરણા છે.

**ण्हाओ एवं दुन्नि उदीरणाए वज्जिओ व सो होइ**
**चइऊण पुलायत्तं, होइ कसाई अविरओ वा ॥८०॥**

**स्नातः एवं द्वे, उदीरणया वर्जितश्च स भवति**
**त्यक्त्वा पुलाकत्वं, भवति कषायी अविरतो वा ८०**

**અર્થ**–સ્નાતકને પણ એ બે કર્મની ઉદીરણા તેમજ ઉદીરણા રહિત પણ હોય છે. પુલાકપણું તજીને કષાયકુશીલ તથા અવિરતિ થાય.

**વિશેષાર્થ**–સ્નાતક તેરમા ચૌદમા ગુણઠાણાવાળા હોય છે. તેરમા ગુણઠાણાવાળા સ્નાતકને નામ અને ગોત્ર એ બે કર્મની ઉદીરણા હોય છે અને ચૌદમા ગુણઠાણાવાળા અનુદીરક હોય છે.

## ૨૪-ઉપસંપજ્જહનદ્વાર

જે નિર્ગ્રન્થ પોતાની અવસ્થાને છોડીને બીજી અવસ્થાને પામે તેને ઉપસંપજ્જહન કહે છે. આ પણ બે પ્રકારે થઇ શકે છે. એક તો જે અવસ્થામાં પોતે હોય તે કરતાં વિશુદ્ધઅવસ્થા પામતાં તે પોતાની વર્તમાન અવસ્થાને છોડે છે. અથવા પોતે જે અવસ્થામાં હોય તેથી ઉતરતા દરજ્જાની અવસ્થા પામતાં પણ જીવ પોતાની મૂળ અવસ્થાને છોડે છે.

**હવે પાંચ નિર્ગ્રન્થોમાં ઉપસંપજ્જહન કહે છે.**

જેમ પુલાકનિર્ગ્રન્થ પોતાની પુલાકપણાની અવસ્થાને છોડીને વિશુદ્ધિએ વર્તતાં કષાયકુશીલ નિર્ગ્રન્થ થાય છે કારણકે પુલાકના સરખા સંયમસ્થાનો કષાયકુશીલમાં સંભવી શકે છે. તેમજ તે પુલાક નિર્ગ્રન્થ ચ્યવીને દેવપણામાં અવિરતિ પણ થાય છે. આ રીતે પુલાકને બે પ્રકારે ઉપસંપજ્જહન ઘટી શકે છે.

**बउसत्तचुओ सेवी, कसायवं अविरओ व सड्ढो वा**
**सेवित्तचुओ बउसो, कसाइ सड्ढो अविरओ वा ॥८१॥**

बकुशत्वात् च्युतः सेवी कषायवानविरतो वा श्राद्धो वा
सेवित्वाच्युतः बकुशः, कषायी श्राद्धः अविरतो वा ॥८१॥

**અર્થ**-બકુશપણું તજીને પ્રતિસેવાકુશીલ, કષાયકુશીલ, અવિરતિ તેમજ દેશવિરતિ થાય. પ્રતિસેવાકુશીલથી ચ્યવેલા બકુશ, કષાયકુશીલ શ્રાવક અથવા અવિરત થાય.

**વિશેષાર્થ**-બકુશનિર્ગ્રન્થ બકુશનિર્ગ્રન્થપણું છોડીને પ્રતિ. સેવાકુશીલ કે કષાયકુશીલ થાય. તેમજ ત્યાંથી તે જીવ મંદ પરિણામે વર્તતાં દેશવિરતિ કે અવિરતિને પણ પામે છે. પ્રતિસેવાકુશીલનિર્ગ્રન્થ પોતાની અવસ્થાને છોડી બકુશ તેમજ કષાયકુશીલનિર્ગ્રન્થ થાય છે. અને તે જીવ જો મંદ અધ્યવસાયે વર્તતો હોય તો શ્રાવક કે અવિરતિ પણ બને છે.

**सकसाओ पुण पुलाओ, बउसो पडिसेवगो नियंठो वा**
**सड्ढो असंजओ वा, हविज्ज चइउं कसाइत्तं ॥८२॥**

**सकषायः पुनः पुलाकः बकुशः प्रतिसेवकः निर्ग्रन्थो वा**
**श्राद्धो संयतो वा भवति च्युत्वा कसायित्वं ॥ ८२ ॥**

**અર્થ**-કષાયકુશીલ કષાયકુશીલથી પુલાક થાય બકુશ થાય, પ્રતિસેવાકુશીલ અથવા નિર્ગ્રંથ થાય. અથવા કષાય- કુશીલ કષાયકુશીલપણાને તજીને શ્રાવક કે અવિરતિ પણ થાય છે.

**વિશેષાર્થ**-કષાયશીલનિર્ગ્રન્થ કષાયકુશીલપણાથી પુલાક બકુશ પ્રતિસેવાકુશીલ અથવા નિર્ગ્રન્થનિર્ગ્રંથ થાય છે. હવે જો તે અતિમંદઅધ્યવસાયે વર્તતો હોય તો શ્રાવક અથવા અવિરતિ પણ થઇ શકે છે.

**निग्गथंत्त चुओ पुण, सकसाइ सिणायगो अविरओ वा**
**ण्हाओ चइय सिणायत्तणं तु सिद्धो हविज्ज त्ति ॥८३॥**

**दारं । २४ ।**

निर्ग्रन्थत्वात् च्युतः पुनः, सकषायी स्नातकः अविरतो वा स्नातः च्युत्वा स्नातकत्वं तु सिद्धो भवति इति ॥८३॥ द्वारं२४॥

**અર્થ**–નિર્ગ્રંથ નિર્ગ્રંથપણું મુકીને વળી કષાયકુશીલ થાય સ્નાતક થાય અથવા અવિરતિ થાય. સ્નાતક સ્નાતકપણું મુકીને મોક્ષેજ જાય.

**વિશેષાર્થ**–નિર્ગ્રંથના ઉપશામક અને ક્ષપક એ બે ભેદ છે. તેમાં બારમા ગુણઠાણાથી જે જીવો તેરમે ગુણઠાણે જાય છે તેને નિર્ગ્રન્થથી સ્નાતક થયેલા કહેવાય છે. ને ઉપશામક નિર્ગ્રન્થ તો શ્રેણીથી અવશ્યમેવ પડે છે. અને તે પણ કાળક્ષયે અથવા આયુષ્યક્ષયે એ રીતે બે પ્રકારે પડે છે. તેમાં જે કાળક્ષયે શ્રેણીથી પડે છે તે સકષાયકુશીલ પામે છે. ને જે ભવક્ષયે પડે છે તે દેવપણામાં જરૂરથી અવિરત થાય છે. પણ દેશવિરતિ થતો નથી. કારણકે દેવપણામાં દેશવિરતિનો અભાવ છે.

આ સ્નાતક નિર્ગ્રન્થ તો તેરમા ચૌદમા ગુણઠાણાના જીવોને કહેવામાં આવે છે અને તે તો અવશ્ય મોક્ષેજ જાય છે.

## ૨૫ સંજ્ઞાદ્વાર

**સંજ્ઞા**—અહાર–ભય–પરિગ્રહ–મૈથુન–ક્રોધ–માન–માયા–લોભ–લોક અને ઓઘ એમ દશ પ્રકારે સંજ્ઞા હોય છે. વારંવાર અભ્યાસથી જીવોની જે વસ્તુમાં સ્હેજે પ્રવૃત્તિ થાય તેને સંજ્ઞા કહે છે.

હવે કયા કયા નિર્ગ્રન્થને સંજ્ઞા હોય અને કોને કોને ન હોય તે અને આહાર કહે છે.

**ण्हायनियंठपुलाया, नो उवउत्ता हवंति सन्नासु सेसा दुहावि हुज्जा (दारं२५) ण्हाओ दुह सेसगा-हारा ॥ ८४ ॥ द्वारं २६ ॥**

स्नातकनिर्गन्थपुलाकाः नो उपयुक्ता भवन्ति संज्ञासु शेषा द्विधापि भवन्ति (द्वारं २५) स्नातः द्विधा शेषकाः आहाराः ॥८४॥द्वारं२६

**અર્થ**—સ્નાતક નિર્ગ્રન્થ અને પુલાક સંજ્ઞામાં ઉપયુક્ત ન હોય. અને બાકીના નિર્ગ્રન્થો બન્ને પ્રકારે હોય. સ્નાતક આહારી અણહારી બન્ને પ્રકારના હોય અને બાકીના આહારીજ હોય.

**વિશેષાર્થ**—સ્નાતક, નિર્ગ્રન્થ અને પુલાક આ ત્રણે નિર્ગ્રન્થો સંજ્ઞાને વિષે ઉપયોગવાળા નથી હોતા. કારણકે મુખ્ય-જ્ઞાનોપયોગમાંજ તેઓ નિરંતર વર્તનારા હોવાથી તેઓને આહારાદિકની અભિલાષા ન હોય. અને બાકીના બકુશ, પ્રતિસેવનાકુશીલ, અને કષાયકુશીલ તે ત્રણ કોઇકવાર આહારાદિ સંજ્ઞામાં ઉપયોગવાળા પણ હોય અને કોઇકવાર જ્ઞાનાદિઉપયોગમાં વર્તતા હોય ત્યારે આહારાદિ સંજ્ઞામાં વર્તતા ન પણ હોઇ શકે. એટલે સંજ્ઞાવાળા પણ હોય અને ન પણ હોય.

# ૨૬–આહારદ્વાર

આહાર ત્રણ પ્રકારના છે. ઓજાહાર લોમાહાર અને કવલાહાર. જીવ ઉત્પન્ન થતાં જે આહાર ગ્રહણ કરે છે તે ઓજાહાર. રૂંવાટાદ્વારા જે આહાર ગ્રહણ કરે છે તે લોમાહાર, અને મુખમાં કોળીઆદ્વારા જે આહાર ગ્રહણ કરે છે તેને કવલાહાર કહે છે.

હવે તે પાંચ નિર્ગ્રન્થોમાં આહારની ઘટના કરે છે. સ્નાતક આહારી પણ હોય અને અણુહારી પણ હોય છે; કારણકે સયોગીગુણઠાણાવાળા જીવો કેવળી સમુદ્દ્ઘાતમાં તીજા ચોથા અને પાંચમા સમયમાં અણુહારી હોય છે અને બાકીના વખતે તે આહારી હોય છે,તેમજ અયોગી ગુણઠાણાવાળા જીવો અણુહારીજ હોય છે. આથી સ્નાતક આહારી અણુહારી એ રીતે બન્ને પ્રકારના હોય છે. અને બાકીના પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ, કષાયકુશીલ અને નિર્ગ્રન્થ એ પાંચે આહારીજ હોય. અણુહારી ન હોય. કારણકે અણુહારી અવસ્થા ઉપર કહેલ કેવળીસમુદ્દ્ઘાત અવસ્થામાં તેમજ ભવાંતરે જતાં વક્રગતિએજ હોય છે. તેથી આ નિર્ગ્રન્થોમાં કેવળી સમુદ્દ્ઘાત નથી તેમજ વક્રગતિ પણ સંભવતી નથી તેથી આ નિર્ગ્રંથો આહારીજ હોય છે. અણુહારી નથી હોતા.

# ૨૭—ભવદ્વાર

ભવ એટલે સંસાર. ચારે ગતિમાં પર્યટન કરવું તેને ભવ કહે છે.

**पंचवि य जहन्नेणं, एगभवुक्कोसओ कमेणेवं**
**पुलयस्स तिन्नि तिण्हं,तु अट्ठ तिन्नेव इक्को य ॥८५॥**

**पञ्चापि च जघन्येन एकभवोत्कर्षतः क्रमेणैवं**
**पुलाकस्य त्रयः त्रयाणां तु, अष्टौ त्रयः एव एकश्च ।८५।द्वारं २७।**

**અર્થ**—પાંચે નિર્ગ્રંથ જઘન્યથી એક ભવમાં અને ઉત્કૃષ્ટથી અનુક્રમે આ પ્રમાણે છે-પુલાકને ત્રણ, ત્રણને આઠ, ત્રણ અને એક છે

**વિશેષાર્થ**-પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક એ પાંચે નિર્ગ્રન્થને જઘન્યથી એક ભવ હોય. એટલે એ ચારિત્ર પામ્યા પછી એકજ ભવમાં પણ સિદ્ધિ ગતિને પામી શકે છે. ઉત્કૃષ્ટથી પુલાકને ત્રણ ભવ, બકુશ, પ્રતિસેવાકુશીલ અને કષાયકુશીલને ઉત્કૃષ્ટથી આઠ ભવ, નિર્ગ્રન્થને ત્રણ ભવ. અને સ્નાતકને એક ભવ. જઘન્યથી પુલાકાદિક નિર્ગ્રંથને એક ભવ ગ્રહણ કરવાનો હેતુ એ છે કે તે ભવમાં પુલાક થઈને કષાય-કુશીલાદિ બીજા સંયમોને એકવાર કે અનેકવાર પામીને તે ભવમાં કે ભવાન્તરમાં સિદ્ધિગતિને પામે તેને લઈને છે.

## ૨૮ આકર્ષદ્વાર

જે અવસ્થામાં વર્તતો હોય તે અવસ્થા મુકીને ફરી તે અવસ્થા પામે તેને આકર્ષ કહે છે. અને તે આકર્ષના પણ બે પ્રકાર છે ૧-એક ભવ આશ્રયીને ૨-ઘણાભવ આશ્રયીને.

### હવે નિર્ગ્રન્થોને વિષે આકર્ષ કહે છે.

**इक्को य जहन्नेणं, आगरिसुक्कोसओ कमेणेव**
**पुलयस्स तिन्नि तिण्हं, सयग्गसो दुन्नि इक्को य ।८६।**

**एकश्च जघन्येन आकर्षोत्कृष्टतः क्रमेणैवं**
**पुलाकस्य त्रिणि त्रयाणां शतपृथक्त्वः द्वे एकश्च ॥ ८६ ॥**

**અર્થ**-જઘન્યથી એક આકર્ષ હોય, ઉત્કૃષ્ટથી અનુક્રમે આ પ્રમાણે હોય છે-પુલાકને ત્રણ, ત્રણને શતપૃથક્ત્વ, બે અને એક હોય.

**વિશેષાર્થ**-પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ કષાયકુશીલ નિર્ગ્રંથ અને સ્નાતક એ છએ નિર્ગ્રન્થને જઘન્યથી એક આકર્ષ હોય છે. એટલે તે નિર્ગ્રન્થ પોતાની અવસ્થામાં એકજવાર આવીને તેજ ભવમાં સિદ્ધિ ગતિએ જાય છે તેને લઇને એક આકર્ષ. ઉત્કૃષ્ટથી પુલાકને તેજ ભવને આશ્રયીને ત્રણ આકર્ષ હોય છે. બકુશ પ્રતિસેવાકુશીલ અને કષાયકુશીલ એ ત્રણને શતપૃથક્ત્વ આકર્ષ હોય છે. નિર્ગ્રન્થને માત્ર બેજ આકર્ષ હોય છે. કારણકે તે જીવ એક

ભવમા બેજ વાર શ્રેણી કરે છે. સ્નાતકને એકજ આકર્ષ હોય છે. કારણકે તેને તે ચારિત્ર છોડયા પછી ફરી વારંવાર તેને પામવાનું હોતું નથી. કારણકે તે જ્યારે ચારિત્ર છોડે ત્યારે સિધો મોક્ષમાં જ જાય છે. તેને પડવા વિગેરેનું હોતું નથી.

**नाणभवे आगारिसा, हुंति जहन्नेण दोन्नि पंचण्हं**
**उक्कोसओ कमेणं, सत्त हवंति पुलायस्स ॥ ८७॥**

**नानाभवेषु आकर्षाः भवन्ति जघन्येन द्वौ पञ्चानां**
**उत्कर्षतः क्रमेण सप्त भवन्ति पुलाकस्य ॥ ८७ ॥**

**અર્થ**–નાનાભવ આશ્રયીને પાંચેને જઘન્યથી બે આકર્ષ હોય અને ઉત્કૃષ્ટપણે અનુક્રમે પુલાકને સાત આકર્ષ હોય છે.

**વિશેષાર્થ**–હવે નાનાભવ આશ્રયીને આકર્ષ કહે છે. જઘન્યથી સ્નાતક સિવાય બાકીના પાંચ નિર્ગ્રન્થને બે આકર્ષ હોય છે. એક તે ભવમાં અને બીજો અન્ય ભવમાં હોય છે. તથા પુલાકને ઉત્કૃષ્ટથી સાત આકર્ષ હોય છે. પુલાકને પ્રથમના ભવમાં ત્રણ આકર્ષ હોય. બીજા ભવમાં એક આકર્ષ અને તીજા ભવમાં ત્રણ આકર્ષ એમ સાત આકર્ષ પુલાકને ઉત્કૃષ્ટથી હોય છે.

**सहसग्गसो उ तिण्हं, पंच नियंठस्स ण्हायए नत्थि**
**अंतमुहुत्तं कालो, होइ दुहावी पुलायस्स ॥ ८८ ॥**

**सहस्रपृथक्त्वं तु त्रयाणाम् पञ्च निर्ग्रन्थस्य स्नातस्य नास्ति**
**अन्तर्मुहूर्तं कालः भवति द्विधाऽपि पुलाकस्य ॥ ८८ ॥**

**અર્થ**-ત્રણને સહસ્રપૃથક્ત્વ, નિર્ગ્રન્થને પાંચ આકર્ષ અને સ્નાતકને આકર્ષ નથી. પુલાકને બન્ને પ્રકારે અંતર્મુહૂર્ત કાળ હોય છે.

**વિશેષાર્થ**-બકુશ, પ્રતિસેવનાકુશીલ તથા કષાયકુશીલ એ ત્રણને સહસ્રપૃથક્ત્વ આકર્ષ નાનાભવ આશ્રયીને હોય છે આ નિર્ગ્રન્થોને આઠ ભવ હોય છે અને એક ભવમાં વધુમાં વધુ ૯૦૦ આકર્ષ હોય છે તેથી તેને આઠે ગુણતા ૭૨૦૦ આકર્ષ થાય છે. નિર્ગ્રન્થને નાના ભવ આશ્રયીને પાંચ આકર્ષ હોય છે. આ નિર્ગ્રન્થને ત્રણ ભવ હોય છે તેમાં પ્રથમ ભવમાં બે આકર્ષ બીજા ભવમાં બે અને તીજામાં ક્ષપક નિર્ગ્રન્થ થઈ મોક્ષે જાય એ રીતે પાંચ આકર્ષ હોય છે. સ્નાતકને નાના ભવ આશ્રયી આકર્ષ નથી કારણકે તે તો તેજ ભવમાં મોક્ષે જાય છે.

## ૨૯-કાળદ્વાર

કાળ-સ્થિતિ-મર્યાદા નવીન વસ્તુને જુની કરે તેને કાળ કહે છે. અને તે કાળ વર્તના પરિણામ વિગેરે રૂપે છે. પુલાકને જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તનો કાળ જાણવો કારણકે પુલાક પુલાકપણે વર્તતાં મરણ પામે નહિ.

**बउसासेवि कसायी जहन्नओ समयामियरओ कोडी**
**समयं होइ नियंठो, अंतमुहुत्तं तु उक्कोसो॥८९॥**

बकुशासेविकषायिणां, जघन्यतः समयम् इतरतः कोटिः
समयं भवति निर्ग्रन्थः अन्तर्मुहूर्तं तूत्कर्षः ॥ ८९ ॥

**અર્થ**–બકુશ, પ્રતિસેવાકુશીલ તથા કષાયકુશીલ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી પૂર્વકોડી હોય, નિર્ગ્રન્થનો કાળ જઘન્યથી સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત હોયછે.

**વિશેષાર્થ**–બકુશ પ્રતિસેવાકુશીલ તથા કષાયકુશીલ એ ત્રણનો જઘન્યથી કાળ સમયનો હોય છે. કારણકે એ ત્રણે ચારિત્ર લીધા પછી એક સમયમાં મરણ પામે તેને આશ્રયીને તે જઘન્યકાળ ઘટી શકે છે તથા ઉત્કૃષ્ટથી આ ત્રણે નિર્ગ્રન્થનો કાળ દેશેઉણ પૂર્વક્રોડ વર્ષનો હોય છે. કારણકે ચારિત્રનો ઉત્કૃષ્ટ કાળ તેટલોજ છે. તેમજ નિર્ગ્રન્થને જઘન્યથી એક સમય હોય છે કારણકે જે જીવો અગિઆરમા ગુણઠાણે આવી એક સમયમાં તે ગુણઠાણાથી પડી દેવાદિકમાં જાય તેને લઈને જઘન્ય કાળ ઘટે છે. અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કાળ હોય છે. કારણકે આ અગિઆરમા બારમા ગુણ-ઠાણાનો કાળ પણ અંતર્મુહૂર્ત છે.

**ण्हाओ अंतमुहुत्तं, जहन्नओ इयरओ अ पुव्वाणं
देसूणा कोडी खलु बउसाई हुंति सव्वद्धं ॥९०॥**

स्नातः अन्तर्मुहूर्तं जघन्यतः इतरतश्च पुर्वाणां
देशोना कोटिः खलु बकुशादयः भवन्ति सर्वकालं ॥ ९० ॥

**અર્થ**–સ્નાતક જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશે-ઉણ પૂર્વક્રોડ સુધી હોય, અને બકુશાદિ સર્વકાળ હોય.

**વિશેષાર્થ**-સ્નાતક જઘન્યથી અન્તર્મુહૂર્ત હોય. કારણકે જે અંતગડકેવળી છે તેઓનો એટલોજ કાળ હોય છે. અને ઉત્કૃષ્ટથી દેશોન્યૂન પૂર્વક્રોડ વર્ષ હોય કારણકે કેવળી અવસ્થાનો ઉત્કૃષ્ટ તેટલોજ કાળ હોય છે.

હવે નાના જીવ આશ્રયીને કાળ કહે છે-

બકુશ પ્રતિસેવાકુશીલ કષાયકુશીલ અને સ્નાતક સર્વ કાળ હોય કારણકે મહાવિદેહમાં તે સર્વદા હોય છે.

**निग्गंथा य पुलाया, इक्कं समयं जहन्नओ हुंति**
**उक्कोसेणं पुण ते, अन्तमुहुत्तं चिय हवंति ॥९१॥**

**निर्ग्रन्थाश्च पुलाकाः, एकं समयं जघन्यतः भवन्ति**
**उत्कर्षेण पुनस्ते, अन्तर्मुहूर्तं किल भवन्ति ॥ ९१ ॥**

**અર્થ**-નિર્ગ્રન્થ અને પુલાક જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી નિશ્ચે અન્તર્મુહૂર્ત હોય છે.

**વિશેષાર્થ**-નિર્ગ્રન્થ અને પુલાકને જઘન્યથી એક સમય-કાળ જાણવો. અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત હોય છે. જે એકનો અન્તર્મુહૂર્ત કાળ હોય તેહને સમયે બીજો પુલાકપણું પામે એમ એક સમયે બેનો જઘન્યથી સદ્-ભાવ હોય અને તેથી ઉત્કૃષ્ટથી તે નિર્ગ્રન્થ તથા પુલાક અન્તર્મુહૂર્ત હોય. પણ આમાં વિશેષતા એટલી સમ-જવી કે જે એકની સ્થિતિનું અંતર્મુહૂર્ત હોય તેના કરતાં ઘણાની સ્થિતિનું અંતર્મુહૂર્ત મોટું હોય છે.

## ૩૦—અંતરદ્વાર

અંતર એક અવસ્થા પામ્યા પછી તે અવસ્થાને ફરી પામતાં વચ્ચે જેટલો કાળ રહે તેને અંતર કહે છે.

**હવે પાંચ નિર્ગ્રન્થોમાં અંતર જણાવે છે.**

**अंतोमुहुत्तमेसिं जहन्नओ अन्तरं तु पंचण्हं**
**उक्कोसेण अवड्ढं पुग्गलपरियट्टदेसूणं ॥ ९२ ॥**

**अन्तर्मुहूर्त्तमेषां जघन्यतः अन्तरं तु पञ्चानां**
**उत्कर्षेण अपार्द्धं पुद्गलपरावर्तदेशोनं ॥ ९२ ॥**

**અર્થ**-એ પાંચનું જઘન્ય અંતર અન્તર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી દેશોન્યુન અર્ધપુગદ્‌લપરાવર્ત છે.

**વિશેષાર્થ**-પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ, કષાયકુશીલ અને નિર્ગ્રન્થ એ પાંચેનું જઘન્ય અંતર એક જીવની અપેક્ષાએ અન્તર્મુહૂર્તનું છે. એટલે એક પુલાક પોતાની પુલાક અવસ્થાને છોડીને ફરી તે અવસ્થાને પામે તો જઘન્યથી અન્તર્મુહૂર્તે પામી શકે. તેવીજ રીતે બકુશાદિકને પણ જઘન્યથી તે અવસ્થાને પામતાં અન્તર્મુહૂર્ત લાગે. અને ઉત્કૃષ્ટથી આ પાંચે નિર્ગ્રન્થોને દેશોન્યૂન અર્ધપુદ્‌ગલ પરાવર્ત જેટલું અંતર જાણવું. કારણકે આ પાંચે નિર્ગ્રન્થોમાંથી કોઇ પણ નિર્ગ્રન્થઅવસ્થા સમ્યક્ત્વ વિના તો ન જ હોઈ શકે. અને એક વખત સમ્યક્ત્વ પામેલો જરૂરથી દેશોન્યુન

અર્ધપુદ્ગલપરાવર્તે મોક્ષે જાયજ. અને જ્યારે તે જીવ મોક્ષે જાય ત્યારે વધારેમાં વધારે તેટલા કાળે પોતાની પૂર્વની ફરી નિર્ગ્રન્થ અવસ્થાનો સ્પર્શ કરેજ છે. તેથી ઉત્કૃષ્ટ અન્તર દેશેન્યુન અર્ધપુદ્ગલ પરાવર્ત જાણવું.

**ण्हायस्स अन्तरं नो, समयं तु जहन्नओ पुलायाणं**
**संखिज्जगवासाई उक्कोसगमंतरं तेसिं ॥ ९३ ॥**

**स्नातकस्य अन्तरं नास्ति, समयं तु जघन्यतः पुलाकानां**
**संख्यातकवर्षाणि उत्कृष्टकमन्तरं तेषां ॥ ९३ ॥**

**અર્થ**-સ્નાતકને અંતર નથી. પુલાકને જઘન્યથી સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતાવર્ષનું અંતર હોય.

**વિશેષાર્થ**-સ્નાતકને પોતાનું ચારિત્ર છોડયા પછી તે ચારિત્ર પામવારૂપ અવસ્થા ન હોવાથી અંતર પણ નથી. કારણકે સ્નાતક તો અવશ્ય મોક્ષેજ જાય.

હવે સર્વ જીવની અપેક્ષાએ અંતર કહે છે-એક જીવ પુલાકપણું પામ્યા પછી વચમાં એક સમય ગયા પછી વળી બીજો કોઇ જીવ પુલાકપણું પામે તે અપેક્ષા એ જઘન્યથી પુલાકને એક સમયનું અંતર હોય. અને ઉત્કૃષ્ટથી એક પુલાકપણું પામ્યા પછી બીજો કોઇ ન પામે તેવો વખત વધારેમાં વધારે સંખ્યાતા વર્ષ હોઇ શકે છે, તેથી પુલાકનું ઉત્કૃષ્ટ અંતર સંખ્યાતા વર્ષોનું હોય છે.

**निग्गंथाणं समयं, उक्कोसं, अन्तरं तु छम्मासा ।**
**सेसाणं तु चउण्हं नो चेव य अन्तरं अत्थि ॥९४॥**
**दारं ॥ ३० ॥**

निर्ग्रन्थानां समयं, उत्कृष्टं अन्तरं तु षण्मासाः
शेषाणां तु चतुर्णां, न चैव चान्तरं अस्ति द्वारं ३० ॥९४॥

**અર્થ**-નિર્ગ્રન્થોને જઘન્યથી એક સમયનું અને ઉત્કૃષ્ટથી છ મહિનાનું અંતર હોય છે. અને બાકીના ચાર-જણને બિલકુલ અંતર નથી.

**વિશેષાર્થ**-નિર્ગ્રન્થને જઘન્યથી એક સમયનું અંતર અને ઉત્કૃષ્ટથી છ માસનું અંતર હોય. બાકીના બકુશ પ્રતિસેવાકુશીલ કષાયકુશીલ તથા સ્નાતકને અંતર નથી. કારણકે મહાવિદેહમાં તે નિર્ગ્રન્થોની હંમેશાં સત્તા હોય છે.

# ૩૧ સમુદ્‌ઘાતદ્વાર

**સમુદ્‌ઘાત**-તલ્લીનપણાએ કર્મપ્રદેશોનો પ્રબળતાએ જેમાં ઘાત થાય તેને સમુદ્‌ઘાત કહે છે. આ સમુદ્‌ઘાતમાં આત્માનો પ્રયત્ન અને અધિક કર્મની ઉદીરણા એ મુખ્ય વસ્તુ છે. અને આ સમુદ્‌ઘાત સાત પ્રકારે છે.

**વેદનાસમુદ્‌ઘાત**—અશાતાવેદનીયની વેદનાવડે આકુલ વ્યાકુલ બનેલ જીવ આત્મપ્રદેશોદ્વારા શરીરના પોલાણ ભાગને પુરી પ્રબલઉદીરણાકરણવડે ઉદયમાં લાવી ઘણા કર્મોનો નાશ કરે તેને વેદનાસમુદ્‌ઘાત કહે છે.

**કષાયસમુદ્‌ઘાત**—કષાયવડે આકુળવ્યાકુળ બનેલ જીવ આત્મપ્રદેશોદ્વારા શરીરના પોલાણ ભાગને પુરી પ્રબળ ઉદીરણાવડે કષાયમોહનીયના ઘણા કર્મોનો ઉદયમાં લાવી નાશ કરે તે કષાયસમુદ્‌ઘાત.

**મરણસમુદ્‌ઘાત**-મરણાન્ત સમયે વ્યાકુળ બનેલ જીવ મરણથી અંતર્મુહૂર્ત પહેલાં પોતાના આત્મપ્રદેશોને ઉત્પત્તિસ્થાન સુધી લંબાવી પ્રબલઉદીરણાકરણવડે આયુષ્ય કર્મના ઘણા પુદ્‌ગલોને ઉદયમાં લાવી ક્ષય કરે તે મરણસમુદ્‌ઘાત.

**વૈક્રિયસમુદ્‌ઘાત**—વૈક્રિયલબ્ધિવંત પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢી પૂર્વોપાર્જિત વૈક્રિયનામકર્મના ઘણા પ્રદેશો-ને ઉદીરણાકરણવડે ઉદયમાં લાવી વિનાશ કરવા સાથે રચવા ધારેલ વૈક્રિયશરીર યોગ્ય વૈક્રિયપુદ્‌ગલો ગ્રહણ કરી વૈક્રિયશરીર બનાવે તેને વૈક્રિયસમુદ્‌ઘાત કહે છે.

**તૈજસસમુદ્‌ઘાત**—તૈજસલબ્ધિવંત આત્મા તેજો અથવા શીતલેશ્યા મુકતી વખતે તલ્લીનપણાથી ઉદીરણાદ્વારા ઘણા તૈજસકર્મોને ઉદયમાં લાવી ક્ષય કરે તેને તૈજસ સમુદ્‌ઘાત કહે છે.

**આહારકસમુદ્‌ઘાત**—ચૌદપૂર્વધર મુનિ તીર્થંકરભગવા-નની ઋદ્ધિ જોવામાટે અથવા કોઇ ઉત્પન્ન થયેલ શંકાનો પ્રત્યુત્તર મેળવવામાટે શુભ્ર આહારકશરીર બનાવે છે. અને જે તીર્થંકર ભગવાનની પાસે મોકલી પોતાનો સંશય ટાળે છે. આ આહારકશરીર બનાવતી વખતે પ્રબલતાએ ઉદીરણાકરણવડે ઉદયમાં લાવી ઘણા આહારક પુદ્‌ગલોનો અકાળે ક્ષય કરવામાં આવે તેને આહારકસમુદ્‌ઘાત કહે છે

**કેવલીસમુદ્‌ઘાત**-જે કેવળી ભગવંતોને નામ-ગોત્ર અને વેદનીય એ ત્રણ કર્મની સ્થિતિ આયુષ્ય કરતાં વધારે

હોય તેઓને તે સ્થિતિ આયુષ્યસરખી કરવામાટે આ સમુદ્‌ઘાત કરવાની જરૂર પડે છે. આ સમુદ્‌ઘાતનો કાળ આઠ સમયનો છે ને તેમાં આત્મપ્રદેશોને લોકાકાશ-પ્રમાણ વિસ્તારી આ ત્રણ કર્મના ઘણા પુદ્‌ગલોનો અપવર્તનાદ્વારા પ્રબળપણે ક્ષય કરવામાં આવે છે.

આમાં છ સમુદ્‌ઘાતનો કાળ અન્તર્મુહૂર્ત છે અને કેવળીસમુદ્‌ઘાતનો કાળ આઠ સમયનો છે.

**કયા નિર્ગ્રન્થોને કેટલી સમુદ્‌ઘાત હોય તે કહેછે.**

**वेयणकषायमरणे तिन्नि पुलायस्स हुंति समुग्घाया**
**पंचासेवगबउसे, वेउव्वियतेयगेहिं सह ॥ ९५॥**
**आहारएण सहिया कसाइणो छ न्नियंठए नत्थि**
**केवलियसमुग्घाओ, इक्कोवि य होइ ण्हायस्स**
**॥ दारं ३१ ॥ ९६ ॥**

**वेदनाकषायमरणाः त्रयः पुलाकस्य, भवन्ति समुद्घाताः**
**पञ्च आसेवकबकुशयोः, वैक्रियतैजसाभ्यां सह ॥ ९५ ॥**
**आहारकेन सहिताः कषायिणः षट् निर्ग्रन्थस्य नास्ति**
**कैवलिकसमुद्घातः एकोऽपि च भवति स्नातस्य । द्वारं ३१।९६।**

**અર્થ**–પુલાકને વેદના કષાય અને મરણ એ ત્રણ સમુદ્‌ઘાત હોય છે. પ્રતિસેવ કુશીલ તથા બકુશને વૈક્રિય અને તૈજસ સાથે પાંચ સમુદ્‌ઘાત હોય છે.

તથા કષાયકુશીલને આહારક સાથે છ સમુદ્‌ઘાત હોય છે. નિર્ગ્રન્થને સમુદ્‌ઘાત નથી. તથા સ્નાતકને એક

કેવળી સમુદ્ઘાત હોય છે.

**વિશેષાર્થ**–પુલાકને વેદના કષાય અને મરણ એ ત્રણ સમુદ્ઘાત હોય છે, તેમાં સંજ્વલન કષાયોદયથી કષાયસમુદ્ઘાત હોય. જો કે પુલાકને મરણ નથી તોપણ મરણ સમુદ્ઘાત હોય. કારણકે પુલાક મરણસમુદ્ઘાત કર્યા પછી કુશીલાદિક પામીને મરણ કરે છે તે માટે આ મરણસમુદ્ઘાત પણ ઘટી શકે છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલને પૂર્વોક્ત ત્રણ ઉપરાંત વૈક્રિય અને તૈજસસમુદ્ઘાત મેળવતાં પાંચ સમુદ્ઘાત હોય છે. કષાયકુશીલને પૂર્વોક્ત કહેલ પાંચ ઉપરાંત આહારક વધારતાં છ સમુદ્ઘાત હોય છે. માત્ર એક કેવળી સમુદ્ઘાતજ કષાયકુશીલને ન હોય. સ્નાતકને તેરમે ગુણઠાણે વર્તતાં કેટલાકને આઠ સમયની કેવળી સમુદ્ઘાત એકજ હોય છે

## ૩૨–અવગાહનાદ્વાર

**અવગાહના**–આકાશ પ્રદેશમાં અવગાહીને રહેવું તેને અવગાહના કહે છે. એટલે જીવના પ્રદેશો કેટલા આકાશ પ્રદેશ ઉપર અવગાહીને રહ્યા છે. તે જણાવવું તે અવગાહના.

**કયા કયા નિર્ગ્રન્થને કેટલી અવગાહના હોય તે જણાવે છે.**

**लोगमसंखिज्जइमे भागे पंचण्ह होइ ओगाहो**
**ण्हायस्स असंखिज्जे असंखभागेसु लोए वा**
**॥ ९७ ॥ दारं ३२ ।**

**लोकासंख्येयतमे भागे पञ्चानां भवति अवगाहः**
**स्नातकस्य असंख्येये असंख्येयभागेषु लोके वा ॥९७॥द्वारं ३२॥**

**અર્થ**–પાંચ નિર્ગ્રન્થની લોકના અસંખ્યાતમા ભાગની, સ્નાતકની અસંખ્યાતી અસંખ્યાતાભાગની અને લોકપ્રમાણુ અવગાહના છે.

**વિશેષાર્થ**–અવગાહનાના ૭ પ્રકાર છે. ૧ લોકના અસંખ્યાતમા ભાગની ૨ લોકના સંખ્યાતમા ભાગની ૩ લોકના સંખ્યાતા ભાગની ૪ લોકના અસંખ્યાતા ભાગની ૫ અને સર્વલોકપ્રમાણ. પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ, કષાયકુશીલ, અને નિર્ગ્રન્થ એ પાંચની લોકાકાશના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના છે. પણ લોકના સંખ્યાતમાભાગની સંખ્યાતાભાગની અસંખ્યાતાભાગની કે સર્વલોક પ્રમાણ અવગાહના નથી હોતી. સ્નાતકની ત્રણ પ્રકારની અવગાહના છે લોકના અસંખ્યાતમા ભાગની અસંખ્યાતાભાગની અને સર્વલોક પ્રમાણ અવગાહના છે. જ્યારે સ્વાભાવિક શરીરસ્થ હોય ત્યારે લોકના અસંખ્યાતમા ભાગની, દંડાદિક કરે ત્યારે લોકના અસંખ્યાતાભાગની અને જ્યારે કેવળીસમુદ્ઘાત વખતે લોક પુરે ત્યારે સર્વલોકપ્રમાણ અવગાહના હોય. કારણકે જીવના પ્રદેશો લોકાકાશપ્રદેશપ્રમાણ છે તેથી અવગાહના સર્વલોક પ્રમાણ ઘટી શકે છે.

## ૩૩–સ્પર્શનાદ્વાર

**સ્પર્શના**—આકાશ પ્રદેશોનો સ્પર્શ થવો તેને સ્પર્શના કહે છે. અવગાહના અને સ્પર્શનામાં એટલો વિશેષ છે કે માત્ર અવગાહેલુ આકાશ તે અવગાહના કહેવાય છે. અને સ્પર્શનામાં અવગાહેલા અને ન અવગાહેલા આકાશ પ્રદેશનો સ્પર્શ તેને સ્પર્શના કહેવામાં આવે છે. અર્થાત્ જે દ્રવ્ય જેટલા આકાશપ્રદેશમાં રહેલું હોય તે ક્ષેત્ર કહેવાય છે. અને તે ક્ષેત્ર તથા તેની છ એ દિશાએ એક એક આકાશપ્રદેશના પ્રતરની સ્પર્શના થાય તેને સ્પર્શના કહે છે. માટે ક્ષેત્રથકી સ્પર્શના એ રીતે ભિન્ન છે.

**एवं चेव य फुसणा चउरो भावे खओवसमयम्मि**
**ण्हाओ खाइयभावे,उवसामि खइयम्मि वि नियंठो**
**॥ ९८ ॥ दारं ३४ ॥**

**एवं चैव स्पर्शना(द्वारं ३३)चत्वारः भावे क्षायोपशमिके स्नातः क्षायिकभावे, औपशमिके क्षायिकेऽपि निर्ग्रन्थः ॥९८॥द्वारं३४**

**અર્થ**–એજપ્રમાણે સ્પર્શના જાણવી. પ્રથમના ચાર નિર્ગ્રન્થ ક્ષાયોપશમભાવે, સ્નાતક ક્ષાયિકભાવે અને નિર્ગ્રન્થ ઉપશમ અથવા ક્ષાયિકભાવમાં હોય.

## ૩૪-ભાવદ્વાર

**ભાવ**-ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયીક, અને પારિણામિક આ પાંચ ભાવ છે.

ઔપશમિક-કર્મના ઉપશમદ્વારા થનારા જીવને સ્વભાવને ઔપશમિક કહે છે.

ક્ષાયિક-કર્મના ક્ષયદ્વારા થનારા જીવના સ્વભાવને ક્ષાયિકભાવ કહે છે.

ક્ષાયોપશમિક-ઉદયમાં આવનારા કર્મના પુદ્ગલોના ક્ષયથી અને અનુદિત પુદ્ગલોના ઉપશમથી થનારા જીવના સ્વભાવને ક્ષાયોપશમિક કહે છે.

ઔદયિક-કર્મના ઉદયથી થનારા જીવના સ્વભાવ તેને ઔદયિકભાવ કહે છે.

પરિણામ-જીવનો ભવ્યત્વાદિક પરિણામ તે પારિણામિક ભાવ છે.

પુલાક, બકુશ, પ્રતિસેવાકુશીલ તથા કષાયકુશીલ એ ચાર નિર્ગ્રન્થ ક્ષયોપશમભાવે હોય છે. સ્નાતક ક્ષાયિકભાવે ચારિત્રમાં હોય. તથા નિર્ગ્રન્થના ઉપશામક અને ક્ષાયિક એ બે ભેદ છે. તેમાં ઉપશામકનિર્ગ્રન્થ ઉપશમભાવે હોય અને ક્ષપકનિર્ગ્રન્થ ક્ષાયિક ભાવે હોય.

# ૩૫-પરિમાણદ્વાર

પરિમાણ-સંખ્યા ગણત્રી ગણના વિગેરે અને તે સંખ્યા ચારિત્રોને પામનાર અને ચારિત્રને પામેલાને આશ્રયીને બે પ્રકારે હોય છે.

**કયા નિર્ગ્રન્થોમાં કેટલા લાભી શકે તે જણાવે છે**

**पडिवज्जंत पुलाया इक्काइ जाव सयपुहुत्तं ति**
**पडिवन्ना जइ हुंति, सहस्सपुहुत्तंत एगाइ ॥९९॥**

**प्रतिपद्यन्त पुलाकाः एकादयः यावत् शतपृथक्त्वं इति**
**प्रतिपन्ना यदि भवन्ति, सहस्रपृथक्त्वं एकादयः॥९९॥**

**અર્થ**-પ્રતિપદ્યમાન પુલાકનિર્ગ્રન્થો એકથી માંડીને શતપૃથક્ત્વ હોય. અને પ્રતિપન્ન એકથી માંડીને સહસ્ર પૃથક્ત્વ હોય.

**વિશેષાર્થ**—પુલાક બકુશ કુશીલ નિર્ગ્રન્થ અને સ્નાતક એ પાંચ નિર્ગ્રન્થો છે તેમાં પ્રતિપદ્યમાન અને પ્રતિપન્નપુલાક કોઇકવાર સંદતર ન પણ હોય અને કોઇકવાર હોય પણ ખરા. અને જ્યારે હોય ત્યારે પ્રતિપદ્યમાન પુલાકનિર્ગ્રન્થ એકસમયે ઓછામાં ઓછા એક હોય અને તે પ્રતિપદ્યમાન પુલાક નિર્ગ્રન્થ ઉત્કૃષ્ટથી એકસમયે શતપૃથક્ત્વ હોય, પ્રતિપન્નપુલાકનિર્ગ્રન્થપણામાં વર્તતા જઘન્યથી એક અને

ઉત્કૃષ્ટથી પ્રતિપન્નપુલાક સહસ્રપૃથક્ત્વ હોય છે,

**सेविबउसा पवज्जंतगा य, इक्काइ जा सयपुहुत्तं**
**पडिवन्नगा जहन्नग, इयर कोडीसयपुहुत्तं॥१००॥**

बकुशासेविनः प्रतिपद्यमानाश्च एकादयः यावत् शतपृथक्त्वं
प्रतिपन्नका जघन्यतः इतरे कोटिशतपृथक्त्वं ॥ १०० ॥

**અર્થ**-પ્રતિસેવનાકુશીલ તથા બકુશપણાને પામનારા નિર્ગ્રન્થ એકથી માંડીને યાવત્ શતપૃથક્ત્વ હોય. અને પ્રતિપન્ન જઘન્ય અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વકોટિ હોય.

**વિશેષાર્થ**-પ્રતિપદ્યમાન બકુશનિર્ગ્રન્થ તથા પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ જઘન્યથી એક સમયે એક અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ હોય. પ્રતિપન્ન બકુશનિર્ગ્રન્થ તથા પ્રતિસેવનાકુશીલ જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી કોટિશત પૃથક્ત્વ હોય.

**सकसाया इक्काइ, सहस्सपुहुत्तं सिया पवज्जंता**
**कोडीसहस्सपुहुत्तं, उक्कोस जहन्नग पवन्ना।१०१।**

सकषायाः एकादयः सहस्रपृथक्त्वं, स्यात् प्रतिपद्यमानाः
कोटीसहस्रपृथक्त्वम् उत्कृष्टजघन्यकप्रपन्नाः ॥ १०१ ॥

**અર્થ**-કષાયકુશીલ પ્રતિપદ્યમાન એકથી માંડી સહસ્રપૃથક્ત્વ હોય. તથા પૂર્વપ્રતિપન્ન ઉત્કૃષ્ટ અને જઘન્યપણે હજાર કોટિપૃથક્ત્વ હોય.

**વિશેષાર્થ**-પ્રતિપદ્યમાન કષાયકુશીલનિર્ગ્રન્થ જઘન્ય એક

સમયે એક અને ઉત્કૃષ્ટ સહસ્રપૃથક્ત્વ હોય. પ્રતિપન્ન ઉત્કૃષ્ટ અને જઘન્ય સહસ્રકોટિપૃથક્ત્વ હોય.

**पडिवज्जंतनियंठा इक्काइ जा सयं तु बासट्ठं**
**अट्ठसयं खवगाणं, उवसमगाणं तु चउवन्ना१०२**

**प्रतिपद्यमाननिर्ग्रन्थाः एकादयः यावत् शतं तु द्वाषष्टि**
**अष्टशतं क्षपकानां, उपशामकानां चतुष्पञ्चाशत् ॥१०३॥**

**અર્થ**–પ્રતિપદ્યમાનનિર્ગ્રન્થ એકથી માંડીને એકસો બાસઠ હોય, તેમાં ક્ષપક એકથી એકસો આઠ અને ઉપશામક એકથી માંડીને ચોપન હોય.

**વિશેષાર્થ**–પ્રતિપદ્યમાન નિર્ગ્રન્થ અને પ્રતિપન્નનિર્ગ્રન્થ કોઇકવાર હોય પણ ખરા અને કોઈકવાર ન પણ હોય. અને જ્યારે હોય ત્યારે પ્રતિપદ્યમાન નિર્ગ્રન્થ જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી ૧૬૨ હોય. કારણકે ક્ષપકશ્રેણીએ એકી-સાથે ઉત્કૃષ્ટ એકસો આઠ ચડે અને ઉપશમશ્રેણીએ એકીસાથે ચોપન ચડે તેથી બન્ને મળીને ૧૬૨ હોય.

**पुव्वपवन्ना जइ ते, इक्काई हुंति जा सयपुहुत्तं**
**ण्हाया उ पवज्जंता, अट्ठसयं जाव समयम्मि१०३**
**पुव्वपवन्नसिणाया कोडिपुहुत्ते जहन्नया हुंति**
**उक्कोस चेवं चिय, परिमाणमिमेसि एवं तु**
**दारं ३५ ॥१०४॥**

पुर्वप्रपन्ना यदि ते एकादयः यावत् शतपृथक्त्वम् ।
स्नातास्तु प्रपद्यमानाः, अष्टशतं यावत् समये ॥ १०३ ॥
पूर्वप्रतिपन्नस्नातकाः कोटिपृथक्त्वं जघन्यतः भवन्ति
उत्कृष्टाश्च एवं किल, परिमाणमेतेषां एवं तु द्वारं ३५॥१०४॥

**અર્થ**—પૂર્વપ્રતિપન્ન નિર્ગ્રન્થ હોય તો એકથી માંડીને યાવત્ શતપૃથકત્વ હોય, પ્રતિપદ્યમાન સ્નાતક એક સમયમાં એકથી માંડીને એકસો આઠ હોય. પૂર્વ-પ્રતિપન્નસ્નાતક જઘન્યથી કોટિપૃથકત્વ હોય. અને ઉત્કૃષ્ટપણે પણ એમનુ એટલુંજ પરિમાણ હોય છે.

**વિશેષાર્થ**—હવે જે પ્રતિપન્ન નિર્ગ્રન્થ છે તે પણ જ્યારે હોય ત્યારે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી શતપૃથકત્વ હોય છે. પ્રતિપદ્યમાન સ્નાતક હોય પણ ખરા અને ન પણ હોય અને જ્યારે હોય ત્યારે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી એકસો આઠ હોય. પ્રતિપન્ન સ્નાતક જરૂર હોયજ અને તે જઘન્યથી કોટિપૃથકત્વ હોય અને ઉત્કૃષ્ટથી પણ કોટિપૃથકત્વ હોય છે.

## ૩૬–અલ્પબહુત્વ

**અલ્પબહુત્વ**—જે વસ્તુમાં પરસ્પર ઓછાવત્તાપણાનો વિચાર કરવો તેને અલ્પબહુત્વ કહે છે.

**પાંચ નિર્ગ્રન્થમાં અલ્પબહુત્વ ઘટાવે છે.**

**निग्गंथपुलयण्हाया, बउसा-पडिसेवगा-कसाइल्ला**
**थोवा संखिज्जगुणा, जहुत्तरं ते विणिद्दिट्ठा**
**दारं ३६ ॥ १०५ ॥**

**निर्ग्रन्थपुलाकस्नाताः, बकुशाः प्रतिसेवकाः कषायिणः**
**स्तोकाः संख्यातगुणाः, यथोत्तरं ते विनिर्दिष्टाः द्वारं ३६॥१०५॥**

**અર્થ**-નિર્ગ્રંથ, પુલાક, સ્નાતક, બકુશ, પ્રતિસેવાકુશીલ, અને કષાયકુશીલ, તેમાં અનુક્રમે પ્રથમના થોડા હોય અને ત્યાર પછીના યથોત્તર સંખ્યાતગુણા કહ્યા છે.

**વિશેષાર્થ**-પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતકનું પરસ્પર અલ્પબહુત્વ જણાવે છે. નિર્ગ્રન્થ સૌથી થોડા છે. કારણકે વધારેમાં વધારે પણ તે પ્રતિપદ્યમાન એકસો આઠજ છે. તેથી પુલાક સંખ્યાતગુણા છે. કારણકે તે સહસ્રપૃથક્ત્વ જેટલા છે તેથી સ્નાતક સંખ્યાતગુણા છે. કારણકે તે કોટિપૃથક્ત્વ છે. તેથી બકુશ સંખ્યાતગુણા ને તેથી પ્રતિસેવનાકુશીલ સંખ્યાતગુણા હોય. જો કે આગળ બકુશ અને પ્રતિસેવનાને કોટિશતપૃથક્ત્વ કહેલ છે પણ તે બન્નેમાં પરસ્પર પણ સંખ્યાતગુણાનો ફેરફાર છે. તે બન્નેથી કષાયકુશીલ સંખ્યાતગુણા હોય કારણકે તે સહસ્રકોટિપૃથક્ત્વ હોય છે.

**ઉપસંહાર—**

**भगवइपणवीससयस्स, छट्ठ उद्देसगस्स संगहणी**
**एसा उ नियंठाणं, रइया भावत्थसरणत्थं ॥१०६॥**

भगवतीपञ्चविंशतितमशतस्य षष्ठोद्देशकस्य संग्रहणी
एषा तु निर्ग्रन्थानां रचिता भावार्थस्मरणार्थं ॥१०६॥

**અર્થ**-ભગવતી સૂત્રના પચીસમા શતકના છઠ્ઠા ઉદ્દેશાના સંગ્રહરૂપ નિર્ગ્રન્થોના ભાવાર્થના સ્મરણ માટે આ નિર્ગ્રન્થી રચી છે.

**વિશેષાર્થ**-ભગવતીજીના પચીસમા શતકનાં છઠ્ઠા ઉદ્દેશામાં નિર્ગ્રન્થ સબંધી અધિકાર છે. તે અધિકારને ગાથાઓ-દ્વારા યાદ રહી શકે તેટલા માટે ગ્રંથકાર અભયદેવ-સૂરિ મહારાજે આ નિર્ગ્રંથી બનાવી છે.

